કોણ ગુનેહગાર



ગુણવંતરાય આચાર્ય

કોણ ગુનેગાર ?

: લેખક :

ગુણવંતરાય આચાર્ય

: પ્રકાશક :

નવયુગ પુસ્તકભંડાર : રાજકોટ :

: પ્રકાશક :
સૌ. વિજયાબહેન દોશી
નવયુગ પુસ્તક ભંડાર
રાજકોટ : કાઠીઆવાડ

[illegible] સંગ્રહ

વર્ષ ૭મું : : પુષ્પ : ૩૭ : મું પુસ્તક ૨જું :

એપ્રીલ, ૧૯૩૯

કીંમત

કાચું પૂંઠું	પાકું પૂંઠું
૦—૧૨—૦	૧—૦—૦

મુદ્રક : નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ
માલીક: મણીલાલ છગનલાલ શાહ
નોવેલ્ટી સીનેમા પાસે : ઘીકાંટા
અ મ દા વા દ

નવયુગ ગ્રંથમાળા : વર્ષ ૪થું, ૫મું, ૬ઠ્ઠું,

—: પ્રકાશનો :—

નવયુગ ગ્રંથમાળા : વર્ષ ૪થું :	કાચું પૂંઠું :	: પાકું પૂંઠું
૧ ઇરાન : [મ. ઈ. દવે]	૦—૮	૦–૧૨
૨ સ્વરાજ્ય અને સંરક્ષણ [મ. ઈ. દવે]	૦—૮	૦–૧૨
૩ એડોલ્ફ હીટલર [લક્ષ્મીદાસ દાણી]	૦—૮	૦–૧૨
૪ સંધ્યાના રંગ [બાબુરાવ જોશી]	૧—૦	૧—૪
૫ સૌરભ [પુરુષોત્તમ ચૌહાણ]	૦—૮	૦–૧૨
૬ યુગાંતર [શીવશંકર શુકલ]	૦–૧૨	૧—૦
નવયુગ ગ્રંથમાળા વર્ષ ૫મું :		
૧ કોરી કિતાબ : [ગુણવંતરાય આચાર્ય]	૧—૦	૧—૪
૨ પૂર્વજોના પાપે: [ગુણવંતરાય આચાર્ય]	૧—૪	૧—૮
૩ અફઘાનિસ્તાન: [મ. ઈ. દવે]	૦—૮	૦–૧૨
૫ બે ક્રાન્તિકાર [ધનવંત ઓઝા અને મ. ઈ. દવે]	૦–૧૨	૧—૦
૬ ખિલખિલાટ [ઐયુબખાન ખલિલ]	૧—૦	૧—૪
નવયુગ ગ્રંથમાળા વર્ષ ૬ ઠ્ઠું :		
૧ ગ્રામવિચારણા [હરભાઇ ત્રિવેદી]	૦—૬	૦—૮
૨ જીવનચક્ર ['ધૂમકેતુ']	૧—૦	૧—૪
૩ વિભંગ કલા [દુર્ગેશ શુકલ]	૧—૪	૧—૮
૪ લગ્ન ધર્મ કે કરાર ? [સ્વ. ભોગીન્દ્રરાવ દિવેટીઆ]	૧—૪	૧—૮
૫ દસમી [પ્રકાશમ્]	૦—૮	૦–૧૨

—: લખો :—

નવયુગ પુસ્તક ભંડાર: રાજકોટ: [કાઠિયાવાડ]

વૈજ્ઞાનિક દૃષ્ટિ—નવા વિચાર—નવી ભાવના—હળવા હૃદયથી રજુ કરતું સાહિત્ય :

ડિટેકટીવ પુસ્તકો જરૂર વાંચો—

સળગતી ખોપરી :	'બાજીગર'	૨—૦—૦
સેતાની લાલસા :	પ્રાણલાલ મહેતા	૨—૦—૦
લોખંડી પંજો :	'બાજીગર'	૨—૦—૦
લોહીની તરસ :	બાબુરાવ જોશી	૨—૦—૦
જાલીમ જમદૂત	'બિરાદર'	૨—૦—૦

[પાકું પૂંઠું અને સચિત્ર પુસ્તકો: રૂા. ૧૦)નો આખો સેટ ઘેર બેઠાં રૂા. ૫)માં મોકલવામાં આવે છે.]

જાલિમોની જમાત	'બિરાદર'	૧—૦—૦
તોફાની તરુણ	'બિરાદર'	૧—૦—૦
ન્યાયનું ચક્કર	બાબુરાવ જોશી	૧—૦—૦
મોતની મૂર્તિ	ગીરિશ રાવળ	૧—૦—૦
ભેદી ભૂતાવળ	'બિરાદર'	૧—૦—૦
સફેદ મહેલ	'નારાયણ'	૧—૦—૦

[કાચા પૂંઠાનાં ૭ પુસ્તકોનો સેટ માત્ર રૂા. ૩—૦—૦માં ઘેર બેઠાં મોકલવામાં આવે છે.]

: લખો :

નવયુગ પુસ્તક ભંડાર: રાજકોટ [કાઠીઆવાડ]

કોણ ગુનેગાર?

પ્રભુરામ માસ્તર નિશાળેથી સાંજના પાંચ વાગે ઘેર આવ્યા. પોતાના પાઘડી, કોટ, ખેસ વગેરે કાઢીને એમણે ખીંટી ઉપર ભરાવ્યાં; અને પછી એ હીંચકા ઉપર હીંચકવા બેઠા.

માસ્તરનો નિત્યનિયમ તો હતો શાળાએથી આવીને નીચે પરસાળમાં બેસવાનો. માસ્તર હીંચકે બેસે; એમનાં આધેડ ઉંમરનાં પત્ની ઊંબર ઉપર બેસે; પુત્રી ચાહ મૂકે. માસ્તર પત્ની સાથે કંઇ કંઇ વાતો કરે. ચાહ આવે તે પી લ્યે. સોપારી ખાય. તે દરમિયાન એમનો પુત્ર પણ શાળાએથી આવે. પુત્ર પોતાને માટે ગરમ રાખી મૂકેલી ચાહ પરસાળમાં લાવીને પીએ. માસ્તર પુત્રના અભ્યાસ બાબત, તે દિવસે થયેલાં અધ્યયન બાબત, વળતા દિવસ માટે કરવાના સ્વાધ્યાય બાબત પુત્રને સવાલો પૂછે. માસ્તરનો નિત્યનો આ કાર્યક્રમ હતો. પરંતુ આજે તો માસ્તર આવ્યા એવા જ સીધા મેડી ઉપર ચડી ગયા.

વીસ વીસ વરસથી એક રાગથી પાળવામાં આવેલા નિયમનો આજે થયેલો ભંગ પત્નીને તાજુબી ભર્યો લાગ્યો. ઘરની ડેલીમાં દાખલ થતાં વેંત જ પુત્રીને ખુલ્લે સાદે બોલાવનારનું આજનું મૌન ગૃહપત્નીને ન સમજાયું. ગૃહપત્નીને શારીરિક અસ્વસ્થતાની શંકા આવી. પુત્રીને ચાહ બનાવવાનું ફરમાવી એ મેડી ઉપર ચડી.

માસ્તર હીંચકે શૂન્ય મુખે હીંચકતા હતા. એના બુઝુર્ગ ચહેરા ઉપર આજે પત્નીને રોજ કરતાં વધારે ઊંડી કરચલીઓ દેખાઇ. પત્નીએ પૂછયું: 'આજે સીધા જ ઉપર કેમ આવતા રહ્યા. નીચે મુદ્દલ રોકાયા જ નહિ! આજ ચાહ ઉપર લાવવી છે?'

'હા.' માસ્તરના જવાબમાં કશો જ ઉત્સાહ નહોતો.

પત્નીના વદન ઉપર ચિન્તા ઘેરાઇ: 'કેમ, આજે ઉદાસ જેવા કેમ છો? માથું દુ:ખે છે? થાક લાગ્યો છે?'

એક ક્ષણ માસ્તરના હોઠ સહેજ કંપ્યા; એક ક્ષણ પ્રભુરામનો ચહેરો અતિ જીર્ણ બની ગયો; જરા ભારે અવાજે એમણે કહ્યું: 'મને કશું નથી.'

માસ્તરના શબ્દો સાચાં નહોતાં એમ એનો ચહેરો ને એમની આંખો કહેતાં હતાં. પત્નીને માસ્તરના જવાબથી સંતોષ ન થયો; 'આજ કંઇક પણ છે ખરું. શું છે, એ મને કહો.'

પ્રભુરામ પોતાની બીજી વારની મમતાળુ પત્ની સામે જોઇ રહ્યા. એનાં હવે તો પાકી ગયેલા પ્રૌઢ વદન ઉપર એણે ગૃહસ્થાઇનો સંતોષ જોયો. એ ભણેલી નહોતી; પરંતુ ઘરરખ્ખુ હતી, મમતાળુ હતી, ઘરમાં કોઇ જરા પણ અસ્વસ્થ હોય તો બહાવરી જેવી બની જતી. માસ્તર આત્મગત્ વિચારવા લાગ્યા: 'એને એક વાર તો કહેવું જ પડશે ને? એનો સહકાર તો મેળવવો જ જોઇશે ને? માસ્તરનો ઇરાદો બધાં જંપે પછી મોડી રાતે એને કહેવાનો હતો. પરંતુ એ દરમિયાન પત્ની કદાચ બીજે સ્થળેથી કાંઇક સાંભળે તો? અને વહેલાં મોડું પણ એને માહિતગાર કર્યા સિવાય તો ચાલે તેમ નથી ને?'

દીર્ઘ નિ:શ્વાસ મૂકીને માસ્તરે કહ્યું: 'આજે મને શાળામાંથી રજા મળી.'

પગ તળેથી ધરતી એકાએક સરકી જતી હોય, એમ પત્ની ચમકી. રજા! શાળામાંથી! તેત્રીસ વર્ષની તનતોડ નોકરી પછી!

'રજા મળી? શાળામાંથી? તમને?' પત્નીનો ચહેરો ઉજ્જડ જેવો બન્યો. એનો કંઠ સુકાઇ ગયો.

રજા! તેત્રીસ વર્ષ નોકરી કર્યા પછી! જેની સેવામાં રાત નથી જોઇ ને તહેવાર નથી જોયા, જેના પ્રત્યેની વફાદારીમાં બહારની દુનિયામાં એક અરજી સરખીની યે નજર નહોતી નાંખી, જેના સાથેના સંબંધમાં તન્મયતા ને મમત્વ આવ્યાં હતાં, એ શાળામાંથી રજા! સાઠ બાસઠ વર્ષની ઉમ્મરે હવે કોને આંગણે જઇને ઊભવું?

હૃદયમાં તો ખૂબ મંથન હતું; અચાનક પ્રગટેલી વેદનાની કંપારી હતી; પરંતુ હોઠે તો માત્ર શુષ્ક પ્રશ્ન જ આવ્યો: 'શા માટે રજા મળી તમને? તમે શું કર્યું હતું?'

'હું હવે વૃદ્ધ થયો છું ને? શાળાના વહીવટદારોને મન હવે હું અશકત છું ને શાળાના નાણુંપ્રકરણ ઉપર કેવળ ભાર રૂપ જ છું, એટલે મને રજા મળી. એટલે કે મને રજા જ મળી ગણાય એ રીતે હું છૂટો થયો,–મારે થવું પડ્યું.'

'પણ તેત્રીસ ચોત્રીસ વર્ષની તમારી નોકરી. જેને માટે તમે આખી જુવાની ગાળી, હાડ ગાળ્યાં, એ આ અવસ્થાએ તમને જાકારો દે? એને એમ ન કહેવાય કે મારી જિંદગીના મોંઘામાં મોંઘા વરસો તમારે ત્યાં મેં વિતાવ્યાં છે, હવે મારી છેવટની અવસ્થા સાચવી લ્યો. સરકાર પણ ત્રીસ વરસની નોકરી પછી પેન્શન તો દે છે ને?'

'સરકાર દે છે!? આ તો કહેવાય કેળવણીની સંસ્થા, પણ બધો વહીવટ ને વિચાર તો વેપારી જ ગણતરીએ. એમને તો એક શિક્ષક ઓછો એટલે એટલી માસિક બચત થઈ.'

શાળાનું આ લક્ષણ પત્નીને આજ દિવસ સુધી સૂઝયું જ ન હોય એમ આ ખુલાસો સાંભળીને એના ચહેરા ઉપર મૂંઝવણ, વ્યથા, અને સંતાપ જાગ્યા.

'ત્યારે હવે ?' પત્નીએ ચિન્તાતુર અવાજે પ્રશ્ન પૂછ્યો. માસ્તરને પગાર જેમ ઓછો ન કહેવાય એમ વધારે પણ ન ગણાય એટલો હતો. અને સંસારવ્યવહારનાં ખર્ચો કાંઈ થોડાં જ પગારના ગજથી મપાય છે ? બે પુત્રીઓ પરણાવેલી; આછાપાતળા, લાંબાટૂંકા મંદવાડો ગયેલા; ને હજાર જાતના અનેક ધાર્યા અણધાર્યા સાદો અવારનવાર ક્યાંક ક્યાંકથી પડતા. એ બધાને કારણે માસ્તર પાસે કોઈ ખાસ સંગીન બચત ન હતી. જુવાનીમાં વીમો લેવાનો ઈરાદો કરેલો, પરંતુ વીમાના હફતા ભરવાનાં નાણાં કોઈને કોઈ બીજા કામમાં વપરાઈ જતાં ને એમ હરવખતે 'આવતા વરસ' ઉપર રહેલી એ યોજના અપૂરાયેલી જ રહી હતી. પત્નીના અંતરમાં આ બધી યે વાત અત્યારે વલોવાતી હતી. ને દહીં વલોવવાથી જેમ નવનીત નીકળે, એમ એ આત્મમંથનના નવનીત રૂપ પત્નીએ બીજી વાર સવાલ પૂછ્યો: 'હવે શું થશે ? કાંઈક રસ્તો તો વિચારવો જ રહેશે ને ? છોકરાનો અભ્યાસ છોડાવી દઈને એને વહેલામાં વહેલી તકે ક્યાંક જોડી દેવો જોઈશે એટલે કાંઈક રાહત મળશે.'

પત્નીએ નિશ્વાસ મૂક્યો. અઢાર ઓગણીસ વર્ષના પુત્રનો અભ્યાસ છોડવવાનું દુઃખ તો પત્નીને બહુ નહોતું; પરંતુ હવે ખેંચ રહેવાની: ખૂબ કરકસર કરવાની: એ ખ્યાલ એને દુઃખ કરતો હતો. તેત્રીસ તેત્રીસ વર્ષ સુધી જાળવેલું જીવનનું ધોરણ, કેવળ અવસ્થાને કારણે નીચું ઉતારવાની આવી જવાબદારી એને સહી શકવી મુશ્કીલ લાગી.

અને છતાં યે એ કરવું તો પાડવાનું જ હતું, બીજો શો માર્ગ હતો ?

'પરસોતમ આ વરસે મેટ્રીક થઈ જાત, પણ બીજો ઉપાય શો?'

'હાસ્તો. પણ શું થાય? એની ફીનાં ખર્ચ હવે શી રીતે વહી શકાય? બાકી મારો વિચાર તો એને ખૂબ આગળ વધારવાનો હતો, પણ માણસ ધારે છે કાંઇ ને કિસ્મત બતાવે છે કંઈ.'

'ને આમ પણ હવે મેટ્રીકની કીંમત પણ ક્યાં છે?' પત્નીએ પતિના હૃદયની આશાભંગનું દર્દ પારખી એનું મન બીજે રસ્તે વાળી લેવાની નેમથી કહ્યું: 'હવે બી. એ. ને એમ. એ. થયેલાઓ પણ રખડે છે. ભણ્યા પછી પણ છે તો કમાવાનું જ ને. એટલે પછી વરસો ભાંગવા કરતાં, જેમ વહેલાં ધંધે લાગે એમ સારું.'

'હાસ્તો, ને એને અભ્યાસ કરવો જ હોય તો નવરાશની વેળાએ સ્વાધ્યાય ક્યાં નથી થતો?'

પત્નીને એમાં બહુ ગમ નહોતી ને રસ પણ ન હતો. વધારે કમાઈ શકવાની લાયકાત સિવાય ભણતરમાં કાંઇ વિશેષ હોવાનું એ જાણતી નહોતી, ને કોઈએ એને જણાવ્યું હોય એવુંય એને યાદ ન હતું.

પુત્રી ઉપર ચાહ લાવી. માસ્તરે પીવા માંડ્યો; પી લીધો. હવે મનોવેદનાના જખમ ઠરવા લાગ્યા હતા. વેદનાની ગરમી હવે બૂઝાઈ ગઈ હતી. ને વેદનાના હીમે માસ્તરનાં મગજ ને હૃદય બન્નેને જકડવા માંડ્યાં હતાં.

બીજું બધું તો જે થાય એ ખરું, પરંતુ પરસોતમનો અભ્યાસ છોડાવી દેવો, એને કામધંધે ચડાવી દેવો, એને રળતો બનાવી દેવો, એટલું તો માસ્તરે મનમાં નક્કી કરી લીધું.

એ નિર્ણય સહજ ન હતો. કેટકેટલાં સ્વપ્નાં ભાંગતાં હતા એ કુઠારાઘાત નીચે! કેટકેટલી પુત્રૈષણાઓ, મનોકામનાઓ ચૂરા થતી હતી એ આશાભંગે!

માસ્તર કપાળે હાથ દઈને સામી દીવાલ સામે તાકી રહ્યા. છાતીમાં ડૂમો આવતો હોય, એવો એક દીર્ઘ નિશ્વાસ એમના મુખમાંથી નીકળ્યો.

ને એ જોરદાર નિશ્વાસથી ઓરડાની દીવાલો પણ જાણે કંપી ઊઠી.

[૨]

'બેટા!' બેએક દિવસનું અંતર નાખીને પ્રભુરામ માસ્તરે પોતાના પુત્ર પરસોતમને પોતાની પાસે બોલાવીને કહ્યું : 'હવે તારે અભ્યાસ મૂકી દેવો પડશે.'

પરસોતમ અઢાર વર્ષનો હતો. કોઇ કળીમાંથી ફૂલ ઉઘડતું હોય, પરંતુ ઉઘડી રહ્યું ના હોય-એમ કૌમાર્યમાંથી એનામાં નવયુવાની ઉઘડતી હતી. આવતી યુવાનીના ઉછાળા એની આંખમાં દેખાતા હતા. ઉગતી આકાંક્ષાઓના પડઘા એનાં કાનમાં ગૂંજતા હતા. સામે આવતા વિઘ્નો કબજે કરવાનો તનમનાટ એના લોહીમાં કૂદતો હતો.

સોહામણો નહિ, પરંતુ જોવાને ગમે એવા રૂપરંગવાળો એનો ચહેરો હતો. ઘણો ઊંચો નહિ એવો એનો બાંધો હતો. ઘણી ચળકતી નહિ એવી એની આંખો હતી. એ કોઇ અસાધારણ શક્તિઓવાળો, અસામાન્ય બુદ્ધિવાળો ન હતો; એની આંખો સર્વકાળ મમતા માગતી હતી. એનું હૃદય આપ્તજનોની અભિરુચિ વાંછતું. એના હાથ કામ માગતા. પગો ગતિ માગતા.

'એ તો કાકા, જ્યારથી મેં તમારી નોકરી છોડ્યાની વાત જાણી, ત્યારથી જ કલ્પી રાખ્યું હતું.'

માસ્તરને એ જવાબનો સૂર ગમ્યો—ન ગમ્યો; એક ક્ષણ એને પરસોતમની આજ્ઞાકિતતા, સમયસૂચકતા, અને અનિવાર્ય પરિસ્થિતિને અનુકૂળ થવાની બુદ્ધિ રૂચ્યાં; બીજી ક્ષણે પોતાના આ એકના એક અભ્યાસ છોડી દેવાની દરખાસ્ત તરફ આટલી ઋજુતામાં, એની બાલ્યવયમાં પોતે સેવેલાં સ્વપ્નાંઓનો દ્રોહ લાગ્યો.

દરિયાપાર કોઇ જંગી જહાજ જાય છે, એના તૂતક ઉપર પરસોતમ ઊભો ઊભો હિન્દના સરતા કાંઠાને જોઈ રહે છે. વિલાયતની દુનિયા પરસોતમના પગ આગળ દડાની જેમ પડે છે. પરસોતમ સીવીલિયન થઇને પાછો આવે છે—કે પછી કોઈ મોટો દાકતર થાય છે—શું થાય છે એ વિલાયત જઈને, એ વિષે માસ્તર બહુ ચોક્કસ ન્હોતા. કાંઇક પણ એ થાય છે—અને જે થાય છે એમાં ઘણી જ પ્રતિષ્ઠા, ઘણીજ કમાણી અને ઘણીજ મોટપ રહેલી છે, એ વિષે તો એ મુકરર હતા. પરસોતમના જવાબથી પોતાનું આ પોતાની નોકરી જેટલું જ જૂનું અને પચી ગયેલું દીવાસ્વપ્ન ફરીને ભાંગતું હોય એવી માસ્તરના દિલમાં પીડા થઈ. એનું હૃદય ભરાઇ આવ્યું.

'બેટા !' દીર્ઘ નિશ્વાસ મૂકીને પ્રભુરામ માસ્તર બોલ્યા : 'સમય અનુકૂળ હોત, મારી પાસે સાધન હોત, તો તને અહીં પુરેપૂરો ભણાવીને વિશેષ અભ્યાસ માટે દેશાવર મોકલત. હું તો ન ભણ્યો; તને ભણાવવાની મને ઉમેદ હતી ! હું તો આ દુનિયામાં કંઈ ન થઈ શકયો; તને કંઇક ને કંઇક પણ બનાવવાની મને તમન્ના હતી. પણ—પણ—ખેર !'

માસ્તર આગળ ન બોલી શકયા. થોડીવાર એમનો અવાજ કંઠમાં રુંધાઇને આંખો વાટે બહાર નીકળવાને જાણે મથવા લાગ્યો. માસ્તરે એક દીર્ઘ નિશ્વાસ મૂકયો, ને થોડીવાર પછી બોલ્યા :

'બેટા ! સમય અત્યારે અનુકૂળ નથી; મારી પાસે સાધન પણ નથી; આખી જીંદગી મેં દળ્યું, પરંતુ કોડિયું યે લોટ ન નીકળ્યો. હરિઇચ્છા !'

'કાકા,' પરસોતમે પિતાની વેદનાની કંઈ ઝાંખી કરીને કહ્યું : 'અભ્યાસ છોડવાને તો હું પોતે ય ક્યાં રાજી છું? હું ક્યાંક નોકરી શોધી લઇશ. ને અભ્યાસ તો ઘેર પણ ક્યાં નથી થતો ? એક વાર નોકરીએ લાગી ગયા પછી તો માણુસની કીંમત છે.'

'તારી વાત સાચી છે, પરંતુ નોકરી અહીં તો ક્યાં યે નથી. તપાસ કરી જોઈ છે. ઓળખીતા સહુને પૂછ્યું. પરંતુ કંઇ ઠેકાણું નથી પડતું. જ્યાં પૂછીએ ત્યાં બી. એ. ને મેટ્રીક જોઈએ, એનું શું થાય?'

પરસોતમ ચૂપ રહ્યો.

'કોણ જાણે મેટ્રીક ને બી. એ. માં લોક શું ભાળી ગયા છે તે?' પુત્રને અસાધારણ તાલીમ આપવાનું સ્વપ્ન સેવનાર શિક્ષક વ્યવહારની દુનિયાની સીડીના પગથિયાં ઉતરતો જરા કડવાશથી બોલ્યો.

'અરે કાકા અમારા શિક્ષક છે ને, એ એમ. એ. થયા, ને વળી ગણિત લઈને થયા છે. એક દિવસ બજારમાં ઘી લેવા ગયા. ઘીવાળાને પૂછ્યું કે : 'ઘીનો ભાવ શો ?' ઘી વાળો કહે 'તમારું કાંઇ વધારે નહિ લઈએ. ૨૮ રૂપીએ મણનો ભાવ છે ગામમાં.' માસ્તર સાહેબ કહે કેઃ 'એ અઠ્ઠાવીશ ફઠ્યાવીશમાં અમે ન સમજિયે, આંહી તો રૂપીઆનું સવાશેર દેવું હોય તો દે.' એ બધા ય એવા.'

'એ તારું સાચું.' માસ્તર બોલ્યાઃ 'એ બધા વેદિયા,–પણ છાપેલ કાટલાના વેદિયા. ને તમારા જેવા માથે દ્વારકાની છાપ નહિ.'

'છાપ તો મેળવી લેવાય.' પરસોતમે કહ્યું.

'પણ નોકરીએ ચડ્યા પછી ને? ને અહીં તો છાપ વગર ઊભા રાખવાની જ ના પાડે છે.'

'કાકા, એમ કરો. મને મુંબઇ જવા દેશો ?'

પુત્રને વિલાયત મોકલવા માગનારો પિતા એની મુંબઈ જવાની વાત સાંભળી ચમક્યો.

‘ કેમ ? ’

‘ મુંબઈ ધીકતું શહેર છે, ને ત્યાં હજાર જાતના હુન્નર ધંધા છે. આપણા ગામમાંથી ચાર પાંચ જણા ત્યાં ગયા છે, ને ઠેકાણે ય પડી ગયા છે. ’

‘ પણ મુંબઈના હવા પાણી ? પાણી લાગે તો ? ’

‘ એતો બીજાને લાગે; મને નહિ લાગે. હું તો ઘોડા જેવો છું.’

‘ મુંબઇ જઇને શું કરીશ તું ? ’

‘ મુંબઈમાં નોકરી મેળવી લઇશ. લાખો માણસની ત્યાં વસ્તી. હજારો પેઢીઓ ત્યાં પડેલી. કંઇક તો જબરી કોઠીઓ છે. સવાસો તો મિલો છે ને બીજાં ય કંઇક કારખાના છે. અર્ધું મુંબઇ તો કારખાનામાં કામ કરે છે. કંઈ નહિ તો ય પંદર વીસ હજાર તો ત્યાં કેવળ કારકૂનો જ હશે. આવું પંચરંગી શહેર ! જ્યાં હુન્નરોનો પાર નથી, ધંધાનો પાર નથી. ત્યાં એક માણસને નોકરી ન મળે એવું તે બને કે ? ’

માસ્તર માથું ખંજવાળતા બોલ્યા : ‘ પણ કોઈક તો કહેતું હતું કે મુંબઇમાં પણ અહીંના જેવું છે. ’

‘ તે શું આખી દુનિયાને દરવાજે તાળાં દેવાઇ ગયાં છે ? સવારથી તે સાંજ સુધી એક એક પેઢીએ કોઇ રખડે, એક એક કારખાનામાં જાય, એક એક છાપામાંથી નોકરીને લગતી જાહેરખબરો વાંચીને રૂબરૂ મળે, તો મુંબઇમાં કામ ન મળે એમ તમે માનો છો ? હા ! આળસુ હોય એને માટે નોકરી ઘેર ટકોરા મારતી ન આવે. પણ જેના પગ ઘસાઇને ગોઠણે આવે. એને મુંબઇમાં કામ ન મળે એવું બને જ નહિ. ’

'એ તો બરાબર !' માસ્તરને પરસોતમના ઉત્સાહનો કંઈક ચેપ લાગવા માંડ્યો.

'કાકા, મુંબઈમાં કોઈ થોડાંક છાપાંની ફેરી કરે ને તો ય સાંજ પડે રૂપીઓ કમાય.'

'તો ભલે જા !' માસ્તરે રજા આપી.

'તો પછી ધર્મના કામમાં ઢીલ શા માટે કરવી ? એક બે દિવસ પછી ઉપડી જઉં.'

'અણુપૂછ્યું મુહૂર્ત તેરસ ને ત્રીજ. તે દિવસ સામો કાળ કે દિશાશૂળ ન હોય. ચાર દિવસ પછી ત્રીજ છે ત્યારે જા.'

પિતાપુત્રની વાત સમાપ્ત થઇ. ઘરમાં માતાને અને બહેનને પરસોતમના મુંબઈ જવાના નિર્ણયની ખબર પડી. માતાને લાગ્યું કે પુત્ર સમજુ હતો, ને સમય સમજી જનારો હતો, એને આશા આવી કે પુત્ર હવે તરત જ ધંધે ચડી જશે...ને...ને... દર મહિને થોડી ઘણી મદદ કરશે.

આખરે મુંબઈ તરફ પ્રયાણ કરવાનો દિવસ આવી પહોંચ્યો. પુત્ર માતાની આશિષ અને બહેનથી વિદાય લઇને પિતાની સાથે આગગાડીના સ્ટેશને ગયો.

પિતા ટિકિટ લઈ આવ્યા, ને ગાડીમાં પરસોતમે પોતાની એક નાની બેગ ને એક નાનો બિસ્તરો ગોઠવ્યાં.

'પરસોતમ ! અહીં આવ તો નીચે જરા.' માસ્તરે બૂમ પાડી.

સામાન ગોઠવી એ નીચો આવ્યો. પિતા એને જરા દૂર લઈ ગયા. પુત્રના હાથમાં એમણે પચીસ રૂપીઆ મૂક્યા.

'જો, આટલા પૈસા તને આપું છું. સાચવીને રહેજે ને સાચવીને વાપરજે. મારાથી વધુ સગવડ થઈ શકી હોત તો તને વધારે

આપત પણ હવે આટલાથી ચલાવજે. ને એટલા વખતમાં તો તું ક્યાંય ઠેકાણે ય પડી ગયો હોઈશ.'

માસ્તર જરા ચૂપ રહ્યા, પરસોતમે પૈસા ગજવામાં મૂક્યા. 'જો જે પડી જાય નહિ. એમ પૈસા છૂટા ન રાખીયે! એક કાગળના પડીકામાં વાળીને મૂકી દેજે.'

પરસોતમને આ સૂચના તદ્દન નકામી અને છતાં પિતાને માટે તદ્દન વાસ્તવિક લાગી.

'ભલે ગાડીમાં બેઠા પછી વાત.'

'અને જો પરસોતમ!' માસ્તર બોલ્યા. ને એમના અવાજમાં રહેલી આતુર આશા પરસોતમથી છૂપી ન રહી.

'તને નોકરી મળે, પગાર ઠીક હોય ને કાંઇક મોકલી શકે એમ હોય, તો મનીઓર્ડરથી જ મોકલવું. કવરમાં નોટ બોટ ન મૂકવી. તારે ત્યાં દુઃખ વેઠીને પણ અમને મોકલવું એમ હું નથી કહેતો, પણ આતો સગવડ હોય તો સૂચના આપી કામની.'

'સારું. દર મહીને કાંઈક ને કાંઈક પણ મોકલીશ તો ખરો.'

'મુંબઇ છે, બહુ તણાવું ના પડે એ જોવું, ને બહુ નકામું ખરચ ન કરવું.'

'કાકા,' પરસોતમે કહ્યું: 'આપણા ઘરની સ્થિતિની મને ખબર છે.'

ગાડીના ગાર્ડની સિસોટી વાગી. પરસોતમ ગાડીમાં બેસવા જતો હતો.

માસ્તરે એનો જરા હાથ સાહીને એને રોક્યો. તમામ સાંસારિક આધિઉપાધિઓ નીતર્યે વિશુદ્ધ મમત્વના ભીના તેજથી એમની આંખો ઝળકી. અજાણ્યા મુલકમાં, અનનુભૂત સંજોગમાં, પોતાના

એકના એક જતન કરેલા પુત્રનું પરિયાણ માસ્તરને કોઇ અમાપ ભારે દાબવા લાગ્યું.

'બેટા!' માસ્તર અર્ધરુંધાતે અવાજે બોલ્યાઃ 'બેટા! તું મહાન થા કે ન થા; સારો તો થજે જ.'

પિતાનું મમત્વ, પિતાની લાગણી, પિતાની સાંસારિક ઉપાધિઓ, તમામ સામે પુત્રનું હૃદય ભક્તિથી નમ્યું.

ગાડી સરવા લાગી. પરસોતમ અંદર બેસી ગયો. બારીમાં ઊભા રહે રહે એણે પિતાને સ્ટેશનમાં મળેલા માનવસમુદાયની વચ્ચે અસહાય એકલતાની મૂર્તિ જેવા ઊભેલા જોયા.

–ને એના અંતરમાં વિજિગીષા જાગી. જાણે કે કોઈ જ્વાલામુખી ભભૂકી ઊઠ્યો હોય એવી ધૂંધવાતી ને ધગધગતી.

–ને મુંબઈમાં વિજય મેળવ્યા સિવાય વતનમાં પાછો પગ ન મૂકવાનો નિરધાર એના અંતરમાં સ્વયંભૂ જાગ્યો.

[૩]

નાનાં મોટાં અનેક સ્ટેશનો વટાવીને આખરે અગ્નિરથ મુંબઈના આલેશાન સ્ટેશન ઉપર આવીને ઊભો રહ્યો. બધા મુસાફરો નીચે ઉતર્યા ને પરસોતમ પણ પોતાનો સામાન લઇને ઉતર્યો.

એણે સેંકડોવારને હિસાબે બંધાયેલું સ્ટેશન જોયું. સેંકડોને હિસાબે કત્તારબંધ ઉભેલી મોટરો જોઈ. એણે હજારોને હિસાબે માનવમેળો જોયો. એણે રૂપીઆને હિસાબે લેતીદેતી જોઇ. એણે દમામને વિશાળતમ ધોરણ ઉપર રચાયેલો જોયો ને એનું હૃદય ભવ્યતાએ, ઉદ્યોગપરાયણતાએ ભયંકર લાગતા શહેરની દહેશતથી ધબકવા લાગ્યું.

માણુસ તો હજાર હતું. મોટરો સેંકડો હતી. ગાડીઓ ગણી ન ગણાય એટલી હતી. શહેર કલ્પ્યું કલ્પાય નહિ એટલું ગંજાવર હતું. છતાં એકત્ર થયેલા સહુને ક્યાં જવું હતું, કેવી રીતે જવું હતું

એનો પૂરો ખ્યાલ હોય એમ લાગ્યું. ભીડ તો એની બહાવરી આંખ આગળથી સપાટાબંધ વિખરાતી હતી. આટલું બધું માનવી, આટલા થોડા જ સમયમાં, આટલી શાંતિથી વેરાઇ શકે એ એની કલ્પનામાં યે ઉતરવું મુશ્કેલ લાગ્યું.

પોતાના સામાનની સામે એ ઊભો રહ્યો, ને વિકળ બનીને ચોપાસ નજર કરવા લાગ્યો. એનો ચહેરો વિવશ હતો; આંખો તગતગતી હતી; એના કાનમાં વિશાળ શહેર ગાજતું હતું. માનવીએ માનવી એને ધસાઇ ધસાઇને વહી જતું હતું, છતાં આ વિશાળ સાગરમાં પોતે સુકાન વિહોણો એકલો ભૂલો પડયો હોય એવી અનાથ એકલતા એના ચિત્તમાં ભરાઇ.

એના ઉજ્જડ બનેલા અંતરમાં મુંબઇ વિષે વતનમાં સાંભળેલી વાતોના અંકૂર ફૂટવા લાગ્યા. મુંબાઇમાં ખિસ્સા કાતરૂઓ હોય છે ને ખિસ્સા કાતરી પણ એવી સફાઇથી જાય કે ખબર જ ન પડે! ચમકીને એણે પોતાના ખિસ્સા ઉપર હાથ દાબ્યો. એની નાની મૂડી સલામત હતી. નિરાંતનો એણે એક દીર્ઘ નિશ્વાસ નાંખ્યો.

મુંબઇમાં ધર્મશાળાઓ નથી હોતી; પણ લોજ હોય છે. ત્યાં પૈસા લઇને મુસાફરને ઉતરવા દે છે! પોતે કયાં જવું એ પ્રશ્નનો ઉત્તર એને મળી ગયો. એણે એક ગાડી કરી. એક રૂપીઓ ભાડું ઠરાવ્યું. એક લોજ તરફ ગાડી હંકારી. મુંબઇના ક્રમ વિષેના પોતાના અજ્ઞાનથી અંતરમાં સરમાતો, એ અજ્ઞાન બહાર ન દેખાય એની ચિન્તા સેવતો, જંગલમાં ડારતી ઝાડીઓની જેમ પત્થરના મકાનોના જંગલ વચ્ચે ગાડીમાં માર્ગ કાપતો એ એક લોજમાં પહોંચ્યો. લોજમાં રોજના દોઢ રૂપીઆથી એણે એક નાની ઓરડીમાં અર્ધો ભાગ મેળવ્યો. ખાટલા નીચે પોતાનો સામાન ગોઠવીને એણે હિસાબ કરી જોયો. ચાર રૂપીઆ ખર્ચાઇ ગયા હતા. એકવીસ રૂપીઆ બાકી હતા. ચૌદ દિવસના વસવાટની એની પાસે જોગવાઇ હતી.

પહેલો દિવસ મુંબઇ જોવું ફરવું, જોવા લાયક સ્થળો જોઈ નાંખવાં, ને વળતા દિવસના પ્રભાતથી રોજગારીની શોધમાં નીકળી પડવું. એણે પોતાનો કાર્યક્રમ ગોઠવ્યો.

જમીને શહેર જોવા નીકળ્યો. અને જોયું ન જોવાય. સમજ્યું ન સમજાય એવું શહેર જોવાને એ ચાલવા માંડ્યો. મુંબઈમાં ભૂલા પડીએ તો એક મહીને ય પાછો પત્તો ન મળે એવી સાંભળેલી વાત એને યાદ આવી. ખૂબ ચોકસાઇથી એણે લોજનું નામ જોયું–લખી લીધું. રસ્તાનું નામ પૂછી જોયું–લખી લીધું. પાંચેક મિનિટ સુધી સામે છેડે જઇને આસપાસનાં મકાનો નીરખી નીરખી જોયાં. એંધાણો યાદ રાખ્યાં. આજુબાજુની એક બે મોટી દુકાનોનાં નામનાં પાટિયાં ખૂબ ઝિણવટથી વાંચ્યાં. એમનાં ય નામ યાદ રાખવા પ્રયાસ કર્યો. યાદ નહિ રહે એમ લાગ્યાથી એને લખી લીધાં. અને હવે કોઇ રીતે ય ભૂલા નહિ પડાય અને લોજ શોધવામાં તકલીફ નહિ જ પડે એની પાકી ખાતરી કરીને એ આગળ ચાલ્યો.

એણે આલિશાન દુકાનોની અનંત હારો પથરાયેલી જોઇ. આભની સાથે વાત કરતાં મકાનો જોયાં. વીજળીથી દોડતી ટ્રામ જોઈ. વિશ્રાંતિગૃહો, ઉપાહારગૃહો, રેસ્ટોરોના સુગંધી ને મસાલેદાર પડાવો ઠેરઠેર પથરાયેલા જોયા. મશહૂર બનેલી ચોપાટી જોઈ. મશહૂર બનેલાં સોનાપુરની કિલ્લા જેવી દીવાલો જોઈ. બબ્બે ત્રણત્રણ મિનિટે એક બીજાની પાછળ જાણે કે શરતમાં દોડતી હોય એવી આગગાડીઓ જોઇ. કોઇ મહારાજાના મહેલ જેવું બોરીબંદર જોયું. દરિયો જોયો. રાણીનો બાગ જોયો. જંગલી જનાવરો જોયાં. વિચિત્ર શાહમૃગ જોયું. પૂછી પૂછીને કંટાળતાં, ચાલી ચાલીને થાકતાં એણે મુંબઇ શહેર જોયું. થાક ઉતારવા ને આરામ મેળવવા માટે, અને એક અદ્ભુત લાગતું કૌતુક નજરે નિહાળવા માટે એણે બોલતું ચિત્રપટ પણ જોયું.

પછી લોજનો માર્ગ શોધ્યો મળશે જ નહિ, ને પૂછ્યો રાહ એ પારખી શકશે નહિ, એવી ખાતરી થયા પછી એક ભાડૂતી ગાડી કરીને એ છેક રાતે લોજમાં પાછો આવ્યો.

આવતી કાલે મળનારી નોકરીના નશાની પુરોગામી મસ્તીમાં એને બહુ થાક જણાયો નહિ, એણે ખાઇ લીધું. અને ખાઇ રહ્યા પછી એ સૂઇ ગયો.

મુંબઇનો એનો એક દિવસ ગયો.

[૪]

બીજે દિવસે નોકરીની શોધ એણે શરૂ કરી. એને અંતરથી શ્રદ્ધા હતી કે રૂબરૂ મુલાકાત કર્યા પછી ઉપયોગી થવાની એની બુદ્ધિ, કામ શીખવાની એની ઇચ્છા અને નોકરી મેળવવાની એની ઉત્કંઠા એને કયાંકને કયાંક, કોઇક ને કોઇ સીડીનું છેલ્લું પણ પગથિયું અપાવશે જ.

જમીને એ નીકળ્યો. કોટના લત્તામાં ગયો. અને એક પછી એક ઑફીસોમાં એણે જવા માંડયું. પહેલીમાં જગ્યા ખાલી નહોતી. બીજીમાં, ત્રીજીમાં, ચોથીમાં, પાંચમીમાં, એ જ દશા હતી. એ તો એમ જ હોય ને! આવડું મોટું શહેર, આવું ધંધાપરાયણ શહેર કાંઇ કોઇની રાહ જોઇને બેઠું રહે ખરું. પણ કયાંક તો જગ્યા ખાલી હશે જ ને! માત્ર શોધવી જોઇશે. બાકી હજારો ઓફિસો જ્યાં ચાલે છે ત્યાં એના જેવા એકાદ માણસનો સમાવેશ શું ન થઇ શકે?

એણે પોતાની આ શોધના ભ્રમણ દરમિયાન પોતાની જેમ જ ભમી રહેલા કંઇ કંઇ જુવાનો જોયા ને કયાંક કયાંક એને વાત કરવાનો પણ અવસર આવ્યો. પૂછતાં-સાંભળતાં, એને ખબર પડી કે એવા સેંકડો જુવાનોમાંથી કોઇ એક મહીનાથી ભમતો હતો. કોઇ

પંદર દિવસથી ભમતો હતો. કોઇક તો બેએક માસથી આમ ને આમ એક ઊંબરથી બીજા ઊંબર ઉપર અથડાતો હતો.

ધીમે ધીમે એને કડવું જ્ઞાન મળવા માંડ્યું કે મુંબઇ શહેરમાં નહોતી દયા, નહોતી અનુકંપા કે નહોતી નોકરી. કોઇને એના પિતાના વિષમ સંયોગો વિષે સાંભળવાની ફુરસદ નહોતી. કોઇને એના અભ્યાસ–ત્યાગની પાછળ રહેલી કરુણા સમજવાની પરવા નહોતી. કોઇને એની બેકારી માટે વિચાર નહોતો. કોઇને એની શોધ સાતત્યની કદર નહોતીઃ સહુને પોતાનો સ્વાર્થ હતો. કોઇને આ માનવ-સાગર વચ્ચે આવી પડેલા બુદ્‌બુદ વિષે જરા સરખી યે લાગણી કે અનુકંપા નહોતી.

શહેરની ક્રૂરતા એના હ્રદયને ડારવા લાગી. હીમની ઠંડી આગમાં કોઇ ખીલતો છોડ ડમાઇ જાય, એમ એની બુદ્ધિ કુંઠિત બની ગઇ. એની આંખો જાકારો વાંચવાને ટેવાઇ ગઇ.

પોતે આ જગત્‌માં તદ્દન નિરૂપયોગી એવું મનુષ્ય–જંતુ છે, એની આશાઓ ને અભિલાષાઓનો કોઇને કશો ઉપયોગ નથી, એમ એને જે દિવસે જણાયું તે દિવસે રાત્રે એ પોતાના ખાટલામાં દીવાલ તરફ માથું રાખીને છાનો રોયો, ખૂબ રોયો. એના આત્મામાં શહેરની એકલતાની બરછી ભોંકાઈ, ને એનું ખારું લોહી એની આંખમાંથી વહેલા લાગ્યું.

મિલોના ધૂમાડામાં એણે પોતાની જુવાનીને શ્યામ બનીને આસ્માનમાં વેરાતી જોઈ. ઑફીસોની શિસ્તબંધ કઠોરતામાં એણે પોતાનું ભાવી લાલ દોરીથી બંધાતું જોયું.

પિતાનો એક પત્ર આવ્યો. એણે જવાબ લખ્યો. બીજો પત્ર આવ્યો. એણે જવાબ ન લખ્યો.

દોડતી મોટરો તળે છૂંદાઇ જવાનું એને મન થયું. ધરતી ધ્રૂજાવતી આગગાડી તળે કચરાઇને ટૂકડેટૂકડા થઇ જવાનું એણે વિચાર્યું, પરંતુ એ સુખી અંત માટે એનામાં જોઇતી હીંમત નહોતી. ઉછળતા સાગરમાં ડૂબી જવાની એને ઉમેદ થઇ આવી, પરંતુ ચીકણી ને ચીતરી ચડે એવી માછલીઓનો એને ભય લાગ્યો.

ઓહ ! આ શહેર તે કેવું હતું ! જ્યાં નોકરી નહોતી, સુખી જીવન નહોતું, આસાન મૃત્યુ નહોતું.

મુંબાઇમાં એના બીજા તેર દિવસ એ રીતે ગયા.

[૫]

થાકેલોપાકેલો ચૌદમે દિવસે એ લોજમાં જ્યારે આવ્યો ત્યારે એણે લોજના માલિકને સારા યે શહેરની નિષ્ઠુરતાના અર્ક સમો પોતાની સામે ઉભેલો જોયો. એણે કહ્યું: ' તમારે જો લોજમાં રહેવું હોય તો તમારે મને પૈસા આપવા પડશે:

પરસોતમ ઉજ્જડ ચહેરે લોજના માલિકને તાકી રહ્યો. લોજના માલિકે ખુલાસો કરવા માંડયો:

' અમારો ધારો તો એવો છે કે એક માસના નાણાં અગાઉથી લેવાં. તમારી પાસેથી અમે પંદર દિવસના પૈસા લીધા હતા, આજ એ પૂરા થયા. હવે આજે તમારે પૈસા આપવા જ જોઇએ.'

પરસોતમ પાસે જવાબ નહોતો; પૈસા નહોતા; એ શું બોલે ? શું આપે ?

લોજવાળાએ સખત અવાજે પૂછ્યું: ' પૈસા ક્યારે આપો છો ?'

પરસોતમે જવાબ આપ્યો : ' હું તમને થોડા વખતમાં જોગ કરી આપીશ.'

એના અવાજમાં આર્જવતા હતી, એકલતા હતી, પરંતુ લોજ-

૨

વાળા ઉપર એની કશી અસર ન થઇ. એણે કહ્યું : ‘ એમ નહિ ચાલે. પૈસા તો તમારે આપવા જ પડશે. ’

પરસોતમે પોતાને કાંઈ નોકરી મળે ત્યાં સુધી રાહ જોવાની લોજવાળાને વિનતિ કરી, પરંતુ એ બહેરા કાન ઉપર અથડાઈ. જરા યે ગેરસમજૂત ન થાય એટલા સ્પષ્ટ શબ્દોમાં એણે કહી દીધું કે એનું લોજ તો જે માણસો પાસે પૈસા હોય એમને ઉતરવાને માટે જ હતું. એ કોઈ અનાથાશ્રમ ન હતું; તેમ એ ધંધા વગરના અને પૈસા વગરના બેકારોને માટે કોઈ આરામગાહ પણ ન હતું. અને આવતી કાલે જો એને એના પૈસા ન આપી શકાય, તો એણે બેલાશક બીજે ક્યાંક ચાલ્યું જવું.

એ આખી રાત પથારીમાં તરફડિયાં મારતાં પરસોતમે એક ક્ષણ એના પિતાનો ચહેરો, એનું વતન, એનું મકાન, એની માતા, બધું વહેતા પાણી ઉપર દોરેલા ચિત્રની જેમ એની આંખ આગળથી સરી ગયું. બીજી ક્ષણે વતનની ગરીબી, પિતાની બેકાર દશા એને યાદ આવ્યાં.

સવારના પહોરમાં જ એ ઉઠીને ચાલ્યો ગયો. એ આખો દિવસ એણે ખૂબ પગપાળા પ્રવાસ ખેડ્યા, ખુબ શોધ કરી, ઘણાના ધક્કા ખાધા ને અનેકોના કદમમાં શિર ઝૂકાવ્યું; પરંતુ એનો પ્રયાસ નિરર્થક નીવડ્યો. માલેતુજાર એ શહેરમાં–લાખો માનવીઓના અન્નદાતા સમા એ શહેરમાં–એને માટે કોઈ રોજગારી નહોતી.

એ સાંજે એ લોજમાં ન ગયો. લોજવાળાનો સખત ચહેરો, એની લાગણીવિહોણી આંખો ને એનો ભાવહીન અવાજ. એનામાં એનો સામનો કરવાનું જીગર ન હતું. એ ભમ્યા કર્યો. ખાધા વગર, પીધા વગર, કશી નેમ વગર.

રાત પડી. ને સારું શહેર હવે ઊંઘતું હતું. ધમાલ શાંત પડી,

ને શહેરને વીંટળાતી શાંતિ એને વધારે ભયકારી લાગી. ક્યાં જવું? ક્યાં બેસવું? ક્યાં સૂવું?

જાહેર રસ્તાના બાંકડાઓ ઉપર–બોરી બંદરના સ્ટેશન સામેના નાના બાગમાં–પથરાયેલા બાંકડાઓ ઉપર, એણે કેટલાય માણસોને બેઠેલા, સૂતેલા જોયા. પહેલાં તો એને લાગ્યું કે કામધંધાથી થાકેલા એઓ પોતપોતાને આવાસે જવાં પહેલાં આમ આ સ્થળોએ આરામ લેતા હશે. એકાદ બાંકડા ઉપર બેસવાને એ ગયો. ખાલી બાંકડાની શોધમાં ફરતાં ફરતાં એણે સૂતેલાઓ ને બેઠેલાઓના દેદાર જોયા. એમના ચહેરા ઉપર શહેરની નિષ્ઠુરતાની પડેલી છાપ એણે જોઈ. અને એને સમજાયું કે આ બધા તેના જેવા જ હતા ને એમનો આવાસ એ આ બાંકડાઓ જ હતા.

એક બાંકડાના અર્ધા ભાગ ઉપર બેસીને એણે રાત વીતાવી: એનું મગજ વિચાર કરવાની ના પાડતું હતું. અર્ધ નિદ્રિત, અર્ધ ભયભીત દશામાં એણે એ રાત ગાળી.

સવાર પડી ને શહેરના ધંધાની ધમાલ પાછી ચોપાસથી ગાજવા ને એની મશ્કરી કરવા લાગી. એની આશાના ચૂરા થયા હતા, એની શ્રદ્ધા તૂટી ગઇ હતી, એનું હૈયું ભાંગી ગયું હતું. પિતા પાસે પાછો જવાને માટે હવે એને કશો સંકોચ ન હતો. માત્ર ટિકિટના પૈસા નહોતા. પિતાને પત્ર લખીને પોતાની બેહાલીથી વાકેફ કરવામાં પણ એને કશો રંજ નહતો. માત્ર ટપાલના યે એની પાસે પૈસા નહોતા. એના હૃદયમાં કાંઈ આશા નહોતી. એના ગજવામાં રાતી પાઈ ન હતી.

એક રાતના માર્ગનિવાસ પછી ક્યાંય નોકરી શોધવાની એને હામ ન રહી. કશી જ વૃત્તિ ન થઈ. એ આખુંયે પ્રકરણ હવે પૂરું જ થયું હોય, એમ એ વિષે એના દિલમાં કોઈ વિચાર પણ ન આવ્યો.

આખો દિવસ એ ભટકચો. રાણીના બાગમાં જઇને સિંહ ને વાઘ જોયા. સંગ્રહસ્થાનમાં સંગ્રહાયેલી વસ્તુઓ જોઇ. સાગરને કાંઠે ઉભીને મોજાં ગણી જોયા. લાંબોલાંબો અનંત લાગતો દિવસ આખરે પૂરો થયો, ને એથી યે વધારો અનંન લાગતી રાત આવી. બાંકડા ઉપર એણે બીજી રાત વીતાવી.

ત્રીજો દિવસ ઉગ્યો. જઠરના બે બે દિવસના ઉપવાસો એના મગજમાં ધૂંધવાવા લાગ્યા. એના શરીરમાં નિશ્ચેતનતા આવી. ભૂખે મરી ગયેલાં દુકાળિયાંઓની અનેક સાંભળેલી વાતો એને યાદ આવી. ભૂખે કેમ મરાતું હશે! શું થતું હશે! રાત આવી ને અણખૂટ લાગવા છતાં યે આખરે ખૂટી.

ચોથો દિવસ ઉગ્યો. ચડચો. શહેરના રોજગારના ચક્રો નિયમિત ચાલવા લાગ્યા. આખું શહેર એને ભૂખે મારવા માટેનું જ એક વિશાળ ચક્ર હોય એવો વિદ્વેષ એના હૃદયમાં આવ્યો. જઠર માગતું હતું: 'અનાજ.' શહેરનો ઉદ્યોગ જવાબ દેતો હતો: 'ઘર–ર–ર–ર–ભોં–ભોં–ભોં...ટન–ટન–ટનનનન...' નિષ્ઠૂર દૈત્ય જાણે કે વિકરાળ હસતો હતો!

ભૂખની સાહજિક પ્રેરણા એને સમી સાંજે એક ભભકાદાર દેખાતા ઉપાહારગૃહ સામે ઘસડી ગઈ. ભૂખ એના શરીરમાં ધૂંધવાતી હતી. શરમ, અસહાયતા, ઉત્કટ ઉત્સુકતા, પીડા એની આંખમાં પડછાયા પાડતાં હતાં. એણે કોઇ દિવસ કોઇની પાસે માગ્યું નહોતું. માંગતાં એને શરમ થતી હતી. ઉપાહારગૃહના થડા ઉપર એક ઘણો જ જાડો માણસ માલિકીના તમામ દમામથી બેઠો હતો. ઉપાહારગૃહની અંદર ભાતભાતની વાનીઓ પીરસાતી હતી. ને એની સુગંધ એને બહાવરો બનાવતી હતી. એનું હૃદય આ સ્થાને ઉભવાની એને ના પાડતું હતું. એના પગો આ સ્થાનેથી ખસવાનો ઈન્કાર કરતાં હતાં. એ ન ઉભો–ન ગયો. કોઇ ચોકીદાર પહેરો ભરતો હોય એમ એ ઉપાહારગૃહની સામે આમ તેમ ફરવા લાગ્યો.

ભોજન સામે જ હતું. છતાં કેટલું દૂર હતું! પ્રાચીન કાળમાં તૈયાર ભોજનસામગ્રી પાસે કેદીઓને ભૂખ્યા ઉભા રાખવાની સજાઓ થતી એણે સાંભળી હતી. એવી સજા ફરમાવનારા રાજાઓના હૃદય કેટલાં પાષાણુ જેવાં હતાં એ એને આજ સમજાયું. આ શહેરે પણુ એને આજ આવી સજા ફરમાવી હતી!

શા માટે? એનો શો વાંક હતો?

ઉજ્જડ અને બુભુક્ષિત ચહેરે એ ફરતો હતો. ન સમજાય એવી ઉજ્જડતા મૃત્યુના હિમ સમી એની આસપાસ વીંટળાતી હતી. એની આશાઓ ને અભિલાષાઓની ખાક કોઇ ઝંઝાવાતમાં ઉડીને એની આંખમાં, કાનમાં, મગજમાં ધૂંધળી ધૂંધવાતી હતી.

[૬]

એક ફક્કડ માણસ સામેથી આવ્યો. એનો પોષાક કોઇ સજ્જન જેવો હતો.

એણે એક સર્વગ્રાહી નજર પરસોતમ ઉપર નાંખી. અનુભવી પારખુની દૃષ્ટિએ એણે પરસોતમના ચારચાર દિવસના કડાકા માપી લીધા. એના મેલાં ધૂળાયેલાં કપડાં ઉપરથી એની સાચી સ્થિતિ સમજી લીધી.

'કેમ ભાઇ?' એણે સહેજ હસીને પરસોતમને પૂછ્યું: 'આમ કેમ આંટા મારો છો?'

પરસોતમે હોઠ પીસ્યા. પોતાની સાથે પહેલી જ વાર બતાવવામાં આવતી દેખાતી માયાએ એની આંખમાં આંસુ આણ્યાં. એ નિરૂત્તર રહ્યો.

પરસોતમ ન દેખી શકે એમ એ માનવી સહેજ હસ્યો. એણે પોતાનું માથું ધૂણાવ્યું. પછી પરસોતમના ખભા ઉપર હાથ મૂકીને

એ બોલ્યો: 'ચાલ જુવાન! સામેના ઉપાહારગૃહમાં ચાલ. મને તારી વાત કહે. કદાચ હું તને ઉપયોગી થઈ પડું.'

પરસોતમે કહ્યું: 'મારી પાસે પૈસા નથી.'

'ચાલ જુવાન! એમાં મૂંઝાવાનું કારણ નથી.'

એ અજાણ્યો રાહબર એને અંદર લઈ ગયો. એણે ચાહ અને થોડુંક ખાવાનું મંગાવ્યું—બે ને માટે.

'ચાલ! મને તારી વાત સંભળાવીશ?' એના અવાજમાં માયા જાણે કે નીતરતી હતી.

પરસોતમનું હૃદય આ માયાના પ્રદર્શનથી ઉઘડી ગયું. એણે એ અજાણ્યા માનવીના કાનમાં ધીમે સાદે, ગૂંગળાતે સૂરે પોતાની કથની કહી બતાવી. એના પિતાની હાલત, પોતાની નોકરી કરવાની ઉમેદ, ગમે તેવી મજૂરી કરવાની એની તૈયારી, પંદર દિવસનો રઝળ-પાટ, પોતાનો સામાન અને લોજનો ત્યાગ, એણે વિતાવેલા ચાર ચાર અન્ન ને આશાએ ઉજ્જડ દિવસો, એણે રસ્તાઓ ઉપરના બાંકડાઓ ઉપર વિતાવેલી ચાર ચાર ભીષણ, ને અણખૂટ રાતો—એણે પોતાની આખી યે કથા કહી બતાવી, અને પછી મેજ ઉપર ટેકવેલા હાથની હથેલીમાં માથું ઢાળીને એ બેઠો. એની આંખો ભીની હતી. એનો અવાજ આર્જવ હતો.

એને અચાનક સાંપડેલા અજાણ્યા મદદગારે થોડી વાર વિચાર કરીને કહ્યું:

'ખરે! આ શહેરમાં બેકારીનો કાંઈ પાર નથી. કંઇએ પતંગિયા ગામ પરગામમાંથી રોજગારીની શોધમાં આવે છે, ને આ શહેરની આગમાં જલી જાય છે.'

પરસોતમ કાંઇ ન બોલ્યો. શું બોલે? એની પણ એ જ વીતક કથા હતી ને?

'બે દિવસ પહેલાં દરિયામાંથી એક સાથે ચાર લાસો નીકળી. એ ચારે ય પરગામથી અહીં નોકરી મળવાની લાલચે આવેલા. આઠ દિવસના ઉપવાસો થયા પછી સહન ના થયું. ડૂબી મૂવા.'

પરસોતમે એક દીર્ઘ નિશ્વાસ આ કથા ઉપર મૂક્યો.

'આ પરમ દિવસે રાતે બાંકડા ઉપર સૂતેલા એક બેકારને પોલીસ પકડી ગયા. એ તો કોઇ ન જાણે ત્યાં સુધી ઠીક બાકી જાહેર રસ્તા ઉપર સૂવાનો અહીં કાયદો નથી. બિચારો જેલમાં મરી ગયો. જેલમાં તો બહુ મારે.'

પરસોતમ ચમકી ગયો. એના સૂકા ચહેરા ઉપર આવેલી થોડીક લાલી પણ ઓસરી ગઈ. પોતાની કદાચ આ સ્થિતિ થાય તો ? કેમ ન થાય ?

'એક રસ્તો છે.' અજાણ્યો મેજ ઉપર જરા આગળ નમીને ધીમે સાદે બોલ્યો. ચોપાસ ચપળ નજર કરીને કોઈ એને નથી સાંભળતું એ એણે જોઇ લીધું અને પછી એ આગળ બોલવા માંડ્યો: 'જાણે મંદી એટલી છે કે નોકરી બોકારી તો મળે એમ નથી. ને મારી એવી લાગવગ પણ નથી. પણ હું તમને એક મદદ કરી શકું.'

કુંઠિત આશા ફરીને સળવળી. પરસોતમે જાગતી આશાએ એની સામે જોયું.

'જાણે હું અંહીથી ઉઠું. ને આપણા બીલ સંબંધી થડા ઉપર બેઠેલા માણસ સાથે થોડીક પંચાત ઉભી કરું. એનું ધ્યાન રોકી રાખું. એની સામે જો પૈસાનો ને રૂપીઆનો ઢગલો પડ્યો છે. હું વાત કરું ને એનું ધ્યાન રોકી રાખું એ દરમિયાન તું રૂપીઆની મુઠ્ઠી ભરીને ભાગવા માંડ. ચર્ચગેટના સ્ટેશન ઉપર જજે. ત્યાં માણસની ભીડ પણ હશે. હું થોડી વાર પછી ત્યાં તને મળીશ. આ રસ્તો છે. તારે આ કરવું હોય તો તને મદદ કરવાને હું જોખમ વહોરું.'

એક ક્ષણ પરસોતમનો ચહેરો વિકળ બની ગયો. એક ક્ષણ એના હૃદયમાં ગભરામણ થઈ. બીજી ક્ષણે એ તમામને દાબી, ડામી ને એ ઉભો થયો: 'તમે જાઓ. એને વાતોએ રોકો. હું ગમે તેને માટે તૈયાર છું.'

પેલો માણસ પોતાના આસનેથી ઉઠ્યો. થડા પાસે ગયો. પોતાના હાથમાં પોતે મંગાવેલી ચીજોનું જે બીલ હતું એ થડા ઉપર મૂકીને એના ઉપર આંગળી મૂકીને મોટે સાદે ચીડાયેલા સૂરે વાત કરવા લાગ્યો.

પરસોતમ ધ્રૂજતે પગે ઉઠ્યો. ન કાબૂમાં રાખી શકાય એવા કંપથી એની કાયા કંપતી હતી. ડગલે ડગલે જૂના સંસ્કારોને એ જાણે કચરતો આગળ વધ્યો. થડા પાસે આવ્યો. થોડીવાર સંદિગ્ધ ઉભો રહ્યો. એકાએક એની આંખમાં દુર્દમ્ય ઉભરો આવ્યો, એના વદન ઉપરની નસેનસ ઉપસી આવી. એણે હાથ નાંખ્યો. રૂપીઆની અને નોટોની મુઠ્ઠી ભરી; અને ઉપાહારગૃહમાંથી દોડતો નીકળી, જાહેર રસ્તા ઉપર પાછું વળીને જોયા સિવાય પરસોતમ જીવ લઈને નાસવા લાગ્યો.

માલીક કૂદ્યો. બહાર રસ્તા ઉપર આવ્યો: 'ચોર! ચોર!' એણે બૂમ પાડી અને બૂમો પાડતો દૂર નાસતા દેખાતા પરસોતમની પાછળ એ દોડવા લાગ્યો. ઉપાહારગૃહના કામ કરતા થડા નજીક બીજા ત્રણ ચાર નોકરો પણ એની પાછળ દોડ્યા. બીજા લોક પણ દોડવા લાગ્યા: 'ચોર! ચોર!'

પીસ્તોલની ગોળી સમી એ બૂમ પરસોતમને જીવલેણ જેવી લાગી. નહિ વિચારેલી દહેશતો ને નહિ લક્ષમાં લીધેલાં જોખમો એના પગને વધારે ગતિમાન બનાવવા લાગ્યા.

એની પાછળ શિકારી કૂતરાની જેમ શિકારે ચડેલું લોક ગાજતું હતું. આગળ સિસોટી બાજી. એક પોલીસે એને આંચકા સાથે પકડયો. પાછળ ઉપાહારગૃહનો માલિક, નોકર મંડળ ને બીજું લોક હાંફતું હાંફતું આવી પહોંચ્યું. 'ચોર! ચોર! ચોર!' ચોમેરથી એકની એક બૂમ પડી રહી.

એ ધિક્કાર અને ગુસ્સાભર્યા અવાજે થયેલા આક્ષેપે પરસોતમમાં પકડાઈ જવાની ભીતિ, માનભંગનો ભય ને મહેનત કરીને પણ હજી યે છટકવાની વૃત્તિ ઉશ્કેર્યાં.

એક આંચકો મારીને એ પોલીસના હાથથી છૂટો થયો. ચમકેલા પોલીસને એણે એક જબરો ધક્કો મારી પાડી નાંખ્યો. પગની એક લાત એણે ઉપાહારગૃહના માલિકને અવિરત બૂમો પાડવા બદલ પેટમાં મારી. એ માલિક ભોંયપર ફસડાઈ ગયો. એનું માથું ટ્રામના પાટા સાથે અફળાયું. માથામાં થયેલી ફૂટથી લોહી વહેવા માંડયું. પગની લાતથી મોઢામાંથી એને લોહી વહ્યું. એ મેદવાળા માનવીનું ચરબીથી ઘેરાયેલું હૃદય આઘાત જીરવવા અશકત બન્યું. એનું હૃદય બંધ પડી ગયું. માલિક મરી ગયો.

છૂટેલો પરસોતમ તો પોતાના હુમલાની અસર જોવાની જરી યે પરવા બતાવ્યા સિવાય નાસવા માંડયો. પરંતુ એ બહુ દૂર નાસી ન શકયો. બીજાઓએ એને પકડી લીધો. વાતાવરણમાં 'ખૂન! ખૂન!'નો શોર ગાજી ઉઠયો. પોલીસે પરસોતમને ફરીને પકડયો. હવે એ કેવળ ચોર ન હતો. એણે પોતાની સિસોટી બજાવી. બીજા બે ત્રણ પોલીસ દોડતા આવ્યા. એ સહુએ મળીને પરસોતમને બાંધ્યો.

અને પછી પરસોતમને પોલીસ ચોકી ઉપર દોરી ગયા. પાછળ લોકોનું ટોળું શોર પાડતું આવતું હતું: 'ખૂની! ખૂની! રે હત્યારો!'

[૭]

ચિત્રપટની ઝડપથી પોતાની સ્થિતિમાં થઇ ગયેલા સીધા પરિવર્તનથી પરસોતમ સાચેસાચ દહેશત ખાઇ ગયો હતો. પોતાની અવનતિનાં એક પછી એક પગથિયાં જોવાને, વિચારવાને એનું ચિત્ત અશક્ત હતું. એના ઉજ્જડ બની ગયેલા, અંધકારે ઘેરાઈ ગયેલા હૃદયમાં એક જ વાતે જડ પકડી રાખી: 'હું ભૂખે મરતો હતો...મારાથી ખૂન થઈ ગયું.'

રાત, આખી રાત, આખી યે એ માઝમ રાત પોલીસ ચોકીની નાની કોટડીમાં એ પાંજરે પૂરાયેલા પશુની જેમ આમતેમ ફરતો રહ્યો. ઉંઘ આવે તો એના અંતરમાં સીંચાતું ઝેર અટકે; પરંતુ ઉંઘ આવવાની ના પાડતી હતી. એનું હૃદય ભૂતકાળમાં ડૂબકીઓ મારી મારીને કંઈ કંઇ યાદગીરીઓની છીપો એની આંખો સામે ધરતું હતું. ને એ એકવારની મીઠી યાદગારીઓ ઉપર એનો વર્તમાન, કારમાં ઝેરનાં છાંટણાં છાંટી રહ્યો હતો.

ઓહ! એ શા માટે આ જીવતા કારાગાર સમા શહેરમાં આવ્યો? આ શહેરમાં પાંજરાપોળો હતી ને એમાં ખોડાં ઢોર નભતાં હતાં; આ શહેરમાં અનાથાશ્રમો હતાં ને એમાં જેમનાં માબાપનાં કોઇ નામોનિશાન ન હતાં એ અનાથો નભતાં; આ શહેરમાં મંદિરો હતાં ને એમાં બાવાઓ ને માંગનારાઓ નભતાં; આ શહેરમાં સંગ્રહસ્થાનો હતાં ને એમાં પશુઓ નભતાં; આ શહેરમાં વેશ્યાગારો હતાં ને એમાં વેશ્યાઓ નભતી; આ શહેરમાં જુગારખાનાં હતાં ને એમાં જુગારીઓ નભતાં; નહોતું નભતું આ શહેરમાં માત્ર એક માનવી, જે મહેનત કરવા માગે છે છતાં જેને રોજી નથી મળતી તે.

એના બુઝર્ગ પિતા! વૃદ્ધ અને વત્સલ! જ્યારે એ વાત જાણશે ત્યારે એમનું જઈફ હૃદય પુત્રકલંકનો એ આઘાત કેમ કરીને જીરવશે?

પરસોતમની છાતીમાં ડૂમો આવ્યો. એના ઉજ્જડ અંતરમાં એણે એક પાકી ખાંભી ખોડી. ગમે તે થાય, એનું ગમે તે થાય, છતાં એના પિતાને કશી ખબર ન કરવી; એના પિતાની કશી જ વહાર ન માગવી. એ વૃદ્ધ પિતા એના ઉપર વિસ્મરણનો ભલે આરોપ મૂકે, એ એને વિસ્મરણની કબરમાં ભલે દફનાવે, એની કલંકકથા એના મુખેથી તો એ નહિ જ સાંભળે.

એનું જીવન એની બહાવરી આંખ સમક્ષ વીંઝાવા માંડયું. એનું ગામ, એ ગામના ભોળા અને ભલા લોકો, એના બાળપણના કાલા-ઘેલા પરંતુ મમતાળુ સાથીઓ, એ ગામની ધૂળની પરંતુ વહાલસોયી શેરીઓ, એ બુઝર્ગ પિતા, એ અકામ વૃદ્ધ માતા, એ ભોળી ને બટકબોલી બહેન! ઓ! એ! શું આ બધું–આ બધી ગઈ કાલની યાદગીરીઓ બંધ નહિ થાય? શું એ તમામ એને આજે જરા યે મદદગાર નિવડવાને બદલે ક્ષણે ક્ષણે પજવ્યા જ કરશે?

રાત, રાત, આખી યે એ માઝમ રાત એ પોતાની ઓરડીમાં ભમ્યા કર્યો. એક સામટી અનેક સ્મૃતિઓની આંધી એના મગજને બહેરી કરતી હતી; એના ચિત્તને ગૂંગળાવતી હતી, શું થશે એનું? શું થશે એના પિતાનું? શું થશે એની માતાનું? અર્થહીન વિચારોની પરંપરાને અંત નહોતો, અર્થહીન અશાંતિનો અંત નહોતો.

એ શાંત બેસવા માગતો હતો ને શાંતિ એનાથી દૂર નાસતી હતી; એ પોતાની સાચી પરિસ્થિતિ પોતાના મનમાં બરોબર સમજી લેવા માગતો હતો અને એનું મન એને ભયંકર સ્વપ્ન માનીને એમાં ચિત્ત પરોવવાનો યે ઇન્કાર કરતું હતું; એ ઉંઘવા મથતો હતો ને ઉંઘ એનાથી હજાર જોજન દૂર ઉભી રહી હતી. જેને એ વાંચ્છતો હતો એ કાંઈ આવતું ન હતું, જેને એ યાદ કરવા માગતો ન હતો એ એના ચિત્તમાંથી સહેજ પણ દૂર ખસતું ન હતું.

એના હોઠ પીસાયા ને એમાંથી લોહી વહ્યું. એના હાથની મરણમુઠ્ઠી વળી ને એના નખક્ષતમાંથી લોહી વહ્યું.

સવારે જ્યારે એને ઓરડીમાંથી બહાર કાઢ્યો ત્યારે એનું બદન એના પોતાના લોહીથી ખરડાયું હતું. એનો ચહેરો પીંખાઇ પીંખાઈને એક રાતમાં વૃદ્ધ બની ગયો હતો. કોઈની સાથે એ બોલ્યો નહિ, કોઇએ એને બોલાવ્યો નહિ.

સૂકી આંખે ને ભાનશૂન્ય મગજે પોલીસ દરોગાએ ફરમાવ્યું એ પ્રમાણે એણે પ્રાતઃવિધિઓ કરી. શું કર્યું શું નથી કર્યું, એ એને યાદ રહ્યું નહિ.

એ દિવસે એને એક માજીસ્ટ્રેટ સન્મુખ રજૂ કરવામાં આવ્યો અને જોઈતા પૂરાવાઓ એકત્ર કરવા માટે પોલીસે દશ દિવસની મહેતલ માંગી. માજીસ્ટ્રેટે આરોપીને જેલમાં મોકલાવ્યો ને પોલીસને મહેતલ આપી.

પાકી જેલમાં કાચા કામના કેદી તરીકે પરસોતમે દશ દિવસો વિતાવ્યા. આખો દિવસ એને ખૂનના આરોપી હોવાને કારણે એક અલગ ઓરડીમાં પૂરી રાખતા. એને પાથરવા માટે એક સાદડી ને એક ધાબળો આપવામાં આવ્યો. એને ખાવાનું એની કોટડીમાં પહોંચાડવામાં આવતું. એને સવારના અરધો કલાક ને સાંજના પાએક કલાક બહાર કાઢવામાં આવતો. બાકીનો બધો યે વખત એ એ સાંકડી કોટડીમાં પૂરાઇ રહેતો.

પથારી પાથરીને એ બધો જ વખત છત સામે તાકીને સૂઇ રહેતો. એની આંખો ફાંસીનો માંચડો જોતી હતી કે એના ગામને જોતી હતી? કોણ જાણે! એના કાનમાં મૃત્યુના પડઘા સંભળાતા હતા કે પિતાની વેદના–ચીસો સંભળાતી હતી? કોણ જાણે! એનું

ચિત્ત એની વર્તમાન દશામાંથી કોઈ માર્ગ શોધતું હતું કે ભૂતકાળની સ્મરણ–ગુહાઓમાં ભટકતું હતું ? કોણ જાણે !

આખો દિવસ એ પથારીમાં પડ્યો રહેતો. ઉભો થતો નહિ, બેસતો નહિ, બંધ દરવાજાના લોખંડી સળિયાની વચમાંથી ક્યાંય તાકતો યે નહિ; એ સૂતો રહેતો.

દરોગાઓ ચાર ચાર કલાકે બદલાતા. એ એને આ રીતે હાલ્યાચાલ્યા સિવાય પડ્યો રહેલો જોતા: 'ઢોર જેવો નઠોર લાગે છે' એમણે પરસોતમનું માપ કાઢ્યું.

[૮]

દશ દિવસ પૂરા થયા. પોલીસ મહેતલ પૂરી થઈ અને પરસોતમને શહેરની અદાલતમાં લઈ ગયા.

કેદીઓને તો બરાબર અગિયાર વાગ્યે લાવવામાં આવતા. ન્યાયાધીશનો આવવાનો સમય મુકરર નહોતો. ન્યાયાધીશ સાહેબ ન આવી પહોંચે ને જેના તેના કામ હાથ ઉપર ન લ્યે ત્યાં સુધી કેદીઓને એક પીંજરામાં પૂરી રાખવામાં આવતા હતા. પરસોતમને પણ આવા પીંજરામાં પૂર્યો, ને રાણીના બાગમાં જેમ એણે પાંજરા પાસે ઉભીને ટીકીટીકીને સિંહ, વાઘ, દીપડા, ચિત્તા જોયા હતા, એમ કંઈક અદાવતી યાત્રાળુઓ એ પીંજરામાં એને ટીકીટીકી ને જોતા રહ્યા.

એક વાગે પરસોતમનું કામ દફતર ઉપર આવ્યું ને બે પોલિસ દરોગા એનો હાથ ઝાલીને એને અદાલતમાં લઈ ગયા. અદાલતમાં એને એક લાકડાની વાડ પાછળ ઉભો રાખવામાં આવ્યો. જ્યાં એને ઉભો રાખ્યો ત્યાં એ ઉભો.

લાકડાની ઉંચી ગોઠવેલી બેઠક ઉપર ન્યાયાધીશ બેઠા હતા. માનવીઓની બંધન મુક્તિ સાથે નિત્યના કામે એમના ચહેરા ઉપર કરડી તટસ્થતા સીંચી હતી. એમની બાજુમાં અદાલતનો શિરસ્તેદાર

જુબાનીઓ લખવા બેઠો હતો. ન્યાયાધીશની જમણી બાજુએ જૂરીના સદ્‌ગૃહસ્થો બેઠા હતા.

ન્યાયાધીશના આસન સામે લાકડાની બેઠક પછી ચાલવા જેટલી થોડી જગ્યા મૂકીને હારબંધ સામસામી ખુરશીઓ ગોઠવવામાં આવી હતી. પહેલી હારમાં બે મોટા મેજ હતા. ને મેજની સામે બે બે ખુરશીઓ હતી. એમાનાં એક મેજની સામેની ખુરશી ઉપર સરકારી વકીલ બેઠા હતા. બીજા મેજની સામેની ખુરશીઓ ખાલી હતી.

ન્યાયાધીશે એ ખાલી પડેલી ખુરશીઓ જોઇને કહ્યું : 'આરોપી તરફથી કોઈ વકીલ જ નથી કે શું ?'

આરોપી વતી એ અદાલતમાં કોઈ જવાબ દેનાર હાજર ન હતું. ન્યાયાધીશે આરોપી સામે જોઇને પૂછ્યું : 'તમારે કોઇ વકીલ નથી ? '

પરસોતમે માથું ધૂણાવ્યું.

'તમારે વકીલ નથી રોકવો ?'

'મારી પાસે પૈસા નથી.'

'અદાલત તમારા વતી એક વકીલની નિમણૂક કરે ?'

પરસોતમે જવાબ ન આપ્યો. એને સમજ ન પડી.

'મી. શાહ !' ન્યાયાધીશે અદાલતમાં હાજર રહેલા એક જુવાન વકીલને ઉદ્દેશીને કહ્યું : 'આરોપી કશું સમજતો નથી લાગતો. તમે એમની સાથે થોડી વાત કરી જુઓ. ને એને વાંધો ન હોય તો અદાલત તરફથી તમે એનો બચાવ કરો.'

ન્યાયાધીશે દરોગા સામે જોયું: 'દરોગા ! આરોપીને બહાર લઈ જાઓ. મી. શાહને એની સાથે વાત કરવા દો.'

આરોપીને બહાર લઇ ગયા. મી. શાહે પરસોતમને સમજાવવા માંડ્યું: 'તારા ઉપર આરોપ મોટો છે. તારે બચાવ કરવો જોઇએ.'

'બચાવ?' પરસોતમે ઉજ્જડ ચહેરે પૂછ્યું. 'કેવો બચાવ! આમાંથી મારો બચાવ કેમ થઇ શકે?'

'તારે એમ કહેવું જોઇએ કે મેં એ ખૂન નહોતું કર્યું.'

મી. શાહે પરસોતમને તદ્દન નામકર જવાની સલાહ આપી. તે પરસોતમને ન સમજાઇ. પોતે લાત મારી હતી ને ઉપાહારગૃહનો માલિક મરી ગયો હતો એ તો જાણીતી વાત હતી. એની ના પડાય શી રીતે?

'પણ એ માણસ મરી તો ગયો. ખૂન જ થયું. પછી શું?'

મી. શાહ ચમક્યા. 'છી! છી! સાવ ગમાર લાગે છે. એવું ન બોલાય! જો સાંભળ! તું એક વકીલ રાખ. એ વકીલ તારા વતી જે કાંઈ કહેવાનું હશે એ કહેશે.'

'મારે શું કહેવાનું છે? થવાનું હતું એ થઈ ગયું. હવે મારે કે કોઇને કહે મને હાથ આવેલાને કોઈ થોડું છોડે એમ હતું?'

'પણ તો યે વકીલ તો રાખ. કાંઇક ને કાંઈક મુદ્દો નીકળશે.'

પરસોતમના ઉજ્જડ અને આશાશૂન્ય અંતરમાં વાત ન ઉતરી: 'મારો બચાવ કર્યે શું વળે? મારે બચાવ નથી કરવો.'

મી. શાહ પાછા અદાલતમાં ગયા: 'નામવર!' એણે અદાલતને ઉદ્દેશીને કહ્યું: 'આરોપી બચાવ કરવાની ના પાડે છે.'

'ના પાડે છે?' ન્યાયાધીશના ચહેરા ઉપર એક ચમક આવી ગઇ. 'તમે એને એનું કારણ પૂછ્યું હતું?'

'જી હા. સાહેબ! એ એમ માને છે કે બચાવ કર્યે શું વળશે?'

'ઓહ!' ન્યાયાધીશના હોઠ સખ્તાઇથી બીડાયા. 'એના ઉપરના આરોપની ગંભીરતાથી એ વાકેફ છે?'

'એ અજાણ નથી.'

ન્યાયાધીશ જરા વિચારમાં પડ્યા. એણે પરસોતમ સામે જોયું. શું આ માણસ મૂર્ખ હતો કે કંટાળેલો હતો?

થોડીવાર વિચારમાં પડીને ન્યાયાધીશે મી. શાહને કહ્યું: ' મી. શાહ! હું તમને ઇન્સાફનું હિત સાધવા માટે અને કાયદાના શાસનમાં મદદગાર થવા માટે, અદાલત તરફથી આ મુકદ્દમામાં વકીલ તરીકે નીમું છું. અદાલતના વકીલ તરીકે, આરોપીના વકીલ જેટલા જ તમને અધિકાર રહેશે. '

મી. શાહે સરકારી વકીલની સામે બેઠક લીધી. અદાલતના શિરસ્તેદાર પાસેથી કોરા કાગળો માગ્યા. ગજવામાંથી ફાઉન્ટન પેન કાઢી. અને પોતાની નોંધ કરવા બેઠા.

આરોપીના વકીલ તરીકે જ વ્યવહારમાં એને કામ કરવાનું હોવા છતાં આરોપીના વકીલ કરતાં એની સ્થિતિ કફોડી હતી. મી. શાહ કેસના કાગળો તપાસવા માટે મુદત માગી શકે નહિ, અને મુકદ્દ-મામાં રજૂ થયા સિવાય કોઈ પણ પૂરવણીની નકલો મેળવી શકે નહિ.

સરકારી વકીલે કેસ શરૂ કર્યો. એણે પરસોતમ ઉપરના મુકદ્દમાનો પ્રકાર પહેલાં રજૂ કર્યો. પોલિસ પરસોતમ ઉપર કેવા પ્રકારનો આરોપ મૂકવા માગે છે એ બતાવ્યું. એ આરોપ પૂરવાર કરવા માટે કેવા પ્રકારના અને કેટલા સાક્ષીઓ રજૂ કરવા માગે છે એ કહી બતાવ્યું.

અને પછી એક પછી એક સાક્ષીઓ આવવા માંડયા. પોલીસ થાણાના વડા ફોજદાર આવ્યા. પરસોતમે જેના ઉપર હાથ ઉગામ્યો હતો તે અને પરસોતમને જેણે પકડયો હતો તે પોલીસો આવ્યા. ઉપાહાર-ગૃહના માલિકને પરસોતમે મારેલી લાત જોનારા આવ્યા. ઉપાહારગૃહના મરનાર માલિકની લાસની મરણોત્તર દાક્તરી પરીક્ષા કરનાર દાક્તર આવ્યા. એક બે પંચ આવ્યા. એક બે પંચાતનામાં રજૂ થયાં. પરસોતમના હાથમાંથી કબજે લેવાયેલા પૈસા રજૂ થયા.

એ દિવસે ફરિયાદ પક્ષ પૂરો થયો. અને પરસોતમ ઉપર ચોરી કરવાનો, પોલીસ ઉપર હુમલો કરવાનો, અને ઉપાહારગૃહના માલિકનું મોત નીપજાવવા બદલ સાપરાધ મનુષ્ય વધનોઃ એમ ત્રણ જૂદા-જૂદા આરોપો મૂકવામાં આવ્યા. તહોમતનામું ઘડાયું; અને ન્યાયાધીશે આરોપી સામે જોઇને પૂછ્યું: 'તમારું નામ ?'

'પરસોતમ !'

'પિતાનું નામ ?'

પરસોતમે માથું ધૂણાવ્યું.

'તમે જવાબ દેવા નથી માગતા ?'

પરસોતમ નિરુત્તર રહ્યો.

'તમારું વતન ?'

પરસોતમે જવાબ ન આપ્યો.

'તમારી ઉમર ?'

'અઢાર વર્ષ'

'તમારી જાત ?'

'હિન્દુ–બ્રાહ્મણ.'

'તમારા ઉપર જે તહોમતો મૂકવામાં આવ્યા છે એ તમે સાંભળ્યાં છે. તમારે કાંઇ કહેવું છે ?'

'હું શું કહું ?'

'તમારા મુકદ્દમાને લગતું હોય, એ તમે કહી શકો.' મી. શાહે સૂચના આપી.

'મારું કોણ સાંભળશે ?'

'અદાલત તમારી વાત સાંભળશે, એના ઉપર વિચાર કરશે, ચૂકાદો આપતી વેળા એ લક્ષમાં લેશે. તમને લાગે કે તમારે કાંઇ

3

કહેવા જેવું છે, તો કહો. તમે બચાવ શા માટે નથી કરતા ?' મી. શાહે ઉભા થઇને પરસોતમને કહ્યું.

'સાહેબ! આપ મારી વાત સાંભળશો ?' પરસોતમે ન્યાયાધીશ સામે જોઇને પૂછ્યું.

'તમારે કહેવું હોય એ કહો.'

'સાહેબ! ચોરી મેં કરી છે. પોલીસ ઉપર હાથ મેં ઉગામ્યો છે. મારી નાંખવાનો મારો ઇરાદો ન હતો, છતાં મારા પગની લાતે ઉપાહારગૃહનો માલિક મરણ પામ્યો છે. આ બધુંય સાચું છે.

'મારા પિતાની સ્થિતિ ઘણી જ તંગ છે, ને નોકરીની આશાએ હું આ શહેરમાં આવ્યો. મને નોકરી મળી નહિ, હું નોકરી કરવા રાજી હતો, આકરામાં આકરી મહેનત કરીને મારું શરીર ભાંગી નાંખવાને તૈયાર હતો, પરંતુ મને કામ ન મળ્યું. મારા પૈસા ખલાસ થઇ ગયા. એક લોજવાળાએ મારો સામાન લેણા પેટે રાખી લઇ મને કાઢી મૂકયો. ચાર દિવસના મને કડાકા થયા. હું કોઇને દોષ નથી દેતો. દોષ મારા કિસ્મતનો.'

મી. શાહ ઉભા થયા: 'નામદાર અદાલતને મારી અરજ છે કે, આરોપી કંગાલ હોવાથી વકીલ રોકી શકયો નથી. એને પોતાને કાયદાના શિરસ્તાની ગમ નથી, એટલે પોતાના એકરારમાં કાયદાના સ્થાપિત ધોરણે એણે ન કરવી જોઇએ, અથવા તો ન કરે તો કરવાની એને ફરજ ન પાડી શકાય એવી એની કબૂલતો અદાલતે કે જૂરીએ લક્ષમાં લેવી જોઈએ નહિ.'

'જૂરીના સદ્‌ગૃહસ્થો!' ન્યાયાધીશે કહ્યું: 'તમે પૂરાવાઓ સાંભળ્યા છે. એમાં કાંઈ પણ એવી આંટીઘૂંટી નથી કે જેથી મારે એની ચોખવટ કરવી પડે. કાયદાના પ્રશ્નોનો નિર્ણય મારે કરવાનો છે. હકીકતો સંબંધેનો નિર્ણય તમારે કરવાનો છે. હું તમને આ

મુકદ્દમો હકીકતોના નિર્ણય માટે સુપ્રત કરું છું. તમારે નિર્ણય કરવાનો છે કે આરોપી ગુનેગાર છે કે નહિ? ગુનેગાર છે તો તમામ આરોપો માટે, કે એમાંથી એક કે અમુક આરોપો માટે? તમે જાઓ. તમારો નિર્ણય કરો.'

જૂરીના સદ્‌ગૃહસ્થો ઉઠચા. એમને માટે અદાલતમાં ખાસ અલાહિદા રાખવામાં આવેલા ઓરડામાં ગયા. અર્ધા કલાકમાં પાછા આવ્યા. પોતાના આસને બેઠા.

ન્યાયધીશે પૂછ્યું: 'જૂરીના સદ્‌ગૃહસ્થો! તમે તમારો નિર્ણય કર્યો?'

જૂરીના સરપંચે ઉભા થઈને કહ્યું: 'જી હા.'

'તમારો નિર્ણય સર્વાનુમતિનો છે કે બહુમતિનો છે?'

'સર્વાનુમતિનો.'

'તમારો નિર્ણય શો છે? આરોપી સામે ત્રણ આરોપો છે. આરોપ પહેલા માટે એ ગુનેગાર છે કે નહિ?'

'ગુનેગાર!'

'આરોપ બીજા માટે?'

'ગુનેગાર!'

'આરોપ ત્રીજા માટે?'

'ગુનેગાર!'

સરપંચે ઉમેર્યું: 'અને આરોપી પ્રત્યે અદાલત રહેમ બતાવે એવી ભલામણ કરીએ છીએ.'

ન્યાયમંત્રીએ તટસ્થ અને ભાવહીન અવાજે ઉમેર્યું: 'મુકદ્દમામાં રજૂ નહિ થયેલી, અને મુકદ્દમા સાથે સંબંધ નહિ ધરાવતી બાબતો

કરવું હોય તો યે આ આસને બેસીને તો મારે દેશના કાયદાનો જ અમલ કરવાનો છે.

'આરોપી! જૂરીના સદ્‌ગૃહસ્થોએ તને તમામ આરોપો માટે ગુનેગાર ઠરાવ્યો છે, અને હું એ અભિપ્રાય સાથે સંપૂર્ણ મળતો થાઉં છું.

'પહેલા આરોપ માટે તને છ માસની સખ્ત કેદની અને પચીસ રૂપીઆ દંડની સજા ફરમાવવામાં આવે છે. દંડ ન ભરે તો ત્રણ માસની સજા વધારે ભોગવવાની.

'બીજા આરોપ માટે તને એક વર્ષની સખ્ત કેદની અને પચીસ રૂપીઆ દંડની સજા ફરમાવવામાં આવે છે. દંડ ન ભરે તો ત્રણ માસની સજા વધારે ભોગવવાની.

'ત્રીજા આરોપ માટે તને દશ વર્ષની સખ્ત કેદની અને એક હજાર રૂપીઆ દંડની સજા ફરમાવવામાં આવે છે. દંડ ન ભરે તો બે વર્ષની સજા વધારે ભોગવવાની.

'તમામ સજાઓ અનુક્રમે ભોગવવાની છે.'

સજા ફરમાવીને ન્યાયાધીશ ઉઠી ગયા. અદાલત અંદર અંદર ચર્ચા કરતી બરખાસ્ત થઇ.

અને એકંદરે ચૌદ વર્ષની સજાનો બોજ જેની માથે પડ્યો હતો, તેવા પરસોતમનો પોલીસોએ કબજો લીધો.

[૯]

આગગાડી ઉભી રહી. ને એમાંથી હાથે હાથકડી નાંખેલા ને બાવડે દોરડાં બાંધેલા પરસોતમને પોલીસ ચોકીદારોએ નીચે ઉતાર્યો. શહેરથી ઘણે દૂર, કોઇ ગામથી યે દૂર, નિર્જન મેદાનની વચમાં

સરકારની એક જબ્બર પાકી તુરંગ હતી. ત્યાં પરસોતમને પૂરી રાખવાનું નક્કી થયું હતું.

માનવીના હાડમાંસના પત્થર બનાવીને, થીજેલાં આંસુઓના પહાડ કોતરીને કરેલી કોઈ ગુહા બાંધી હોય એવી એ જેલ નિર્જન મેદાનની વચમાં ઉભી હતી.

સમાજની અસમાનતાઓ—સમાજની અસંગતતાઓ—એની રચનાના દોષો, બધાને જીવતાં ભોંયમાં ભંડારી દેવાના એ કારમાં વિકરાલ ભોંયરાને જોઇ પરસોતમના હાડેહાડમાં નરી નિતર્યાં દહેશત વ્યાપી ગઈ—ન જીરવાય એવી દહેશત એના રોમરોમમાં મૂંગી ચીસો પાડી ઉઠી. આ પત્થરદેહી અને પાષાણહૃદયી નિષ્ઠૂરતાના સદા ભૂખ્યા જડરમાં ચવાઇ જવાને બદલે દૂર દૂર નાસી જવાને, આપઘાત કરીને પણ એના પાશમાંથી ઉગરવાને પરસોતમને પ્રેરણા જાગી. એ પ્રેરણા અમલમાં મૂકવાની એના હૈયામાં હામ નહોતી; એના શરીરમાં તાકાત નહોતી. ઘસડાતે પગે એ જેલ તરફ ચાલ્યો અને એના તોતીંગ કિલ્લાના લોખંડી દરવાજા એને અંદર લેવાને માટે ઉઘડયા.

આંહી આ જેલ કેટલી પડછંદ હતી! કેટલી કદાવર હતી! ને પોતે કેટલો અલ્પ હતો! આ જેલની અંદર પોતે એકલો જ હશે કે બીજાઓ પણ હશે? એને શું ચોવીસે કલાક અંધારી કોટડીમાં જ પૂરી રાખતા હશે? એ શું કોઇ દિવસ પણ બહાર નહિ જ નીકળી શકે? કોઇ દિવસ એ એમાંથી જીવતો બહાર નીકળશે ખરો? ને બહાર નીકળશે તો યે એની છાપ એના અંતરમાંથી ભૂંસાશે ખરી? શું કરશે એનું? એમાં ચૌદ વરસ કેમ જશે?

જેલના બહારના દરવાજા ખુલ્યા. અને ખાસ મુકરર થયેલા કારકુનને પરસોતમનો હવાલો અપાયો. એક ખૂબ જાડા ચોપડામાં એક કારકુને પરસોતમનું નામ લખ્યું, વતન લખ્યું, ઉમર લખી,

એ ધાણો લખ્યાં. એને સજા કરનારી કલમો લખી. એને સજા થયાની મુદ્દત લખી ને પંચાગો વગેરેની મદદથી એને મુક્ત કરવાની તારીખ પણ લખી.

અને ત્યાર પછી જેલનો બીજો દરવાજો ખુલ્યો. પરસોતમને અંદર દાખલ કરવામાં આવ્યો. દરવાજો એની પાછળ બંધ થયો.

--ને પરસોતમ સજા પામેલા કેદી તરીકે તુરંગમાં દાખલ થઈ ચૂક્યો. હવે ચૌદ વર્ષ પહેલાં એમાંથી બહાર નીકળવાની કાયદો એને મના ફરમાવતો હતો.

[૧૦]

અંદરના દરવાજા બહાર થોડું ખુલ્લું મેદાન હતું. એમાં પરસોતમ આવીને ઉભો કે તરત જ એને ત્રણ ચાર ચોકીદારો ને ચોપદારો વીંટળાઇ વળ્યા.

વિકળ બનેલી પરસોતમની આંખો ચોપાસ બહાવરી જેવી ઘૂમતી હતી. ચોપાસ ઉંચો ઉંચો, આસમાનનેય રુંધી નાખવા માગતો હોય એવો દીવાલનો કાળો કિલ્લો હતો. એ કિલ્લાની અંદર પશુને પૂરવાના પાંજરા જેવાં બેઠા ઘાટનાં કંઇક નાનાં મોટાં મકાનો દેખાતાં હતાં. ને દરેક મકાનને ફરતા નાના કિલ્લાઓ હતા. મૂક ત્રાસ અને વિષમ એકલતા એના વાતાવરણમાં છવાયાં હતાં. ક્યાંય માનવી નજરે નહોતું પડતું. ક્યાંયથી કોઈ અવાજ નહોતો આવતો. કોઈ અઘોર મુગલ કિલ્લામાં પુસ્તુ પીવાને કોઈ એકલ કેદી આવ્યો હોય, એવો ભય, એવો ત્રાસ, પરસોતમના અંતરમાં છવાયો.

એની બુદ્ધિ વિવેક શૂન્ય બની ગઇ. એનું ચિત્ત ઉજ્જડ થઈ ગયું. એનું મગજ વિચાર શૂન્ય બની ગયું અને સંચાની પૂતળી હોય એમ એણે એને વીંટળાઇ વળેલા ચોપદારોનાં ફરમાનો ઉઠાવવા માંડ્યાં.

ચોપદારે એના હાથમાંથી હાથકડી કાઢી નાંખી.

'કપડાં નીકાલો.'

પરસોતમે કપડાં ઉતારવા માંડયાં. સૌથી છેલ્લું વસ્ત્ર કાઢવું કે નહિ એની એને વિમાસણ થઇ.

'એ કચ્છા પહેન લે. નિકાલ સબ.'

પરસોતમે કચ્છ પહેર્યો. કપડાં ઉતાર્યાં. એક ચોકીદારે એનાં કપડાં તપાસ્યાં. એક પોટકું બાંધ્યું. બીજા ચોકીદારે એને ફેરો ફરીને એના માથા ઉપર, હાથ ઉપર, બગલમાં, પગમાં બધેય જોયું. રખે કંઈ છૂપું હથિયાર તો નથીને એની પાસે ?

પરસોતમને જેલનાં કપડાં પહેરાવવામાં આવ્યાં. જેલનાં વાસણ આપવામાં આવ્યાં. અને પછી એને 'કોરંટી'—ક્વોરેન્ટાઇનમાં લઇ જવામાં આવ્યો.

[૧૧]

કોઈ ઓથારમાં દબાતો હોય અને એ ભયાનક સ્વપ્નમાંથી એકદા પણ અચૂક જાગી ઉડવાનો હોય એમ પરસોતમ જેલના 'ક્વોરેન્ટાઇન'માં દાખલ થયો.

સવારે દશ વાગે જારના રોટલા અને દાળ આવ્યાં, અને ક્વોરેન્ટાઇનમાં ચાલીસેક જેટલા કેદીઓ હતા એ બધા એક સાથે બેસીને ખાવા લાગ્યા.

નાવું એ તંદુરસ્તીની નજરે જરૂરનું છે, અને સ્વચ્છતા એ માનવી અને પશુ વચ્ચેના ભેદની એક નિશાની છે, એવું કોઇ દિવસ પણ જેના વિચારમાં યે નહિ આવ્યું હોય એવા એક કેદીએ બધાને બબ્બે રોટલા પીરસી દીધા. જસતના ધૂળિયા રંગના ચંબુમાં પાણી લેવાનું હતું. જસતની ભૂખરી માટિયાળ રંગની, પાંચ છ થીંગડાં

દીધેલી થાળીમાં દાળ લેવાની હતી. અને રોટલા? એ પાણી ભરેલા ચંબુ ઉપર રાખી શકાય. થોડાક ભીંજાય તો ખરા પણ દાળ ભરેલી થાળી ઉપર પણ રાખી શકાય. જેલના ટૂંકા વાદળી ચોકડીવાળા પહેરણની ચાળ ઉપર પણ રાખી શકાય, ને ઇચ્છા હોય તો હાથમાં યે રાખી શકાય. રોટલા રાખવાને કોઇ પાત્ર નહોતું. તેમ એ ક્યાં રાખવા, એ વિષે કશો નિયમ પણ નહોતો.

જઠરના અણુએ અણુમાંથી પરસોતમને નરી સૂગ ચડી. થિજાએલી નઠોરતાના એ વાતાવરણમાં પોતાની સંપૂર્ણ પામરતા સૂચક એ ભોજન! એમાં સ્વાદ હોય તો કાયદાની બેપરવાઇનાં ઝેરનો હતો. એમાં સત્ત્વ હોય તો સમાજની ઉપેક્ષામાં હતું. એમાં કંઇ ભાવ હોય તો એ પ્રકારનાં ભોજન સિવાય બીજા કશા જ પ્રકારનાં ભોજનનો પ્રત્યક્ષ તેમ સંભાવ્ય અભાવ હતો.

પરસોતમની આંખમાં અનાથ આંસુ આવ્યાં. એની છાતીમાં હજાર શિકારી વચ્ચે ઘેરાયેલા શિયાળની વિકળતાનો ડૂમો આવ્યો. એના જઠરમાં અતૃપ્તિની અરુચિ પ્રજલી. રોટલાનો એક ટૂકડો એણે મોઢામાં નાખ્યો. દાંતમાં કાંકરી જેવું ચવાતું હોવાનો અવાજ આવ્યો ન આવ્યો, અને બીજો ટૂકડો એ હોઠને સ્પર્શી જશે તોયે એના ગળામાં એ ભરાઇને એને ગુંગળાવી નાખશે એવી એને વિહ્વલતા આવી.

ભોજનની સામે જોઇને એ બેઠો રહ્યો. એની સુક્કી આંખોમાં આંસુ હતાં. એના ઉજ્જડ હ્રદયમાં પામરતાનું આત્મભાન હતું. એની બુદ્ધિમાં ઉપેક્ષાનું શૂલ હતું. ભૂખ્યે પેટે અનાજની સામે જોઇને એ તગતગતી આંખો વડે બેઠો રહ્યો, અને એ અનાજ કરતાં ભૂખ એને ઓછી અપ્રિય લાગી.

'નથી ખાવું?' એની પાડોશમાં બેઠેલા એક જૂના જેવા લાગતા કેદીએ અર્ધ ઉપહાસ ને અર્ધ દયાભર્યા સૂરે સવાલ કર્યો.

અને જવાબ પણ પોતે સાચો જ કલ્પ્યો હોય એમ જવાબ મેળવવાનો કોઇયે ધ્વનિ એના અવાજમાં નહોતો.

પરસોતમે એની સામે જોયું. એણે ઉપહાસ પારખ્યો ને એના અંતરમાં ધિક્કારનો રોષ જાગ્યો. એણે દયા પારખી ને એના હોઠ કંપવા લાગ્યા.

'અરે યાર!' નવા આવનારને સ્વસ્થ બનાવવાનો પોતાનો ધર્મ હોય એ ઢબે જૂનો કેદી ફરીને બોલ્યો: 'અત્યારે આટલું તને ભાવતું નથી. પછી તો આટલુંયે પૂરું નહિ થાય. કિયા સો કિયા, ફિર સજા ભી પાયા. હવે વળી રંજ શો?'

પરસોતમને નથી જ ખાવું એમ જોઇને જૂના કેદીએ એના રોટલા લઈ લીધા. એણે રોટલા લીધા કે જરા દૂર બેઠેલ એક ડોસાએ–જેના ચહેરા ઉપર ભૂંસી ન ભૂસાય એવી જેલની છાપ હતી, એણે–પોતાનો હાથ લાંબો કર્યો. પરસોતમે જરા ભાંગેલો રોટલો જૂના કેદીએ એ ડોસાને આપ્યો. આખો પોતે ખાવા માંડયો.

ભોજન પૂરું થયું એટલે કવોરન્ટાઇનમાં ઉભેલા લીમડાના ઝાડના ભોંય પર વેરાયેલાં પીળાં સુક્કા પાંદડા એકઠાં કરીને ચોક સાફ કરવાનું કામ શરૂ થયું. ચોક સાફ થયા પછી જૂનાં, ને મેલાં બનેલાં થાળી ચંબુને ચકચકતા કરવાનું કામ શરૂ થયું. રસળતાં રઝળતાં ચાર વાગ્યાં. જેલના કામ બંધ કરવાના ડંકા થયા. સાંજનું ભોજન આવ્યું.

અને પછી બધાને સૂવા માટે બરાકમાં લઇ ગયા.

બબ્બે કેદીઓની હાર પાડવામાં આવી. આગળ એક વોર્ડર, પાછળ એક વોર્ડર, બે પોલીસની સાથે આ 'ફેલ' ચાલી. નીચી મુંડીએ આગળ પાછળ નજર કર્યા સિવાય બીજાઓ ચાલે એની પાછળ મેંઢાની જેમ પરસોતમ ચાલ્યો.

પત્થરનો એક ગોળ કિલ્લો આવ્યો. એના લાકડાના દરવાજા ઉપર–ઉંચી દીવાલની ટોપી ઉપર કાંઇક અંગ્રેજી લખેલા નામવાળો એક કેદી ઉભો હતો. પરસોતમે સ્પષ્ટ વિચાર વગર સાહજીક એ અક્ષરો વાંચ્યા: 'watchman'–પહેરેગીર. જેલનું એને માટેનું 'ધોળી ટોપી'નું નામ હજી એને માલુમ નહોતું.

એક મોટી બરાક આગળ એ બધાને ઉભા રાખવામાં આવ્યા, અને દરેક કેદીને એમની પથારીઓ લેવાનું ફરમાવ્યું. એક કાથાની સાદડી ને બે ધાબળા એટલાનો એ પથારીમાં સમાવેશ થતો હતો. બીજાઓ કરે એ મુજબ વગર બોલ્યે, વગર પૂછ્યે મેંઢાંની જેમ કરવાનું પરસોતમને મન સહજ હતું. એણે પણ સહુની છેલ્લે, કોઇ જેની સામે નજર નહોતું કરતું એવી ફાટલી તૂટલી પથારી પોતાની માનીને ઉપાડી.

એ મોટી બરાકમાં તેઓ બધા દાખલ થયા. સહુએ પોતપોતાની જગ્યા નક્કી કરી, ને ઉંચી નીચી માટિયાળ ભોંય ઉપર પોતપોતાની સાદડીઓ તાણી.

ઘંટા વાગ્યા ને તરત જ પોલીસ આવ્યા. કેદીઓ ગણી ગયા. પાએક કલાક ફરીવાર વધારે જોરથી ઘંટા વાગ્યા ને કોઈક જૂના જાણકારે કહ્યું: 'ટોટલ મળી ગયો.' પરસોતમને એ વખતે ખબર નહોતી. પાછળથી સમજાયું કે દરેક બરાકમાં પૂરાયેલા કેદીઓની સંખ્યા લાગતા વળગતા પોલીસ હવાલદાર જેલને દરવાજે લઈ જાય, એ બધાનો સરવાળો જેલનો કારકુન કરે, અને એ સરવાળો અને જેલનો ચોપડો મળે એટલે નંગ મેળ બરાબર છે, અને જેલમાંથી એ દિવસે નાસી ગયું નથી કે ગુમ થયું નથી એમ જાહેર કરવાને એ ઘંટા વાગે.

એ ઘંટાની સાથે બરાકોના લોઢાના દરવાજા બંધ થાય. બરાકની ઉપર, છાપરાની લગોલગ કરામાં પાડવામાં આવેલા એક નાના બાકોરામાં મેસવાળું, લાલરંગે પોતાની હાજરી પૂરતું એક ફાનસ સળગે.

અને કેદીઓ પોતાની પથારી ઉપર બેસે–સૂઈ જાય–ધીમે અવાજે વાતો કરે.

કેદીઓમાં બે વોર્ડરો ને બે પહેરેગીર કેદીઓ વારા ફરતી ત્રણ ત્રણ કલાક જાગે. કેદીઓ ઉપર ચોકી કરે. રાતનો એ ચોપદાર જો 'સારો' હોય તો કેદીઓ વાત કરી શકે. નહિતર સહુએ મૂંગા-મૂંગા પોતપોતાની પથારી ઉપર સૂઈ રહેવું જ જોઇએ. પથારી ઉપર બેસવું એ પણ ધોરણની વિરુદ્ધ હતું.

પરંતુ પરસોતમની બરાકનો 'પહેરેગીર' ખરાબ નહોતો. એટલે કેદીઓ બીડીઓ હોય તો સળગાવી શકતા હતા. ને ચોપદારને પણ પાઇ શકતા હતા.

એ પાંજરામાં પૂરાયેલાં જેલ પંખીઓ કવોરેન્ટાઇનના કેદીઓ હતા. એટલે આ વખતે તો દશ દિવસ દરમિયાન જ આવ્યા હતા. પરંતુ એમાંથીયે કંઇક જેલ જીવનના અજબ માહેર દેખાતા હતા. કંઇક જેલના સારા ભોમિયા હતા. એમની વાતો જેલના વહીવટ પરત્વે ટીકાત્મક, બીજા કેદીઓ પરત્વે વ્યકિતગત અને અંદર અંદરના કેદીઓ પરત્વે કોઇવાર ઉપહાસ, કોઇવાર તિરસ્કાર, ને કોઇવાર બિભત્સ રૂપરૂપ લેતી હતી.

સમાજ સાગરના તળિયામાંથી કાયદાએ કિતાબ અને કલમના જડ સાધનો વડે ઉસેડેલાં આ ગેરનસીબ ને ગેરઆબરૂ માનવીઓના કચરાની વચમાં પોતે આવ્યો છે, પોતાને આ બધાની વચમાં ચૌદ વરસ વિતાવવાનાં છે, પોતે પણ એકદા આવી જ વાતો કરતો થશે,

પોતે પણ એકદા આવી ન જ ભૂંસાય એવી જેલછાપ ચહેરા ઉપર ધરાવશેઃ પરસોતમને આ આખોય ખ્યાલ વીજળીના ચમકારાની જેમ આવ્યો ને વીજળીના દાહની જેમ ડામવા લાગ્યો. ઊની ધ્રૂજારી એના અંગેઅંગમાંથી કંપી ઉઠી. અસહાય પામરતા એના અંગે-અંગમાં ફેલાઇ ગઇ. સમાજની દ્રષ્ટિમાં, કાયદાની દ્રષ્ટિમાં, જગતની દ્રષ્ટિમાં પોતાની નરી નિરુપયોગિતા એને સમજાઇ. એને લાગ્યું કે એની અને એના જેવાઓની ઉપયોગિતા કશી જ હોય તો તે આવી જેલોમાં પૂરવાને યોગ્ય ગણવા જેટલી જ છે.

જ્ઞાન, ભાન, વિવેક ને હામથી શૂન્ય બનીને ઉજ્જડ હ્રદયે, એ પથારી ઉપર ધાબળો ઓઢીને સૂઈ ગયો.

કંઈ કંઇ ડરાવનારાં, રીઝાવનારાં એને સ્વપ્નાંઓ આવ્યાં, પરંતુ પ્રભાતના વહેલા પરોઢમાં જ્યારે ઘંટ વાગ્યો ને 'ખડા હો જાઓ'ની બૂમ એ બરાકમાં પડી ત્યારે એ એકેય સ્વપ્ન સ્મૃતિને પકડી શક્યો નહિ. સ્વપ્નાઓ પણ એનાથી દૂર નાસતાં ફરતાં હતાં.

[૧૨]

પરસોતમ કોઇને પૂછતો નહોતો. કોઈ બોલાવે નહિ ત્યાં સુધી કોઇની સાથે બોલતો નહોતો. મૂંગો રહેતો. ને બીજાઓ જેમ કરતા એમ એ કરતો.

એક દિવસે હજામ આવ્યા. કેટલાક કેદીઓને પેથાપુરી અસ્ત્રા આપીને બીજા કેદીઓના માથા મૂંડવાનું કામ સોંપાતું. એ જેલના હજામો પાસે સાબુ નહોતો રહેતો. કેદીઓ પોતાના ચંબુમાં પાણી લઇ લ્યે, માથું પલાળે ને પોતાનો હજામતનો વારો ન આવે ત્યાં સુધી પાણીથી વાળ પલાળ્યા કરે. ઘસ્યા કરે. મૂળિયાંને પાણી પાયા કરે. એનો વારો આવે ત્યારે હજામ કેદીનું માથું કોઇ પકડથી પકડતો

હોય એમ બે હાથોથી પકડે ને ચીંથરામાં લાકડાનો ટુકડો ભરાવતો હોય એમ પોતાના બે ગોઠણ વચ્ચે દબાવે. પછી અસ્ત્રો માથાં ઉપર ઘસવા માંડે–કોઇ સુતાર પથરી ઉપર પોતાના રંધાનું પાનું ઘસતો હોય એમ. હજામ પણ કેદી હતા. જેલના નક્કી થયેલા સમય મુજબ કામ ન કરે તો જેલની નાની મોટી સજાઓને પાત્ર હતા. હજામ ગરદન ઉપરથી એક પટો લ્યે તે છેક કપાળ ઉપર તાણી લાવે. એમાં કેદી જો ચામડીની બળતરાથી હાલી ઉઠે તો ગોઠણથી માથું વધારે જોરથી દબાવે, ને કેદી માથું દબાયાની વેદનામાં ચામડી ઉપર લોઢું ઘસાયાની આખી બળતરા વીસરી જાય. કેદી જો ચામડી બળતાં સીસકારા કરે, જરા ચીસ નાંખે તો હજામ ગાળ દે ને માથે ઉભેલો કેદી વોર્ડર ઉપહાસ કરેઃ ‘ અહીં તો બાપના લગનમાં આવ્યા હશો, ખરું ને ?’ કોઈ સમયપારખુ જૂનો કેદી ક્યાંકથી એકાદ બીડીનું ઠૂંઠું કાઢે, તો હજામ પણ ક્યાંકથી ધોવાના સાબુની પતરી કાઢે.

પરસોતમને મનમાં એમ થયું કે જેલમાં જો આટલું જ કામ અને બધું આવું જ હોય તો જેલ ધીમે ધીમે સહનિય બને ખરી. પરંતુ કવોરેન્ટાઇનમાં સાતેક દિવસ રહ્યા પછી એને માટે જેલનાં ચક્રો વધારે વેગીલાં બન્યાં. માથે મૂંડો કરાવેલા પરસોતમને એક દિવસ ધોયેલી તંગડી ને ધોયેલું પહેરણ પહેરાવીને જેલની ઇસ્પતા-લમાં લઇ ગયા. ત્યાં એને શીળી ટાંકવામાં આવ્યાં; શારીરિક તપાસ કરવામાં આવી; પગ ઉંચા નીચા કરાવી ઘોડાની જેમ ચલાવવામાં આવ્યો; જીભ બહાર ખેંચાવીને કૂતરાની જેમ હાંફતો ઉભો રખાવામાં આવ્યો; એકલો કચ્છ લગાવીને બાવાની જેમ એને બેસારી રાખવામાં આવ્યો, અને પછી જેલના દાકતરે એની ‘ હીસ્ટરી ટિકિટ’માં લખ્યું: ‘ G. H.–એટલે કે ‘ ગુડ હાર્ટ’ ગમે તેવી સખત મજૂરીને એ લાયક કેદી છે. એની પાસેથી જેલમાં આંકરું કામ લેવું.’

દસમે દિવસે સાંજે એને જેલર સમક્ષ ખડો કર્યો; ને જેલરે

એને કામગીરી સોંપી—ચક્કીની. એક સિંધી જેવા દેખાતા ને કરડા દાઢીવાળા વોર્ડરે એનો કબજો લીધો. પશુ જાણે એક પાંજરેથી બીજા પાંજરામાં પૂરાયું.

ચક્કીની વિષમતા વિષે પરસોતમનાં મૂંગે મોંએ ને આફતના પડઘા સાંભળવાને સરવા રહેતા કાને ઘણું ઘણું સાંભળ્યું હતું. એ દાનવી યંત્રની ભયંકરતાની પૂરોગામી દહેશતથી તે આખી યે રાત પરસોતમે કંપતી અનિંદ્રામાં ગાળી: 'રેલ, રેંટ ને ચક્કી' એ તો જેલમાં ભલભલા પહેલવાનનાં પાણી ઉતારનારી જળો જેવાં વર્ણ-વાયેલાં એણે સાંભળ્યાં હતાં. ને અન્ય કોઇ વાતોની સ્મૃતિએ નિસ્તેજ બનેલી એની બુદ્ધિ આ વર્ણનોની સ્મૃતિથી ફરી ફરી ઉછળીને પરસોતમને બહાવરો બનાવી રહી હતી.

[૧૩]

સવારે એ ઉઠયો. સાહજીક રીતે એ સૌથી વહેલો ઉઠીને પથારીમાં બેસી રહ્યો હતો. બાળપણમાં શીખેલા, અને પછી તદ્દન ભૂલાઈ ગયેલા ઇશ્વર પ્રાર્થનાના સંસ્કૃત શ્લોકો એના અંતરમાં ઉભરાવા લાગ્યા. ગૂજરાતી નિશાળમાં ગોખેલી ઇશ્વર સ્તુતિની કવિતા એની ઉજ્જડ સ્મૃતિમાં ઉભરાઇ આવી. કોઇ ડૂબતો માણુસ તણખલાને બાઝે એમ એ આ પ્રાર્થનાઓને વળગી રહ્યો. સમાજે એને નકામો ગણીને ફેંકી દીધો હતો. કાયદાએ એને આ સમાજની કચરાપેટી સમી જેલમાં પૂરી દીધો હતો. હવે? હવે તો ઇશ્વર એક એની વહાર કરે! એ બિચારાને ખબર નહોતી કે જેલની દુર્ગમ દીવાલોમાં 'રજા સિવાય' કોઇથી નથી અવાતું. ખુદ ઇશ્વરનું નામ પણ જેલ સુપ્રિન્ટેન્ડેન્ટની ચોકી નીચે અઠવાડિયે—અને તે પણ રવિવારે—અરધો કલાક આવી જાય છે. અને 'કેદીઓની ઉન્નતિ' સાધનાર મંડળનો ઉપદેશક અરધો કલાક ગીતાના સંસ્કૃત શ્લોકો અબૂઝ કેદીઓ પાસે

વાંચી, કેદીઓને આ લોકમાં નહિ; પરંતુ પરલોકમાં મળનાર સુખનો બોધ આપીને કેદીઓની આધ્યાત્મિક ઉન્નતિ સાધે છે.

'જેલની ચહા' સમી જારના લોટની કાંજી પરસોતમને હવે કોઠે પડવા માંડી હતી; પરંતુ એને તે દિવસે એ પણ ન ભાવી. એ લોટની અંદર એણે પોતાના હાડની કરચો જોઇ.

કાંજી પૂરી થયા પછી એને ચક્કીમાં લઈ જવામાં આવ્યો. એક જંગી અને ભયંકર લાગતી બેરખમાં છાતી સમી ઉંચાઇએ હારબંધ ચક્કીઓ ગોઠવી હતી. દરેક ચક્કી પાછળ કેદીને ઉભવા જેટલી જગ્યા હતી. ચક્કીની બાજુમાં એક કૂંડી હતી ને એમાં દર કેદી દીઠ પાંત્રીસ શેર જાર દળવા માટે રાખવાની હતી. ચક્કી ભારે હોય તો હળવી કરવા માટે પતરાંની બે ત્રણ ચકરીઓ રાખવામાં આવતી, એ છતાં યે જો ચક્કી હળવી ન ફરે તો......કેદીનું નસીબ ! બીજું શું ?

કેદીઓએ પીસેલા આટાને બારીક ચાળવા માટે એક મોટી કૂંડી એ બરાકને એક છેડે હતી; ને એના ઉપર એક મોટી બારીક તારની સોયની અણી પણ માંડ પરોવાય એવી ચાયણી હતી. એ ચાયણીમાં કેદીની મહેનત ચળાતી હતી. કેદીને ફરી ફરીને આટો પીસવો પડતો. ચપટીમાં પણ માંડ સમાય એટલું ચાળણુ પણ રહેવા દેવામાં આવતું ન હતું. બધી જ જાર એની કાંકરી, એના કરડુ, ને એના છાલછોતરાં સહીત દળી દળીને આંખમાં અંજાય એવા આંજણસમી બનાવવાની હતી.

અને જો કોઈ કેદી એ ન કરી શકે તો ચક્કીનો વોર્ડર એને પહેલાં તો આપમેળે, ને આપબુદ્ધિએ સજા કરે. કયા પ્રકારની સજા એ કરી શકે છે ને કયા પ્રકારની સજા એ નથી કરી શકતો એ પૂછવાનું સાહસ કોઇ ખેડતું નહોતું–કોઇએ ખેડયું નહોતું ને જેલના

નિયમો કાંઇ દીવાલ ઉપર કેદીઓ વાંચી શકે એમ ચોડવામાં આવતા નથી.

પહેલે દિવસે પરસોતમે મહામહેનત કરીને જારની સાથે શરીર પણ દળી નાંખ્યું ને હાડ પણ ઘસવી નાંખ્યા. આટામાં પોતાનું લોહી સીંચ્યું, તો યે એનાથી 'વરધી' પૂરી ન થઇ. તે દિવસે 'વોર્ડરે' એને કડવાં વેણ કહીને જ માત્ર સંતોષ પકડયો.

હાડ તોડી નાંખનારી એ મહેનતના ફરી ફરીને શરીરમાં ઉછાળો મારતા થાકને જીરવવાને અશક્ત પરસોતમ ઉંઘી શકયો નહિ. થાકેલાં, ત્રાસેલાં એના ચિત્તમાં માત્ર એક જ વિચાર આવ્યો: 'જેલમાં પૂરાયેલા કેદીઓ પાસેથી વસૂલ લેવામાં આવતી 'વરધી'થી અરધું પણ કામ જેલની બહાર એમને આપવામાં આવતું હોય તો ?'

[૧૪]

પરસોતમને જેલમાં ગયે બે એક વર્ષ થઈ ગયાં. એ બે વર્ષે એના શરીર ઉપર વીસ વર્ષનો અવસ્થા ભાર લાદ્યો હતો. એ બે વર્ષમાં 'અધૂરી વરધી'ની, 'દંડાબેડી,' 'હાથકડી,' 'અંધારી' વગેરે સજાઓ પામતાં પામતાં એ ઘડાઇ ઘડાઇને રીઢો થઈ ગયો હતો. ખરબચડા પત્થરને ટાંકણેથી ઘસી ઘસીને સલાટ જેમ નમૂનેદાર મૂર્તિ બનાવે, એમ જેલે પણ પરસોતમને ચસી ચસીને નમૂનેદાર કેદી બનાવ્યો હતો. એની અંગ્રેજી ભાષા તો કયારની યે પીસાઇ ગઇ હતી ને એને સ્થાને જેલની મૂંગી ને બોલતી ભાષા આવી હતી. જેના હાથ નીચે એને રહેવાનું હતું એના પ્રત્યે એ ખિદમતગાર, જેની સાથે એને રહેવાનું હતું તેમાં એ બેપરવા અને તિકડમખોર, જે એનાથી સશકત હતા એની તરફ સોજો, અને અશક્ત હતા એના તરફ દાદાખોર બન્યો હતો. સુપ્રિન્ટેન્ડેન્ટની નજરમાં એ મોઢે માંખ પણ ઉડાડી ન શકે એવો કેદી હતો. જેલરની નજરમાં

એ 'ડાહ્યો' કેદી હતો. પોલીસ હવાલદારની નજરમાં એ સમજદાર છતાં લહેરી કેદી હતો. વોર્ડરની નજરમાં એ સાચવી લેવા જેવો કેદી હતો. બીજા કેદીઓની નજરમાં એ જેલના કાયદાકાનુન ને જેલના વહીવટદારો પ્રત્યે બેપરવા કેદી હતો. પરસોતમ જેલમાં બીડીઓ અને ગોળનો વેપારી હતો.

બે વર્ષને અંતે એક દિવસે પરસોતમને 'કચ્ચા વોર્ડર'ની ધોળી ટોપી આપવામાં આવી. હવે એને જાતે કામ કરવાનું ન હતું, પરંતુ પોતાની પાસે જેવી રીતે અત્યાર સુધી કામ લેવામાં આવતું હતું એ રીતે બીજા કેદીઓ કામ કરે છે કે નહિ એની પાકી ચોકી કરવાનું કામ એને સુપ્રત થયું હતું. જ્યાં જેલના 'ગુનાઓ' બદલ કેદીઓને એકતરફી શાસન સુપ્રિન્ટેન્ડેન્ટ સંભળાવતા એ 'રજૂ કરવાને' બરાકના ફાટક ઉપર એને ઉભા રહેવાનું હતું.

એક દિવસે આ કેદી સવારના પોતાના ફાટક ઉપર ઉભો હતો. આઠ વાગે સુપ્રિન્ટેન્ડેન્ટ આવ્યા. ને આઠ વાગે લગભગ પચાસ કેદી-ઓની 'ફેલ' આવી. એ પચાસે કેદીઓ 'જેલના કાયદા' ના 'ગુનેગાર' હતા. એમને તે દિવસે 'બડા સાહેબ' પાસે રજૂ કરવાના હતા.

'બડા સાહેબ' એ જેલના આલમગીર છે. એમનું હૃદય સાધારણ રીતે એમના બંગલામાં રહે છે. એમની આંખો સાધારણ રીતે 'ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પ્રીઝન્સ'ની કચેરી ઉપર હોય છે. એમના કાન સાધારણ રીતે કેદી દરોગાઓની જીભ ઉપર હોય છે.

'બડા સાહેબ' પાસે રજૂ થયેલો કેદી જો સજા સિવાય પાછો ફરે તો પછી ફરિયાદ કરનાર દરોગાનું વજન ને વજૂદ શું રહે? તો પછી જેલની શિસ્ત કેમ જળવાય? એટલે પછી 'દંડા બેડી,' 'ઉભી હાથકડી,' 'શણના કપડાં,' 'કાંજી,' 'અંધારી,' એક એક કેદી રજૂ થતો જાય ને એના કિસ્મતમાં હોય તે સજા 'સાહેબ'ના મુખમાંથી નીકળતી સાંભળતો જાય. પંદરથી વીસ મિનિટની અંદર પચીસ પચાસ કેદીઓના ન્યાય ચૂકવીને 'બડા સાહેબ' ઉઠી જાય.

જેલમાં ન્યાય સદા સરલ અને સદા દંડપ્રેમી હોય છે. ને એની સામે ક્યાંય દાદફરિયાદ હોતી નથી. પરસોતમે રોજ સવારે આઠ સવાઆઠ વાગે કેદીઓને રજૂ થતા જોયા હતા. કોઇ વરધી નહોતું પૂરી કરી શકતું, કોઇ દરોગાની સામે બોલ્યો હતો, કોઇ પોતાના કપડાં ચોખ્ખાં નહોતો રાખતો, કોઇ બીડી તમાકુ સાથે પકડાયો હતો, કોઇ રોટલા સંઘરી રાખતો હતો, ને સહુ કોઇ જેલમાં અપાતી અનેકવિધ સજાઓમાંથી એક બે કે સાત દિવસ માટે ભોગ બનીને પાછો જતા હતો.

પરંતુ આજનો મામલો પરસોતમને કંઇક જુદો લાગ્યો. રજૂ કરવા માટે કેદી દરોગાઓ વીસેક કેદીઓ લઇને આવ્યા હતા. એમાંથી એક સશકત દેખાતા કેદીને જરા અલાહેદો રાખવામાં આવ્યો હતો. બીજા બધા પોતપોતાની સજા સાંભળીને પાછા ગયા ત્યારે છેલ્લે આ કેદીને રજૂ કરવામાં આવ્યો.

'ક્યા હે?' બડા સાહેબે પૂછ્યું.

'યે કામ નહિ કરતા સાબ!' એક ભીલ જેવા દરોગાએ ફરિયાદ કરી. 'બહોત મનાયા, બહોત સમજાયા, દો દફે આપકી પાસ રજૂ કિયા, દો દફે આપકી ઉસને સજા પાયા; ફીરભી કામ નહિ કરતા હે.' પરસોતમે બડા સાહેબની આંખમાં સિન્દૂર સીંચાયેલો જોયો. એમના કપાળ ઉપર પડેલી કરચલીઓમાં પરસોતમે હઠીલી નાફરમાની પ્રત્યે રોષ વાંચ્યો. 'ક્યું?' લોઢું ઘસાતું હોય એવા અવાજે બડા સાહેબે કેદી સામે જોયું.

'હજૂર!' કેદીએ કહ્યું: 'હું વાઘરી છું; ભંગિયો નથી. મેલું ઉપાડવાનો મારો ધંધો નથી. અમારી કોમ મેલું ઉપાડે નહિ. અમારો દેહ વટલાય. માબાપ, બીજું કામ ચીંધો એ કરું.'

'જો બતાયા વોહી કરના હોગા.' બડા સાહેબે મોઢામાંથી ચીરૂ-ટનો ધૂમાડો કાઢતા ફેંસલો આપ્યો.

'હજૂર......!'

'ચૂપ કરો. મુહ બંધ કરો. ક્યા ઇધર બાપકી શાદીમેં આયા હો? તગડા હો કર કામ નહિ કરતે, ક્યું?' બડા સાહેબે પોતાના ફેંસલા ઉપર જાણે ટિપ્પણ લખી. બડા સાહેબ ખુરશી ઉપરથી ઉઠ્યા. કેદી દરોગા સામે જોઇને એમણે ફરમાવ્યું: 'અભી લે જાઓ, ઓર અંધારી મેં રખ્ખો. જરા ઉરાકું ગરમ કરો. ફીર ભી ન માને તો હમારી પાસ લાઓ. હમ દેખેગા.'

ઇરાદાપૂર્વક આંખો બંધ કરનાર બડા સાહેબ 'હમ દેખેગા!' કહીને જ્યારે ચાલતા થયા ત્યારે એમણે ભીલ દરોગાના ચહેરા ઉપર પ્રગટીને ખૂઝાઈ ગયેલું ક્રૂર હાસ્ય જોયું કે નહિ એની પરસોતમને શુદ્ધ ન રહી. બડા સાહેબે એ હાસ્ય જોયું હો કે ન હો; પરંતુ પરસોતમે તો તે જોયું ને એનું અંગેઅંગ એ નારકીય દર્શનથી ધ્રૂજી ઉઠ્યું.

પેલા વાઘરી કેદીને તો ત્યાંથી લઈ જવામાં આવ્યો; પરંતુ બડા સાહેબ, વાઘરી કેદી અને ભીલ દરોગાની ત્રિમૂર્તિ એના મનઃચક્ષુ સમીપથી દૂર ખસ્યાં નહિ.

કોઈક વાર એ પરસાળમાં ઉંચી ખુરશી ઉપર બડા સાહેબને ચીરૂટના ધૂમાડા કાઢતાં જોતો. એના કંટાળેલા ચહેરા ઉપરની બેપરવાઇમાં એ વાઘરી કેદીની, તમામ કેદીઓની, પોતાની પશુવત્ સ્થિતિ વાંચતો. કોઇ વાર એ ભીલ દરોગાના ચહેરા ઉપર રમી રહેલું ક્રૂર હાસ્ય જોતો, ને એક માનવસૃષ્ટિમાં સમસ્ત સજીવસૃષ્ટિનું –સિંહ ને વાઘથી માંડીને હરણ ને કીડા સુધીનું–સ્વભાવ–પ્રતિનિધિત્વ જોતો. કોઈકવાર એ વાઘરી કેદીને જોતો ને કેદીઓની, વાઘરીની, પોતાની અનાથતાનો એને ખ્યાલ આવતો.

અને ન સમજાય એવી અશાંતિમાં, ન સમજાય એવા ઉદ્વેગમાં, ન સમજાય એવી વ્યગ્રતામાં એણે એ દિવસ વિતાવ્યો. આખો દિવસ એને લાંબો–અતિ લાંબો ને અણખૂટ લાગ્યો. ને આખરે જ્યારે કામ બંધ કરવાના ઘંટા વાગ્યા ત્યારે આખો દિવસ કેમ અને કયાં વીત્યો એનું એને ભાન ન રહ્યું.

સાંજ પડી, સાડાપાંચ ને છ વાગ્યાનો સુમાર થયો અને જેલ બંધ થઇ.

છએક વાગ્યા હશે અને જેલના કેદીઓનો મેળ મળી ગયો છે એવું સૂચવતા ઘંટા થયા.

એવે સમે જેલના કિરાની જેલર, જેલનો સૂબેદાર, સરકારી દરોગાનો હવાલદાર, ને બે કેદી દરોગાઓ 'અંધારી' તરફ ચાલ્યા જતા હતા. જેલ બંધ હતી. કેદીઓ, સરકારી દરોગાઓ, કેદી દરોગાઓ પોતપોતાને મથકે હતા. એટલે અજવાળા અંધારામાં—બહારના જગત કરતાં જેલની ભીંતરમાં સૂર્ય સર્વદા મોડો દેખાય છે, ને વહેલો નજર બહાર થાય છે—ચાલી જતી આ ટોળીને બહુ જ ઓછા માણસોએ જોઇ.

પરસોતમની આબરૂ જેલમાં મૂંગા ને કહ્યાગરા કેદીની હતી. એટલે જેલરે પરસોતમને ય સાથે ઉપાડ્યો.

ને છ માણસોની આ ટોળી એ વિશાળ ને ભેંકાર જેલની અંધારી બરાકમાં પેઠી.

ઘોર ને ગાઢ અંધકારમાંથી ચોસલું કાપીને મૂક્યું હોય એવી ઉંચી ને કાળી પડછંદ દીવાલ એ બરાકને વીંટળાઇ વળી હતી. એ દીવાલની બરાબર સામે થોડાક જ રસ્તો મૂકીને અંધારીની કોટડીઓ શરૂ થતી હતી.

કોઇ સરકસવાળાને ત્યાં હીંસક પશુઓને પૂરવા માટે પણ વધારે ઉજાસવાળાં પીંજરા હોય છે. કોઇ પશુસંગ્રહસ્થાનમાં ચિત્તા ને દીપડા ને વાંદરાને પૂરવાની પણ વધારે સારી સોઈ હોય છે.

માનવી પકડાયેલા વાઘને સારી રીતે રાખે છે; માનવી પકડાયેલા ચિત્તાને સારી રીતે રાખે છે; માનવી પકડાયેલા શકરાને સારી રીતે રાખે છે; માત્ર માનવી પકડાયેલા માનવીને જ સારી રીતે નથી રાખી શકતો. માનવીનો માનવીથી ક્રૂરતમ શિકારી બીજો કોઈ નથી.

એ બરાકમાં બાર કોટડીઓ હતી. ને એમાંથી છ સાત તો ખાલી હતી. પહેલી પાંચ છ કોટડીઓમાં એક એક કેદી હતો. ત્યાર પછીની કોટડીઓ ખાલી હતી. ખાલી ખોલીઓ પછી છેક છેવાડની ખોલીમાં વાઘરી કેદીને પૂરવામાં આવ્યો હતો. એ ખોલીમાં બારણું ઉઘાડી આ ટોળું અંદર પેઠું. પરસોતમને ખોલીના ઉંબર ઉપર ઉભા રહી બહાર નજર રાખવાનું કામ સોંપાયું. ને બીજા બધા અંદર પેઠા.

વાઘરી કેદી કંબલ ઉપર સૂતો હતો એ ઉભો થઈ ગયો. એની આંખમાં ભયના ઓળા જેવું આવી ગયું. એનો ચહેરો પીળો પડી ગયો. પરંતુ જેલની અંધારી ખોલીમાં ખુદ કિરતારની યે નજર નથી પહોંચતી તો પછી આવનારાઓની નજર તો ક્યાંથી જ પડે?

જેલરે વાઘરી કેદીને પૂછ્યું: ‘ક્યું વરધી કરેગા?’

વાઘરીએ જવાબ આપ્યો: ‘માબાપ! સોંપો એ કામ કરું, પણ મેલું ઉપાડવાનું કામ મને ન સોંપો. મારી નાતવાળા મારા મોઢા ઉપર થૂંકે. મારી બૈયર મારું ઘર ભાંગીને ચાલી નીકળે. મારી કાયા વટલાય.’

‘એ હું કાંઇ નથી સાંભળવા માગતો.’ જેલરે કહ્યું: ‘તને સોંપેલું કામ તું કરવાનો છે કે નહિ?’

વાઘરીએ ભોંય સામે જોયું. એના ચહેરા ઉપર નરી અનાથતા છાઇ ગઈ. ભૂર્જપત્ર શી એની કાયા કંપી ગઇ. એક ઉંડો નિશ્વાસ નાંખીને એણે ડોકું ધૂણાવ્યું.

'ચું ?' લાંબા વખતના બંધ મકાનનાં મિજાગરાં ચડચડે એવા અવાજે જેલરે કહ્યું: 'અચ્છા. દેખતા હું કહાં તક તુમ વરધી નહિ કરતે? વાર્ડર! ઉસકુ જરા ગરમ કરો.'

પરસોતમની આંખે ચક્કર જેવું આવ્યું. ધરતી ધણધણતી હોય, મકાનો જમીનદોસ્ત થતાં હોય એવા અવાજો એના કાનમાં ગાજ્યા. જાદુગરે નજરબંધ કરી હોય એમ એની આંખો નિમેષ વગર ફાટી રહી. એણે ભીલ કેદી દરોગાને પોતાનો દંડો વાઘરી કેદીના માથામાં મારતો જોયો. તત્કાલ બીજા કેદી દરોગાઓ પણ વાઘરીને ભોંય પર પાડીને એને દંડાવતી, ચંપલવતી, હાથોવતી મારવા પીંખવા લાગ્યા.

વાઘરીએ ચીસ પાડી: 'ઉસકા મૂંહ બંધ કરો.' જેલર સાહેબ કોઈ અખાડામાં કુસ્તી જોતા હોય એમ પોતાની સોટી વીંઝતા આ જોઇ રહ્યા હતા. એમણે હુકમ કર્યો. વાઘરીના મોંમાં ડૂચો મારવામાં આવ્યો. અને પછી નદીના ઘાટ ઉપર કોઇ ધોબી જાડું લૂગડું પછાડતો હોય એવા અવાજોની તડાતડી સિવાય બીજું કાંઈ ત્યાં સંભળાઈ શકાયું નહિ.

પાંચેક મિનિટ પછી જેલર સાહેબે ફરમાવ્યુ: 'સબૂર.' દરોગાઓ મારતા બંધ રહ્યા. 'ઉસકા મૂંહ ખોલો.' વાઘરીના મોઢામાંથી ડૂચો કાઢી લેવામાં આવ્યો.

'ક્યું? ક્યા હે? વરધી કરના હે યા નહિ?'

'મારો ધરમ......'

'અબભી ઔર ગરમ કરો.' જેલર સાહેબે હુકમ આપ્યો ને વાઘરીને ફરીને ભોંય પર પાડી દઈને મોંમાં ડૂચો મારીને ગરમ કરવામાં આવ્યો.

પરસોતમની આંખો આ જોઈ શકતી નહોતી. એની આંખે કમકમાં આવતાં હતાં અને એની આંખો એ ફેરવી લેતો. ફેરવી લીધા પછી એની આંખો આ કારમા દેખાવ ઉપરથી દૂર ખસવા ઇન્કાર કરતી હોય એમ પાછી એના ઉપર બાઝતી.

પરસોતમને અંગેઅંગ પરસેવો વહી ગયો. એનો ચહેરો, મગજ તદ્દન ઉજ્જડ થઈ ગયાં. ને એના બહેરા બનતા જતા કાનમાં ઘાણીના કુટવા જેવા અવાજ આછા ને આછા થતા સંભળાવા લાગ્યા. દશ મિનિટ! પંદર મિનિટ! શું કોઇ નહિ થાકે? શું કોઇના હાથો ખરીને નીચે નહિ પડે? શું કોઇની આંખોમાંથી લોહીની ધારા નહિ વછૂટે? પરસોતમ ચિત્તશૂન્ય બની ગયો. એ ઉભો છતાં યે રગરગ એની કાયામાં બેભાની પ્રસરી રહી.

ક્યાં સુધી એ એમ ને એમ બેભાન જાગ્રત અવસ્થામાં રહ્યો હશે એનું એને ભાન ના રહ્યું. પરંતુ આખરે કોઇક એને ચીડવાઇને ઢંઢોળતું હોય એમ એને લાગ્યું. એક ક્ષણભર ચક્કી, રેંટ, રેલપાટી એની આંખ આગળ તરી ઉઠ્યાં. બીજી પળે એ ભાનમાં આવ્યો. એણે જેલરને પોતાની સામે ઉભેલા ને પોતાનો ખંભો હલાવતા જોયા:

'દેખ એ ય ઉલ્લુ!' જેલર અર્ધ રોષમાં ને અર્ધ ઉતાવળમાં બૂમ પાડતો હતો.

'જી...જી...જી...' પરસોતમ હવે પૂરો સભાન હતો.

'દેખ. યે કેદી ઢોંગ કરતા હે.' જેલરે અંદર ઢગલો થઈને પડી રહેલા વાઘરી તરફ આંગળી ચીંધી કહ્યું:

'વરધી કરના નહિ, કાયદા મુતાબિક કરના નહિ, ઔર ફીર ઢોંગસૉાગ લગાના.' જેલર બોલ્યાઃ 'તુમ ઇધર હી રહો. ઇસકું ઔર દૂસરા કેદીઓ કો આપસ આપસમેં, ઔર દૂસરા કીસીકું સાથ બાત મત કરને દો.'

'અચ્છા.' પરસોતમે યંત્રવત જવાબ આપ્યો.

'તુમારી બદલી મેં કરા દેતા. સૂબેદાર! ઇસકી જહાં હો વહાંસે ઇધર બદલી કર લો, અભી કે અભી. ઔર દેખો, તુમ કચ્ચા!' પરશોતમને ઉદ્દેશીને જેલર બોલ્યાઃ 'ફજરમેં હમકુ બતલ્લા દોઃ યે કેદી કયસા હે.'

જેલર, સૂબેદાર, કેદી દરોગાઓ, સરકારી હવાલદારનું મંડળ જવાને ઉપડ્યું. જતાં જતાં સૂબેદારે પરસોતમને કહ્યુઃ 'દેખો, ઉસકુ હમારી વિના રજા, દાકતરકી પાસ ભેજને કા નહિ હે.'

સૂબેદારે જેલર સામે જોયું. જેલરના ચહેરા ઉપર આછું સ્મિત રમી રહ્યું ને બધું મંડળ રવાના થયું.

પરસોતમ ઉભો ઉભો એ મંડરને વિદાય થતાં જોઇ રહ્યો

જેલર, સૂબેદાર, હવાલદાર ને કેદી દરોગાઓનું મંડળ દેખાતું બંધ થયું તોય જે ફાટકમાંથી તેઓ પસાર થયા હતા એની સામે ક્યાંય સુધી પરસોતમ ઉજ્જડ આંખે તાકતો ઉભો રહ્યો.

પરસોતમની આંખો ફાટી ગઈ હતી. અનાથ અસહાયતાની રૂદ્ર ભીષણતા એના મુખ ઉપર છવાઇ હતી, અને એના મુખને પીળા–કાળા રંગે રંગી રહી હતી.

પરસોતમને અંગેઅંગ કંપારી આવતી હતી. એનું અંગેઅંગ ધ્રૂજતું હતું. એના મગજમાં લોહી ગાજતું હતું ને એના જ્ઞાનતંતુ-ઓને બહેરાં બનાવી રહ્યું હતું. પોતે કાંઇ વિચાર કરે છે કે નહિ, પોતે વિચારતો હોય તો શું વિચારે છે, પોતે શાની ઉપર વિચાર કરે છે એનું કશું યે ભાન એને નહોતું.

જીવતી કબરની શિલા સમો ભેંકાર ગઢ અંધકારના સ્થૂળ ચોસલા સમો એની સામે ઉભો ઉભો એને દંડ આપનારની બેપરવાઈ ભરી સ્થૂળ ગુરુતા અને દંડ સહેનારની અસહાયતા ભરી પામર લઘૂતાનું આત્મભાન એનામાં ઝેરના બુન્દે બુન્દે સીંચી રહ્યો હતો. અંધારીની પરસાળમાં એ આમતેમ પરિભ્રમણ કરતો હતો.

એક વિશાળ ફરસબંધ કબ્રસ્થાનમાં દટાયેલો માનવી કફન તોડીને જાણે કે બહાવરા જેવો આમતેમ ઘૂમતો હોય અને ભૂતની સૃષ્ટિ જોતો હોય એમ એ ટહેલતો હતો ને અંધારીમાં પૂરાઇને અંધ-કારમાં ભૂતના ઓળા જેવા દેખાતા કેદીઓ સામે એ જોતો હતો.

અબોલ સૃષ્ટિમાં અવાચક રોગી ઘૂમતો હોય એમ પરસોતમ આમતેમ ઘૂમતો હતો. બીજા કેદીઓ અબોલ હતા. પરસોતમ અવાચક હતો. એનાં અંતરમાં તો કંઈ અકેક વાતો એક સામટી જળતી હતી, છતાં એ શા માટે એક શબ્દ બોલતો ન હતો એ એ જાણતો નથી. એનું હૃદય ચીસ ઉપર ચીસો નાખતું હતું. એની જબાન એક હરફ સરખો યે કાઢવાનો ઈન્કાર કરતી હતી.

ક્યાંય સુધી પરસોતમ આમતેમ ઘૂમ્યા કર્યો. એણે અંધારી રાતમાં હજાર આંખ માંડીને આભને ધરતી સામે મીટ માંડતું જોયું. આછો મંદ પવન એના શરીરના દાહને શીતળ બનાવી ગયો.

નશામાંથી માનવી ઝબકીને એકાએક જાગે એમ પરસોતમ ચમકીને ભાનમાં આવ્યો. એ સમયે રાતના પાંચેકનો સુમાર થયેલો એણે કલ્પ્યો.

કેટલા બધા કલાક પોતે કેવી રીતે વિતાવ્યા એની ક્ષણભર પરસોતમને વિમાસણ થઇ પડી. પોતે કોઇ દિવસ નહિ ને આજે અંધારીમાં ક્યાંથી એની એને વિમાસણ થઈ પડી.

કારમો ઓથાર અંતરમાં જાગતો હોય એમ એકાએક બધી વાત એને યાદ આવી. એને વાઘરી કેદી યાદ આવ્યો. એને જેલર ને એના મંડળની મુલાકાત યાદ આવી. વહેતા પાણીમાં કોઇ લાકડી પછાડતું હોય એવા અવાજોના પડઘા એના કાનમાં સંભળાયા.

પરસોતમે એક દોટ મૂકી. વાઘરી કેદીની ખોલી પાસે જઇને એણે અંદર જોયું. એણે વાઘરીને વેદનાથી કણસતો, કળતરથી ચીસ પાડતો કલ્પ્યો હતો; પરંતુ ગાઢ અંધકાર હતો. બત્તી હતી નહિ. ને વાઘરી કેદીની ખોલી પાસે બધું જ સૂનસામ હતું.

પરસોતમે આતૂરતાએ સરવા બનેલા કાનો ખોલીના દરવાજા ઉપર માંડ્યા. અંદરથી કશો જ સંચાર, કશો જ અવાજ આવતો સંભળાતો ન હતો.

એક ક્ષણ પરસોતમ એ ખોલી પાસે જઇને ઉભો રહ્યો. એણે સળિયા પાછળના ગાઢ અંધકારમાં કાન માંડ્યા. એની આતૂરતા જાણે કે સારડી બનીને જરૂર અંધકારને છેદતી હોય એવો અવાજ એના કાનમાં થયો. પરંતુ એ અવાજ સિવાય બીજું કાંઇ એને ન સંભળાયું.

ક્યાંય સુધી એ એમને એમ કાન માંડીને ઉભો રહ્યો. જેલના કલાકના એક પછી એક ઘંટા બાજવા માંડ્યા. આકાશમાં એક પછી એક તારો ડૂબવા લાગ્યો. પોહ ફાટ્યો. ખોલીની અંદરનો અંધકાર નક્કર બનીને આછા ઉજાસમાં પરિણમ્યો. પરંતુ એ કોઇનાથી યે એ ખોલીની અબોલ તોલદાર શાંતિનો ભંગ ન થયો.

સવાર પડી ને માણસની અવર જવર થવા માંડી. આછા ઉજાસમાં પરસોતમે વાઘરી કેદીને ખોલીની વચમાં ઉંધે માથે પડેલો જોયો. એ જરાયે હાલ્યો ચાલ્યો હોય એમ દેખાયું નહિ.

અપાર્થિવ પિળાશ એના ચહેરા ઉપર છવાઇ હતી. જાણે એના સ્નાયુએ સ્નાયુઓમાં હળાહળ ઝેરની જેમ સિંચાયું દેખાતું હતું. એની આંખો બંધ હતી. પરંતુ શ્વાસ પણ બંધ હતો કે? કંઈ જ હાલતું, કંઈ જ ચાલતું, કંઇક ધમાતું આછુંપાતળુંયે એને દેખાયું કે સૂઝ્યું નહિ.

ખોલી બંધ હતી. ને એની ચાવી એની પાસે ન રહેતી. એ તો રહેતી અંધારીના હવાલદાર પાસે. ને હવાલદાર હજી આવ્યા નહોતા કે એ પોતે ખોલીને અંદર તપાસ કરવા જઇ શકે. અનેક આશંકાઓથી પીડાતો, અત્યાર સુધીના કોઠે પડી ગયેલા જેલવાસમાં શોષાયેલી માનતી હમદર્દીને પુનઃ પ્રગટતી અનુભવતો એ ખોલીના કાળા જાડા સળિયાની વચમાં ફાટેલી ને ઉત્સુક આંખો જડીને વાધરીને તાકતો અને તાકતો જ ઉભો રહ્યો.

જેલના દરવાજા ઉપર જેલર સાહેબ બેઠા હતા ત્યાં એક કેદી–દરોગો આવ્યો અને એની પાછળ પરસોતમ આવ્યો. દરોગાએ સાહેબને સલામ કરી. પરસોતમ તો કેદી હતો, એને તો સાહેબને સલામ કરવા જેટલો ય હક્ક નહતો. સલામ પણ માણસ હોય એ જ કરી શકે ને?

'અચ્છા, ક્યા હે?'

'સાહેબ!' પરસોતમે કહ્યું: 'પેલો કેદી...'

'ક્યા કેદી?' જેલર સાહેબે અમલદારી સખ્તાઇ સિવાય બીજો કશો જ ભાવ બતાવવાને પ્રથમદર્શન સર્વદા અશક્ય જ લાગે એવા ચહેરે પરસોતમ સામે જોઇને કહ્યું.

'અંધારીમાં છે તે?'

જેલર સાહેબને કાંઇક વિસરાયેલું યાદ આવ્યું હોય એમ એમની આંખો એક મટકું મારી ગઇ. કાંઇક ચિંતા આવી ગઈ હોય એમ દાંતે દાબેલા હોઠનો લીસોટો ક્ષણભર એમના ચહેરા ઉપર ખેંચાઇ ગયો. પછી પાછી પૂર્વવત્ સખ્તાઇ એમના વદન ઉપર છાઇ.

'હાં, વો વાઘરી! જો વરધી નહિ કરતા હે વો. અબબી બેશુદ્ધ હે?'

'જી–હા.'

'અચ્છા. જાઓ.'

જેલર સાહેબે તો એટલું કહીને ચોપડીમાં માથું નાંખી દીધું. પરસોતમના દિલમાં પૂછવાનું થઈ આવ્યું.

'જેલર સાહેબ ! ઉસકું દાક્તર દાદાકી પાસ—'

'સૂબેદાર કુ બોલો. વાર્ડરમે કેદીકુ લે જાઓ.'

અસહાય પામરતા પરસોતમના રોમે રોમમાં કાળી બળતરા લગાડી ગઇ. નિર્વીર્ય રુદ્રતા એના હાડની કણીએ કણીમાં ચિત્કારી ઉઠી. પરંતુ પરસોતમથી હવે બોલાય એમ નહોતું. વગર બોલાવ્યે બોલવાની ને 'સાહેબો' સાથે વાત કરવાની જેલની શિસ્ત મનાઇ ફરમાવતી હતી. ને ત્રણેક વરસના અનુભવે પરસોતમ જેલના કાયદાને કુદરતના કાનૂન કરતા યે અવિચળ માનતો થયો હતો. પરસોતમના હૃદયમાં ઉઠેલી પ્રશ્ન પરંપરાઓને વિનવણીઓથી ગળામાં ગૂંગળાતો દરોગાની પાછળ પાછળ ચાલ્યો.

જેલ કચેરીની બહાર પરસોતમે એક વિશેષ પ્રયોગ કરી જોયોઃ 'વાર્ડર સાહેબ ! સૂબેદાર પાસે મને લઇ જશો ?'

'અબે ચલ રે ગંડૂ! પાગલ હો ગયા. વરધી નહિ પૂરી કરે તો માર ભી ખાવે. બાપકી શાદી મેં થોડેહી આયે હે. ઓર હમેરી પર ભી થોડે આયે હે. તુમ તમારે સીધા ચલો, તુમારા ફાટક પર!'

પરસોતમ દીર્ઘ નિશ્વાસ મૂકીને આગળ અને આગળ અંધારી તરફ ચાલવા લાગ્યો. આખી જેલ, આખો ચોક, આખુંયે જેલનું ચક્કર, એને વાવરીના પ્રેતોથી ખદબદતું જોયું. સમાજના પાલવને બાંધવાને કેવાકેવા ટાંકાઓ દેવાય છે એનો એને પ્રથમ અનુભવ થયો. જાણે કે કોઇ શયતાની દરજી કોઈ વિકરાલ સંચા વતી કોઈ ફાટેલી સાડીને ટાંકા મારતો હોય એવું સ્વપ્ન ક્ષણભર એની આંખ

આગળ રમી ગયું. એની તીખી, તીણી ને લોખંડી સોય જાણે કે એના અંગમાં ભોંકાતી હોય એવી એને તીવ્ર વેદના થઈ.

પરસોતમ અંધારીમાં ગયો અને એને સમજાયું કે આખો ય દિવસ એને અંધારીમાં નોકરી કરવાની છે. એક ક્ષણ પોતાને માર પડ્યો હોય, પોતાને તીવ્ર વેદના થતી હોય એવી એને ભ્રમણા થઇ. એક ક્ષણ પોતે વાઘરી જ હોય અને પોતે હાલતો ચાલતો પરસોતમ તે કોઇ બીજો જ માનવી હોય એવી એને વંછના થઈ.

અર્ધ મૂઢ ને અર્ધ વ્યગ્ર હાલતમાં સાંજ પડી ને વળતી સાંજ પડી તો ય વાઘરી હાલ્યો ચાલ્યો જ નહિ. શુદ્ધિમાં આવ્યો નહિ, તેમ કોઈએ એની તપાસ કરી નહિ.

ત્રીજે દિવસે સૂબેદાર આવ્યા. હાથમાં સોટી ફેરવતા. ચૂંચી આંખ કરીને એમણે પૂછ્યું: 'કયું ?' સાંધામાંથી જાણે જીર્ણ કમાડ ચચડ્યું.

'હીલતા ચલતા નહિ.'

'અચ્છા. ખોલી ખોલાઓ. દેખેં કયસા ઢોંગ લગતા હે ?'

પરસોતમે હવાલદારને બોલાવ્યા. હવાલદારે ખોલી ઉઘાડી. સૂબેદાર અંદર ગયો. પરસોતમ પાછળ પાછળ ગયો. પરસોતમે વાઘરીના અંગ ઉપર હાથ મૂક્યો. અંગમાં શીત જડતા હતી. પરસોતમે હૃદય ઉપર હાથ મૂક્યો. હૃદય ધબકતું નહોતું.

પરસોતમના હૃદયે પણ પોતાનો એક ધબકારો ગુમાવ્યો. એનું હૃદય જાણે ધબકતું બંધ પડવાનું હોય એવો ગૂંગળામણ એને થઇ.

વાઘરી મરી ગયો હતો. એના માથાના હાડકાં ભાંગીને ધુળની પોટલી જેવાં બની ગયાં હતાં.

પરસોતમ અવાચક ને જડભરત જેવો બનીને મરણ પામેલા મનુષ્ય–કીટને જોઇ રહ્યો.

પુરસોતમના દિલમાં અજંપો ઘર કરી રહ્યો. એક વોર્ડર અને એક હવાલદાર સાથે મળીને લાશને ખાટલે નાંખી. એણે લાશને જેલની બહાર કાઢીને આટકાટના લાકડા એકઠાં કરીને બાળી નાંખી.

શું માનવીનાં જીવનનાં મૂલ આટલાં જ? શું ગરીબ અને બદબખ્ત માનવીને માટે ક્યાંયે હમદર્દી નહોતી? શું ક્યાંયે એને માટે સ્થાન નહોતું? શું કોઈ નેય એનો ઉપયોગ નહોતો?

આ કેવી રચના? આ કેવું તંત્ર? કોણે આ ભયંકર માનવ સંહારી યોજના ગોઠવી હશે કે જેમાં થોડાં માણસો ઉપર બેસીને ચાબુક મારે ને ઘણાં માણસો બળદ અને ઘોડાને બદલે રથ તાણે?

માણસ, માણસ ઉપર દયા શા માટે બતાવી શકતો નહિ હોય? મહાજન પાંજરાપોળ બાંધે છે. બાવા, ફકિરો કબૂતરખાનાં બાંધે છે. શેઠિયા ઘોડી રાખે છે. સરકાર, દરબાર, રાજા પશુઓનાં સંગ્રહસ્થાન રાખે છે. માણસ ખોડાં ઢોરને ખડ નીરે છે. કાગડાને વાસ નાંખે છે. સિંહ, વાઘ, વરૂ ને દીપડાનાં જતન કરે છે. માણસ માણસને કેમ પાળી શકતો નહિ હોય?

વાઘરીની જલતી ચિતાના અંગારમાં જાણે આવા અનેક સવાલો લખાતા હતા. આકાશ ચડતો ધૂમ્ર જાણે આભ ઉંચો પ્રશ્નાર્થ ચિન્હ મુકી રહ્યો હતો.

પોતે કોણ? શા વાંકે અહીં આવ્યો ? અહીંથી કયારે છૂટશે ? છૂટાશે ખરું કે નહિ ? છૂટયા પછીયે શું ? માનવીની માનવી પ્રત્યેની કિન્નાખોરીમાં, માનવીની ધન લોલૂપતાની ભઠ્ઠીમાં, એનાં સ્વજન અને સંસ્કાર માત્ર જલી ગયાં. એને હૈયે એક માત્ર તાલાવેલી રહી. આ કારમા માનવ સંહારના સંચાથી દૂર દૂર નાસી જવાની. જેલ બહાર ગયા પછી રહેવાય કે નહિ; જેલ બહારનું જીવતું મોત સારું કે જેલની અંદરનું મરેલું જીવન સારું–કાંઈ કરતાં કાંઈ વિચાર એના અંતરમાં ન આવ્યો.

પાછળ શિકારી પડયો હોય ને હરણને જેમ આંધળી નાસભાગ કરવાનો ઉન્માદ થઈ આવે, તેમ પરસોતમના દિલમાં એક માત્ર ઉન્માદ ત્રાડવા લાગ્યો. ગમે તેમ કરીને ગમે ત્યારે પણ આ જેલમાંથી નાસવું, નાસવું ને બસ નાસવું. ગમે ત્યાં ચાહે તો જહન્નમાં ચાહે તો દોજખમાં ચાહે તો જગતને સામે કાંઠે–જગતના અંધારામાં અંધારા ખૂણામાં રહેવું, પરંતુ આ જેલમાં ન રહેવું. વાઘરીની ચિતા ધૂમ ને અંગાર વાટે એને જાણે આદેશ ફરમાવતી હતી.

સાંજના ચારેક વાગ્યા ને સૂબેદાર આવીને પરસોતમને જેલર પાસે તેડી ગયા. જેલરે કહ્યું: 'પરસોતમ! તુમ શાણા આદમી હો. દેખો શાણાલોક જબાન કે જોખમ ઓર કીંમત સમજતે હે.'

પરસોતમને આ પ્રસ્તાવના ન સમજાઈ. એ ચૂપ રહ્યો. જેલરે પોતાની ઝીણી દાઢી ઉપર હાથ પસવારતાં આગળ ચલાવ્યું.

'દેખો! જેલમેં તો જો કાયદા કરતે, વરધી બજાતે, વો જીન્દા બહાર નીકળ શકતા. યે તો જેલ હે. કંઇ બહોતસેં આદમીઓકો કાબૂમાં રખનેકા કામ હે. ઉસમે કોઇ કમબખ્ત મર જાવે તો ઉસકા નસીબ. હમ કયા કરે? જીસકા આવરદા ખૂટ ગયા હે ઉસકુ બડા બડા હકીમભી જીન્દા નહિ કર શકતા તો હમ કયા કરે?

પરસોતમને વાતનો સળ સૂઝવા માંડ્યો હતો. પરંતુ એ ચૂપ રહ્યો.

જેલરે આગળ ચલાવ્યું: 'દેખો! હમ લોગકું કુછ નહિ હોતા. હમારી દેખરેખ હમારા બડા સાહેબ લોગ કર લેગા. મગર યે બાત જો બાહીર ચલ ગઇ તો તુમારા ખરાબ હોગા. ઇસ લીયે કભી બોલના મત'

પરસોતમ અદબસર ઉભો થઈ રહ્યો.

'દેખો! અભી તુમકો કામકી તકલીફ પડતી હોગી. હમ તુમકો રેલપાટીકા વોર્ડર બનાયગા. તુમારે રોજ બ રોજ ઇસ્ટેશન પર જાના

હોગા. ઉધર તુમકો મિલેગા...વો તો તુમને ઇધર તીન સાલ બિતાઈ હે, તો તુમ જાનતાહી હોગા કી ઇધર કયો ઓર કયસે મીલ શકતા. જેલકી ભીતર કુછ મત લાના. બહાર તુમ કયા કરતા. હમ નહિ દેખેંગા. સમજા ? '

પરસોતમ સમજ્યો. એની જબાન બંધ રાખવા માટે કેદી, દરોગાઓને માટે સર્વથી વિશેષ ઇપ્સિત એવી જાતભાતની વસ્તુઓ ને જાતભાતના માણસોની સદા અવરજવર જ્યાં બારે કલાક રહેતી હતી, એવા રેલ્વે સ્ટેશને કામ કરનારા રેલપાટીના કેદીઓના વોર્ડરની જગ્યાની એને રુશવત આપવામાં આવતી હતી.

પરસોતમ મૂંગો રહ્યો. એણે મસ્તક ધૂણાવ્યું.

' સૂબેદાર ! દેખો ! ' જેલરે સૂબેદારને હુકમ કર્યો: ' રેલપાટીકા વૉર્ડર હે ઉસકું બગીચા પાટીમેં ફીરાઓ. ઓર ઉસકું કલ સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબકી પાસ રજૂ કરો. ઉસકું પાઘડી પટ્ટા દિલવાઓ, ઓર રેલપાટીમેં ભેજો. '

' અચ્છા, સાહેબ !' સૂબેદારે જેલર સાહેબનો હુકમ માથે ચડાવ્યો.

ચાર દિવસ પછી પરસોતમને પીળી પાઘડી ને પટ્ટો આપવામાં આવ્યાં. એ રેલપાટીનો વૉર્ડર બન્યો. જીવન કબ્રસ્તાન સમા કારાગારની દીવાલોમાંથી એણે ત્રણ વર્ષ પછી પહેલી વાર ચારે દિશાઓ ક્ષિતિજ સુધી દેખાય એવા ખુલ્લા મેદાનમાં પગ મૂક્યો.

રેલ્વે સ્ટેશન જેલથી અરધોએક માઇલ જેટલે દૂર હતું. અને ત્યાં બે ત્રણ ગાડીઓનું સંગમસ્થાન હોવાથી ગુડઝની ફેરબદલી જબ્બર પ્રમાણમાં થતી.

આ જબરી ફેરબદલીમાંથી જેલ સત્તાવાળાઓએ આમદાની શોધી હતી. એક ગાડીમાંથી બીજી ગાડીમાં માલ ફેરવવા, ચડાવવા–ઉતા-

રવાનો જેલ-સત્તાવાળાએ ઇજારો લીધો હતો. આ ઇજારાથી અલબત્ત સેંકડો મજૂરો ને હમાલો કામધંધા વગરના બન્યા હતા, પરંતુ એથી જેલ નભતી હતી. એવા કામધંધા વગરના મજૂરો જ્યારે નાના મોટા ગુના કરીને જેલમાં આવે ત્યારે એમને પૂરવાને માટે જેલો તો નભવી જ જોઇએ ને ?

અલબત્ત આ ઇજારાની જબરી રકમમાંથી રેલપાટીમાં કામ કરનાર એક પણ કેદીને એક પણ પાઈ મળવાની નહોતી. જેલની અંદર કેદી ગમે તેવી કાળી મજૂરી કરે તોય જેલની બહાર એ પગ મૂકે ત્યારે તો એની સતત મજૂરીના વળતરમાં એને એક ફૂટી બદામ પણ મળવાની નહોતી.

તેમ છતાં ય સશક્ત ને તંદુરસ્ત કેદીઓ આ વિના વળતરની શરીરતોડ મહેનત કરવાને કેમ તૈયાર થતા હતા ? આનું કારણ સ્પષ્ટ હતું.

રેલ્વેનું સ્ટેશન હતું. રોજ આગગાડી ને સેંકડો માણસો જોવાનાં મળતાં. રોજ સ્ત્રીઓને હાલતી ચાલતી જોવાની મળતી. ગમે તેવી વૃદ્ધ હોય, ગમે તેવી કદરૂપી હોય, છતાં એક સ્ત્રી એ જેલના કેદીને કેટલી અસ્વસ્થકર, ઉદ્વેગકર, પૂજનીય છે એ તો જાણુતા હોય તે જ જાણે. શ્રીમંતો ને સ્વતંત્રોની દ્રષ્ટિમાં સીનેમા જેટલો આલ્હાદકર છે, એથીયે વિશેષ આલ્હાદકર મનમોજની દ્રષ્ટિએ તુરંગના કેદીને રેલ્વેનું સ્ટેશન છે.

ને વળી રોજ હજારો મણુ માલ ને સેંકડો ગુણો ફેરવવાની હોય. એમાંથી કોઈ મગફળીની હોય. કોઈ સાકરની હોય. કોઇવાર ગોળના રવા હોય. કંઇક વેરાયું હોય. કંઇક વિખરાયું હોય. કંઇક મળે. કંઇક સ્વાદ આવે. જીભ અને જગત વચ્ચે જેલમાં પડેલું અંતર કંઈક ઓછું થાય.

ને સેંકડો મુસાફરોમાંથી કોઈ કોઈ દયાળુ મુસાફરોયે આવે. કોઈ જાત્રાળુઓ યે હોય. ને કોઈક–જીંદગીમાં એકાદ બે વાર જેલમાં જઈ આવ્યો હોય. એક વાર એક મુફલીસ જેવા દેખાતા મુસાફરે રેલપાટીનાં તમામ કેદીઓને ચાહ ગાંઠિયા ખવરાવ્યા હતા! એક વાર એક સિગારેટ કંપનીના યુરોપિયન એજન્ટે સો સિગારેટો રેલ-પાટીમાં વહેંચી હતી. એક વાર એક શ્રીમંત જાત્રાળુએ પોતાનું મીઠું ને ફરસું ભાથું રેલપાટીમાં વહેંચી આપ્યું હતું. કેદીઓના ઉજ્જડ ને એકરાગી જેલજીવનમાં આ પ્રકરણો સુવર્ણોજ્જવલ અક્ષરે લખાયા હતા. ને એવા કોઈ વિરલ પ્રસંગની આશા સેવતા રેલપાટીના કેદીઓ માર્ગમાં મળતાં બીડી સીગારેટના ઠૂંઠા, મૂળા, ડુંગળીના પાંદડાં, વગેરેથી પણ લગભગ ભૂલાયેલી સ્વાદવૃત્તિ સતેજ રાખતા.

રેલ્વે સ્ટેશન ઉપર એક મારફતિયો હતો. એનું કામ બહોળું હતું. પરંતુ એને અંગ્રેજી જરાયે ન આવડતું. તેથી એને વારંવાર સ્ટેશનના કારકૂનોની ખુશામત કરવી પડતી. રેલપાટી ઉપર દેખરેખ રાખતાં રાખતાં પરસોતમે એનું કામ કરવા માંડ્યું. મારફતિયાને ગોળનાં ગાડાં મળ્યાં. એ પરસોતમને, રેલપાટીને ચાહ પાતો, બીડીઓ દેતો, અવારનવાર સોંઘા નાસ્તા કરાવતો થયો.

ને એમને એમ દિવસો વીતવા લાગ્યા. પરસોતમના કામનો ઉતાર, ને એની જબાનબંધી બન્ને જેલરને સુખકર થઈ પડ્યાં. ને વાઘરીની વાત જાણે વિસરાઈ ગઈ.

જેલના સત્તાવાળાઓ વાઘરીને ભૂલી ગયા અને એની નામશેષ યાદગીરી પણ સ્મશાનમાં વેરાયેલી ભસ્મની સાથે ઉડી ગઇ.

પરંતુ પરસોતમના અંતરમાંથી વાઘરી ખસતો ન હતો. દિવસો પર દિવસો જતાં સ્નેહીઓને પણ મૃત્યુ વિસારે પડે છે, પરંતુ કોણ જાણે કેમ પરસોતમના હૃદયમાં તો દિવસ જતાં દિવસે વાઘરી વધારે ને વધારે સ્થાપિત થતો હતો. ને દિવસોના ધુમ્મસ જેમ ઘેરાતાં હતાં, તેમ તેમ વાઘરીના જીવનની છેલ્લી પળો વધારે ને વધારે બિભીષણ બનતી દેખાતી હતી.

પરસોતમનું ચિત્ત વાઘરીથી ભરાઇ ગયું. બીજી કોઈ વાતને એના અંતરમાં જાણે કે સ્થાન જ નહતું. એ પ્રત્યેક કેદીમાં વાઘરીને જોતો. પ્રત્યેક ફટકામાં વાઘરીની છેલ્લી મરણચીસ સાંભળતો. રેલગાડીના સૂસવાટામાં એ વાઘરીની અંતીમ ચીસ અનુભવતો.

પરસોતમે નિર્ધાર કર્યો કે વાઘરીના રૂહથી અવરાયેલી જેલમાં એક ક્ષણ પણ વિતાવવી એ એને માટે, સદાને માટે દુઃસહ છે. જેલમાંથી નાસવાની એને સગવડ હતી. એક દિવસે અચાનક એને એ સગવડ સૂઝી ગઇ. એક ચાલતી ગાડીમાં એ બેસી ગયો. ગાડી ઉપડી ને આખું સ્ટેશન 'કેદી નાઠો! કેદી નાઠો!'ની ચીસથી ભરાઈ ગયું.

ગાડી ઉપડયા પછી પરસોતમને ભાન આવ્યું કે ગાડીમાં મુસાફરી કરવી જેટલી મુસાફરને સહજ હતી, એટલી કેદીને નાસવા માટે સ્વાભાવિક નહોતી. એક ક્ષણુ એના બદનમાં વિવશતા આવી હતી. એક ક્ષણુ એના અંતરમાં અસહાયતા ભરાઈ અને એને જીવન-ભરના ગુપ્તવાસના જોખમો ઉઠાવવાને બદલે પાછા જેલમાં હાજર થઈ જવાનો વિચાર આવ્યો.

પરંતુ વાઘરીનું રૂહ અને એ માર્ગ સામે પણુ મૂક ચેતવણી દેતું એની આંખ સામે તરવરવા લાગ્યું. એણે હવે નાસવાનો સફળ માર્ગ અખત્યાર કરવાનો વિચાર કર્યો.

એ સમજતો હતો કે તારની સગવડ એવી છે કે બીજે જ સ્ટેશને એને પકડી લેવામાં આવશે. એટલે એને જે કાંઇ કરવું હોય એ બીજા સ્ટેશને પહોંચતા પહેલાં જ કરવું જોઈએ.

એની બુદ્ધિ હવે સ્થિર થઇ. એના મગજમાં વિચારો ઉભરાવા લાગ્યા. એ વિચારોનું એ સંયોજન કરવા લાગ્યો. અને એણે એક વ્યવહારૂ રાહ વિચારી કાઢયો.

રસ્તામાં કોઇ પણુ સમયે અને સંયોગમાં ગાડી ધીમી પડે કે એણે ઉતરી જવાનો અખતરો કરવો. ડુંગરાળ મુલકમાં ઘણાં ઉતરાણુ ચઢાણુ આવતાં હતાં અને ત્યાં ગાડી ધીમી પડતી હતી. ગાડી ધીમી પડે કે એ કૂદીને નીચે ઉતરી જાય અને નવું જીવન જીવવાની તક લ્યે.

એક ઉંચુ ચઢાણુ આવ્યું. થાકથી હાંફતી હોય એમ ગાડી ધીમી–ખૂબ ધીમી પડી ગઇ. અને પરસોતમ ચાલતી ગાડીમાંથી કૂદીને નીચે ઉતરીને નાસવા લાગ્યો.

[૨૩]

એક ગામ થોડે દૂર દેખાતું હતું. ગામની સીમમા માણસો આંટા મારતા હતા. એક ક્ષણ પરસોતમ મૂંઝાઇ ગયો. પોતે કેદી હતો. કેદીના–જેલના કેદી દરોગાના પોષાકમાં હતો. એની પાસે બીજાં કપડાં નહોતાં કે કાંઇ પૈસા નહોતા. પોતે ઓળખાશે તો ? ગામ જેલની એટલી તો નજીકમાં હતું કે ગામના લોકો જેલના પોષાકનો મર્મ સમજે એમ હતું.

એક બાવો ચાલ્યો જતો હતો. પરસોતમે બળદને શીંગડાં વતી પકડવાનો વિચાર કર્યો. એ બાવા પાસે દોડ્યો. બાવાને એણે ઉભો રાખ્યો.

'બાવાજી! તમે ભક્તજન છો. તમે સંસાર અને સંસારથી પર રહીને તપ કરો છો. હું સંસારથી હારેલો છું. ત્રાસેલો છું. હું જેલનો કેદી છું. ચાહે તો મને પકડાવી દ્યો. ચાહે તો મને ભાગવાની સગવડ કરી આપો. હું સચ્ચાઇનો રાહ ઉપર ચાલવાનો કોલ આપું છું.'

બાવાજીએ પરસોતમની સામે જોયું. એનો ચહેરો જોઇ એણે કહ્યું:

'અચ્છા ! ભગવાન તુમારા ભલા કરે.'

બાવાજીએ પોતાનો ઝભ્ભો ઉતાર્યો.

'પહેન લે!'

બાવાજીની આંખમાં કોઈ અજબ તેજ પ્રગટ્યું.

'બેટા લે...લે. તેરા કપડાં ઉતાર......'

પરસોતમે ઝપાટાબંધ કપડાં ઉતાર્યાં. નવી આશાની આતુરતા એને ઉતાવળ કરાવતી હતી.

પરસોતમે ઝભ્ભો પહેર્યો. બાવાજીએ એના હાથમાં થોડા પૈસા મૂક્યા. અને પરસોતમ ભાગવાની ઉતાવળ કરવા મંડ્યો.

'બેટા!' બાવાજીએ પરસોતમની સામે આંખ ઠેરવીને કહ્યું: 'ભાગો! આધિવ્યાધિ ઉપાધિ સબસે દૂર ભાગો. જીન્દા રહો. ઔર યાદ રખ્ખો ભગવાન તુમારા દુ:ખ લે લેતે હે. ઔર તુમારા ચિત્ત ભી.'

પરસોતમ ચાલવા માંડ્યો.

'ઔર બેટા!' બાવાજીના છેલ્લા શબ્દો સંભળાયા: 'સચ્ચાઈકા રાહ પર ચલનેકા હમકુ કોલ દીયા હે વો મત ભૂલો.'

પરસોતમ નાસવા માંડ્યો—નવી આશા, નવા સાધનોથી પોતાની જાતને જગતના જંગલમાં ડૂબાવવાની પોતાની શક્તિ ઉપર શ્રદ્ધાવંત બનીને.

પ્રીતમલાલ દેસાઈ, પ્રિતમલાલ જેલરના નામથી જ ઓળખાતા હતા. એક નાના છોકરાને પણ પૂછો તો ' જેલર ' ના મકાનનો એ પત્તો આપી શકે.

પ્રીતમલાલ અત્યારે જેલર ન હતા. અત્યારે તો એ ફારગ થયેલા હતા. પેન્શન ભોગવતા હતા. અત્યારે આ બુઝુર્ગ જેલર પોતાના વતનમાં પોતાની સ્ત્રી દીવાળીબાઇ, પોતાની પુત્રી નીલમ અને પોતાના પુત્ર શરત સાથે નિરાંત અને સંતોષના દિવસો વિતાવતો હતો.

પ્રીતમલાલને શહેરના ઘોંઘાટથી દૂર વસવું ગમતું હતું. અને એ અર્થે એમણે શહેરના પરાંથી પણ સહેજ દૂર એક વાડી કરાવી હતી. શહેર જીવનમાં જીવનભર મોજ જોનારાઓને ઉત્તરાવસ્થામાં ગ્રામજીવન તરફ પક્ષપાત થયો હતો. એમણે એક વાડી લીધી. ફળ ફૂલ ઉછેર કરવાનું ધાર્યું, ને વાડીમાં એક કૂવો, એક પંપ એક ઘોડાગાડી અને એક પત્થરનું મેડીવાળું મકાનઃ એટલું વસાવ્યું.

ગાડીમાં બેસીને નીલમ મહિલા વિદ્યાલયમાં ભણવા જતી. ગાડીમાં બેસીને શરત હાઇસ્કૂલમાં જતો. ગાડીમાં બેસીયે પ્રીતમલાલ સવારે ને દીવાળીબાઇ સાંજે શહેરમાં જતાં. આમ વાડી અને ગાડી વચ્ચે એમનું જીવન સુખી જતું.

અલબત્ત એમને એકાંતતો લાગતું. શહેરથી દૂર કુટુંબને મૂકીને પ્રીતમલાલથી કયાંય જવાય એમ નહોતું. પ્રીતમલાલને એટલી પોતાના ગ્રામજીવનમાં કેદ લાગતી. ને જેટલી કેદ લાગે છે એટલી માનવીને સાલે છે.

આખરે આ એકાન્ત અને પોતાની આ પરવશતા ટાળવાને અર્થે એમને એક રસ્તો સૂઝયો. વાડીમાં એક બીજું નાનું મકાન હતું–બે ઓરડા, ઓસરી, અલાહેદું આંગણું વગેરે–મકાન હતું માટિયાળ. માળી ખેડૂત એવા કોઇને રહેવા અર્થે. પણ જો એ મકાનને બરાબર તાનતૂન કરીને ધોળાવીને સરખું કર્યું હોય તો કોઇ સારા કુટુંબના, મધ્યમ દરજ્જાના અને પોતાને અનુકૂળ થાય એવા ભાડૂતને પણ આપી શકાય.

એમણે એ મકાન સાફસૂફ કરાવીને સમાર્યું. મજાનું ને સુઘડ બનાવ્યું.

ને એમણે છાપાઓમાં જાહેરખબર આપી કે: 'જે કોઈને શહેરી ધમાલથી દૂર રહી શાંત જીવન જોઇતું હોય તેને લાયક એક નાનું મકાન ભાડે આપવાનું છે. ઘરધણી ત્યાંજ રહે છે, ને સારી સોબત મેળવવા માટે જ મકાન ભાડે આપવા માગે છે.'

જાહેર ખબર આપ્યા પછી ચારેક દિવસે એક જુવાન આવ્યો.

'તમારું નામ ?' પ્રીતમલાલે પૂછ્યું.

'પરસોતમ.'

'શું કરો છો ?'

'હું અહીં દાક્તરી કોલેજમાં અભ્યાસ કરું છું.'

'એમ ! પિતા હશે, કુટુંબ પણ હશે–' પરસોતમના વદન પર વાદળી ચાલી ગઇ. 'જી ના પિતા નથી; કુટુંબ નથી; તદ્દન એકલો છું.'

'ત્યારે ભણવાનું ખર્ચ ક્યાંથી કાઢો છો?'

'જી, હું ખાનગી ટયુસનો આપીને ખર્ચ જેટલું રળું છું.'

'એમ?'

પ્રીતમલાલ થોડીવાર વિચારમાં પડ્યા. એ પરસોતમને જોઈ રહ્યા. પછી બોલ્યા: 'તમે બહુ દુઃખ જોયું લાગે છે. તમારા ચહેરા પર આટલી બધી ગંભીરાઇ ને કરચલીઓ જોતાં તમે કોઈ કોલેજના વિદ્યાર્થીને બદલે આધેડ વૃદ્ધ જેવા લાગો છો.'

'જી, એકલે માથે જ્યારે દુઃખ આવે ને દુનિયાનો બોજ પડે ત્યારે......'

'સમજ્યો. તમને નવાણુંના ધક્કા વાગી ગયા છે. ત્યારે મારી એક વાત માનશો?'

'જી.'

'તમે અહીં રહો. ખુશીથી રહો. તમારું ઘરભાડું નહિ. તમે શરતને અને નીલમને ભણાવી શકો તો મહિને પંદર રૂપીઆ હું આપું.'

પરસોતમે મસ્તક ઝૂકાવ્યું: 'મને એ પૂરેપૂરું અનુકૂળ છે.'

પ્રીતમલાલ મનમાં હસ્યા; એક કાંકરે એમણે બે પક્ષી માર્યાં હતા. એક તો સમજુ લાગતો ને જમાનાના ધક્કા ખાઇને શાણો બનેલો અને કહ્યાગરો રહે એવો ભાડૂત-પાડોશી એમને મળતો હતો. બીજું શરત અને નીલમના ટ્યૂશન પાછળ એમને દર મહિને જે પચીસથી ત્રીશ રૂપીઆ થતા હતા તે માત્ર પંદર રૂપીઆ થઈ રહ્યા.

અને આમ પરસોતમ શહેરથી દૂર પ્રીતમલાલનો ભાડુત-સોબતી -પાડોશી બન્યો.

પ્રીતમલાલમાં આત્મભાન હતું. દીવાળીબાઇમાં જરા વર્ચ-સ્વનું ભાન હતું. પરંતુ એ બે સિવાય તેઓ સારાં ને ભલાં હતાં. પોતાથી નીચેનાં માણસો તરફ મમતાળુ હતાં.

શરત અને નીલમ બંને બહુજ તોફાની, બહુ જ રમતિયાળ ને બહુ જ મમતાળુ હતાં. બન્નેને પહેલાં આ ગંભીર શિક્ષકની શેહ લાગી. પરંતુ એ શિક્ષકની ઋજુતા, એમને જરાપણ રોષ કર્યા વગર સમજાવવાની ને શિખવવાની રીત, બેય બહુ ગમી ગયા. બધાયે માસ્તરો કરતાં આ માસ્તર એમને સારા લાગ્યા.

પ્રીતમલાલને પણ આ જુવાન ભાડૂતની રીત ગમી. એ સમજુ હતો. પોતાના કામમાં ને અભ્યાસમાં મશગૂલ રહેતો. કોઇ પણ વખત કસમયે એ આવતો નહિ. ઠેકાણે બેસતો નહિ પરંતુ એ આવતો ત્યારે મુલક મુલકની વિધવિધ વાતો કરી જતો. આટલા નાના માથામાં આટલું બધું જ્ઞાન; આટલી બધી માહિતી કેમ ભરી શકાઈ હશે એનું એને ખરેખરું કૌતૂક લાગતું.

–ને આમ ને આમ ઘડિયાળ કાળ કાપવા માંડી. પ્રીતમલાલને પરસોતમ એક વિશ્વાસુ માણસ લાગ્યો. દીવાળીબાઇને ડાહ્યો ને પોતાની મર્યાદા સમજનારો ને સાચવનારો એ લાગ્યો. શરત–નીલમનાં પરીક્ષાનાં પરિણામો ઘણાં સારાં આવવા માંડ્યા.

–ને ચાર વર્ષને અંતે પરસોતમ પોતે પણ દાક્તરી લાઇનની છેલ્લી પરીક્ષામાં પાસ થયો.

શહેરના મધ્યભાગમાં એક આલીશાન ઇમારત ખડી થઈ હતી. સવારમાં એ ઇમારતના ઓટલા ઉપર જામેલી માનવીઓની જબરી ભીડ, એના મુખ્ય દરવાજે ઉભી રહેલી ગાડી અને મોટરની કતાર, એનો સતત માનવપ્રવાહ વગેરે તમે જુઓ તો તમને એ મકાનની અંદર થતા કામકાજની વ્યાપકતા, તિવ્રતા વિષે ખ્યાલ પેદા થયા સિવાય ના રહે. એ ઇમારતે સરકારી કચેરીની ચૂપકીદી, શેર બજારની ભીડ, શાક બજારની માનવ આયાત નિકાસ જાણે પોતાનાં કર્યાં હતાં.

એ મકાન હતું એક ખાનગી તબીબખાનું. ડૉકટર પરસોતમ અહીં પોતાની પ્રેકટીસ કરતા હતા ને રોજ રોજ અર્ધું શહેર અહીં આરામ ને સુખાકારીની શોધમાં આવતું.

લોક કહેતાં કે પરસોતમના હાથમાં જશ રેખા છે. કોઈ કહેતું કે એને હાથે આંધળા દેખતાં થાય છે, લૂલાં દોડતાં થાય છે ને મૂંગા બોલતાં થાય છે. એના તબીબખાનામાં ગરીબોને પણ અવકાશ હતો. સંપૂર્ણ માવજત મળતી. ડૉ. પરસોતમ જાણે કે એમ જંખતો હતો કે જે કોઇને દરદ હોય તે મારી પાસે આવો–દરદની સાથે પૈસા હોવા જ જોઇએ એવું નથી.

સારાને આબરૂદાર માણસો એને પૂછતા. દીન હીન સાધનહીન એને પૂછતા. સ્ત્રી એને ભાઈ માનીને પોતાની રોગ કથા કહેતી. ને

એમ હજાર બેનોનો ભાઈ, હજાર દીનોનો રાહબર ને સેંકડો શ્રીમંતોનો એ દાક્તર શહેરના જીવનમાં એક અનિવાર્ય અંગ તરીકે વણાઈ ચૂકયો હતો. શહેરની સિદ્ધિઓમાં ડૉકટર પરસોતમની પણ ગણના થતી હતી.

પ્રજાના ખ્યાલ એને માટે લાયક, અશરાફ અને હોવા જોઇએ એવા તબીબ તરીકેના હતા. ત્યારે સરકારી અહેવાલો પણ એને વિષે મૌન સેવી નહોતા શકયા. શહેરમાં એક સમયે જ્યારે પ્લેગે દેખાવ દીધો ને માનવીની જાણે મહાકાળે લાણી કરવા માંડી ત્યારે સરકારી અહેવાલના શબ્દોમાં: 'માનવતા પ્રત્યેની પોતાની ઉંચ ફરજ સમજીને આ જીવલેણ ચેપીરોગ સામે મરણનું જોખમ ખેડીને જો કોઇ માનવીએ જબ્બર સામનો કર્યો હોય, વ્યાપકમાં વ્યાપક સેવા કરી હોય, સતત ઉજાગરા સેવ્યા હોય, અને જેણે વધારેમાં વધારે રોગીઓ બચાવ્યા હોય અને અપાર જહેમતે આખરે રોગ ઉપર કાબૂ મેળવ્યો હોય તો તે શહેરના સન્માન્ય ને હીંમતવાન ડૉકટર પરસોતમ જ હતા. ડૉ. પરસોતમ ન હોત તો પ્લેગ કાબૂમાં જ ન આવત, એમ તો ન કહેવાય, પરંતુ રોગને કાબૂમાં આવતા હજી યે વધારે મહિનાઓ તો લાગતે જ!

એકદા મેઘ રૂઠયો. ને પાદરની નદીએ સીનો પલટયો. શહેરમાં જળ હાથીની સૂંઢની ધારે આકાશમાંથી વરસવા માંડયું ને મોજાઓના તરંગોને સ્વરૂપે નદીમાંથી ચડવા લાગ્યું. મકાનો પડયાં. કંઇક કચરાઇ ગયાં. કંઇક તણાઈ ગયાં. કંઇક ડૂબી ગયાં ને હજારો માનવીઓ એક રાતમાં ઘરબાર–માલમિલકત વગરનાં થઇ રહ્યાં. એ સમયે મ્યુનિસિપાલીટીએ પોતાની સરકારને મોકલવાના વાર્ષિક અહેવાલમાં એ પ્રસંગની નોંધ લેતા લખ્યું હતું: 'અને આ સ્થળે અમારે ડૉ. પરસોતમની જાહેર સેવાની માનભરી નોંધ લેવી જોઇએ છે. એની

ઇસ્પિતાલનું મકાન, એનો પોતાનો બંગલો તો જલપ્રલયમાં ફસાઇ ગયેલાના આશ્રમ સ્થાન તરીકે એણે ખૂલ્લાં મૂક્યાં. એ ઉપરાંત ડૂબતાં ને તણાતાં માનવીઓને ઉગારવાને માટે જ્યારે મ્યુનિસિપાલીટી, શહેર સત્તાવાળાઓ સાધનોની શોધમાં અને વિચારણામાં હતાં, અને અગાધ સાગર જળની સામે અસહાય જેવા ને કિંકર્તવ્યમૂઢ જેવા હતાં, ત્યારે ડૉ. પરસોતમે સીંદરીઓના ખાટલાને ખાલી ડબ્બાઓ, મોટરકારની હવા ભરેલી રબરની ટયુબો બાંધી બાંધીને પાણીમાં ઝૂકાવ્યા. અને એ અને એના માનવીઓએ ડૂબતાં ને તણાતાં માનવીઓને ઉગારવા માંડયા. આ પછી તો મ્યુનિસિપાલીટી તરફથી આ તરાપાઓ વાળી ખાસ બચાવ–મંડળીઓ સ્થાપવામાં આવી હતી. ને એને ડૉ. પરસોતમની આગેવાની નીચે મૂકવામાં આવી હતી. આટલી જબ્બર મિલકતી હોનારતની સામે જાનમાલની ખુવારીનો આંકડો જે તદ્દન અલ્પ દેખાય છે તે આ બચાવ–મંડળીઓને જ આભારી છે. બે દિવસ અને બે રાતની સતત કામગીરીને પરિણામે આ મંડળીઓ દશથી બાર હજાર માનવીઓને સંકટ અને જોખમના સ્થાનોમાંથી તરાપાઓમાં લઇને સલામત સ્થાને મૂકી આવી હતી. અમારે એટલું પણ ઉમેરવું જોઇએ છે કે પોતાની ઇસ્પિતાલ અને મકાનમાં જેટલા સંકટગ્રસ્તોને આશ્રય આપવામાં આવ્યો હતો, તેને અંગેનું કાંઇ પણ ખર્ચ ડૉકટર સાહેબે સંકટ નિવારણ સમિત પાસેથી લીધું નથી. એમની આ જાહેર સેવા બદલ મ્યુનિસિપાલીટી તરફની એમને માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું અને ઇલાકાના હાકેમ જે એ અરસામાં શહેર અને આસપાસનો જલપ્રલયથી પીડિત પ્રદેશ નજરો નજર જોવા આવ્યા હતા, તેઓએ એ મેળાવડાનું પ્રમુખસ્થાન લીધું હતું.'

એવો એ ડૉકટર પરસોતમ હતો.

આવા દાકતર તબીબખાના પાસે એક દિવસ એક ઘોડાગાડી ઉભી રહી અને અંદરથી નીલમ ઉતરી.

આઠેક વર્ષ પહેલાં આપણે એને જોઇ હતી, ત્યારે એ નાની ઉઘડતી સુકુમાર કળી સમી હતી. આજે એ ૨૩–૨૪ વર્ષની એકવડા બાંધાની પરંતુ માંસલ દેહની સ્વરૂપવતી નહિ પરંતુ આકર્ષક–પૂર્ણ વિકસિત પરાગ મહેકતા પુષ્પ સમી હતી. એ નીલા રંગની સાડીમાં સજ્જ હતી. એની સાથે એનો ભાઇ શરત હતો. શરત અત્યારે પચીસ છવ્વીસ વર્ષનો હતો. ઇજનેરી પરીક્ષા પાસ કરીને તાજો જ સરકારી ખાતામાં આસિસ્ટંટ ઇજનેરના હોદ્દા ઉપર નિમાયો હતો.

બન્ને ઉતરીને અંદર ગયાં. ડૅાકટર પરસોતમ પોતાના મેજ પાસે ખુરસી ઉપર બેસીને કેટલાક દરદીને તપાસતા હતા.

એમણે નીલમ સામે જોયું ને એને સસ્મિત આવકાર આપ્યો. એણે શરત સામે જોઇને સાનંદાશ્ચર્ય ભર્યા ચહેરે પોતાનો હાથ લંબાવીને કહ્યું: 'ઓહ! વેલકમ શરત. તમને જોયે તો બહુ લાંબો સમય થઇ ગયો ને હવે તો તમે અમલદાર બન્યા છો.'

'હું માનું છું કે તમારો શિષ્ય–મિત્ર નહિ મટું.'

'કદી નહિ. એમ કરશો? જરા બેસશો? હું આ દરદીઓને પતાવી લઉં. પછી મારે બંગલે જઇએ. ને આપણે નિરાંતે વાત

કરશું. હું ધારું છું કે તમે જૂના રિવાજ મુજબ ખાઈ પીને જ વાડીએથી નીકળ્યા હશો ને છેક સાંજે જ જવાના હશો ?'

'એમ જ.'

દાકતરે એકંદરે ઝપાટાબંધ લાગે છતાં વ્યકિતગત માયાભરી લાગે એવી રીતે દરદીઓને પતાવ્યાં. પછી ઉઠયા.

'હવે ચાલો.'

અને ઇસ્પિતાલથી સહેજ દૂર આવેલા ડૉકટર પરસોતમના બંગલા તરફ ત્રણે જણા ધીમે ધીમે ચાલવા લાગ્યા.

ડૉકટર પરસોતમના બંગલાની પરસાળમાં શરત, નીલમ અને ડૉ. પરસોતમ બેઠાં. અંદરથી નોકર આવીને ચાહ નાસ્તાનો સરંજામ આપી ગયો.

ચાહ પીતાંપીતાં ડૉકટરે શરતને એના સંબંધી પૂછપરછ કરી. શરત શું કરે છે, એની કામગીરી શું છે, એને કેટલો વખત અને કેવું કામ કરવું પડે છે, વગેરે વાતો બહુ ઝીણવટથી પૂછી. શરતે એ સહુના કાંઈક વ્યગ્રતા ને કાંઈક માનભર્યા જવાબો દીધા. નીલમનું પ્રારંભનું હાસ્ય એના ચહેરા ઉપર થીજી ગયું હતું. એના ચહેરા ઉપર ગાંભીર્ય–વિવશતા, કાંઈક કાંઈક છવાયાં હતાં.

ડૉકટર પરસોતમથી શરત અને નીલમની વ્યગ્રતા છાની ન રહી. થોડીવાર સુધી એ કાંઇક પણ ખુલાસાની રાહ જોઈ રહ્યો, પરંતુ પ્રાથમિક ઉલ્લાસ અને ઉમંગ પછી શરત અને નીલમમાં વ્યાપ્ત થયેલી વ્યગ્રતાને મૂક વૃદ્ધ પામતાં જોઇને એ આખરે બોલ્યો:

'મને માફ કરજો. મી. શરત! તમે વ્યગ્ર કેમ દેખાઓ છો?'

શરતે નીલમ સામે જોયું. નીલમે હોઠ પીસીને ક્ષણભર નીચે ક્ષણભર ઉંચે જોયું. ડૉકટરની જીજ્ઞાસા સાહજીક વધી 'કાંઇક પણ છે. કેમ નથી બોલતા? કંઇ છે? હું તમને ઉપયોગી થઈ શકું એમ છું?'

'ડૉક્ટર સાહેબ !' હૃદયના ખૂણેખૂણામાંથી હીંમત એકઠી કરતો હોય એમ શરતે કહ્યું: 'મારે આપને એક વાત પૂછવી છે. પૂછું કે ન પૂછું એમ થાય છે !'

'એક શા માટે બે પૂછોને !'

જરા પણ વિશેષ વિચાર કરવાની તક સરખીયે રહેવા દેવા માગતો ન હોય એટલી ઉતાવળથી શરતે કહ્યું: 'ડૉક્ટર ! નીલમ માટે તમે શું ધારો છો ?'

ડૉક્ટરનો ચહેરો આ અકલ્પિ પ્રશ્ન સાંભળીને ખેંચાયો. એણે નીલમ સામે જોયું. ને નીલમની આંખને એણે ભોંયે ઢળેલી જોઇ. એણે શરત સામે જોયું ને નિખાલસ દિલે હવે થઈ શકનારી ચર્ચાની સંભાવનાથી એના વદન ઉપર છાયેલી વ્યગ્રતા એણે વિખરાતી જોઈ.

'કેમ તમે એવો પ્રશ્ન મને પૂછો છો ?'

'ડૉક્ટર!' શરતે કહ્યું: 'મારે એ પ્રશ્ન પૂછવાનું ખાસ કારણ છે. એ કારણ કેવળ કૌતુકનું પણ નથી.'

'નીલમ–નીલમ એ ઘણી સરસ છોકરી છે. સમજુ, વિવેકી, સહનશીલ, કેળવાયેલી નાજુક–એ એવી છોકરી છે...છે...છે...કે કોઇ પણ માણસ એની સાથે પરણીને ધન્ય બને.'

'તો તમે કેમ નથી પરણતા ?'

'હું...હું...શરત ! તમે આ શું કહો છો ?'

'હું સાચું કહું છું. ડૉક્ટર સાહેબ ! હું નિખાલસતાથી મારાં પાનાં મેજ ઉપર ખુલ્લાં મૂકી દઉં છું. મારા ઉપર નીલમનો પત્ર હતો !'

'નીલમનો ?' ડૉક્ટરે કહ્યું. એણે નીલમને ભોંયે જડેલી આંખને જરાયે નહિ ખેસવાતી જોઇ: 'શું હતો ?'

'એમાં નીલમ મને લખતી હતી કે એ તમને ચાહે છે.'

'મને...ચાહે છે......?' ડૉક્ટરની આંખમાં કાંઇક અપરિચિત તેજ પૂરાતું હતું. સાથોસાથ ચહેરા ઉપર ઝાંખપ પણ આવી હતી.

'મેં આપને કહ્યું તેમ આપનાથી મારે કાંઇ પણ છૂપાવવું નથી. આપ અમારા આપ્તજન જેવા છો. આપ સજ્જન છો. અને આપની સાથે નિખાલસ વર્તન જ વ્યાજબી હોવું જોઇએ.'

'બરાબર છે.' ડૉક્ટરે મૂકેલો નિઃસાસો શરતને અગમ્ય લાગ્યો.

'હું એમ પણ જાણું છું.' શરતે આગળ ચલાવ્યું: 'કે તમે પણ છેલ્લા ત્રણેક વર્ષમાં નીલમ તરફ બેપરવા નથી રહ્યા. તમે અવારનવાર ઘેર જાઓ છો. અવાર નવાર નીલમ સાથે ફરવા જાઓ છો. પ્રશ્ન એ...છે...કે...કે નીલમે પોતાના મનમાં એમ માન્યું હોય કે ડૉક્ટર મને સાચા જીગરથી ચાહે છે, તો એમાં એણે ભૂલ કરી છે?'

સંપૂર્ણ વિનયથી, પૂછાયેલા આ સીધા નિખાલસ સવાલ ઉપર ડૉક્ટર થોડીવાર મૌન રહ્યા. નીલમે શરતને લખ્યું હોય, એકબીજાના અબોલ પ્રેમની એણે વાત લખી હોય, અને શરત નીલમના પત્રના જવાબમાં આવ્યો હોય, નીલમ પ્રત્યેની એની લાગણી માપવા મથતો હોય, આ વાત એને સહજ લાગી. શરતની આટલી નિખાલસતા એને પ્રિયકર પણ લાગી.

થોડીવાર ચૂપ રહીને ડૉક્ટરે જવાબ આપ્યો: 'સાચું કહું?'

'હું નિખાલસ વાત કરવાને જ આવ્યો છું.' શરતે કહ્યું.

'નીલમની માન્યતા ખોટી નથી.'

દુર્ધર્ષ દાવાનળથી સળગી ઊઠ્યો હોય એવો નીમલનો ચહેરો એક ક્ષણભર ડૉક્ટરની સામે ઊંચો થઇ ગયો. એક ક્ષણભર બે શાનદાર હીરા એની સામે ચમકી ગયા. બીજી ક્ષણે નીલમનું માથું ફરીને નમી ગયું. ને એના ચહેરા ઉપર શરમની સીન્દૂર ઝાંય ચીતરાવા લાગી.

'તો પછી ડૉકટર! તમે એને કેમ પરણતા નથી? નીલમની સામે કંઇ છે?' નીલમના કાન સરવા થયા. એ ઘડીએ આસમાનમાં ફરતા તારાઓનો સનસનાટ પણ જાણે એ સાંભળી શકતી હતી.

ડૉકટરના વદન ઉપર શ્યામલતા છવાઇ: 'હું નીલમને ચાહું છું. પણ–પણ–હું એને પરણી નહિ શકું!'

'કેમ?' બન્ને જુવાન જુવતિ એકબીજાને ચાહતાં હોય તો એકબીજાને શા માટે પરણી ન શકે? એ એને ન સમજાયું. ડૉકટરની વાત એને વિચિત્ર લાગી ને એ વૈચિત્ર્યનો પડઘો એના અવાજમાંયે પડયો.

'શકય નથી એ.'

'કેમ તમારે નીલમની સામે કંઈ છે?'

'ના. મારી સામે છે.'

'તમારે તમારી પોતાની સામે કાંઈ કહેવાનું છે?' શરતે ચકીત થઇને પૂછ્યું. નીલમ હોઠ પીસીને સાંભળી રહી.

'શરત! નીલમ!' ડૉકટરે ગંભીર અવાજે કહ્યું: 'તમે મારી વાત સાંભળો પછી તમે કહો કે હું નીલમને પરણી શકું એમ છું ખરો? હું જેલમાંથી નાસી છૂટેલો કેદી છું.'

'શું ?' શરતને પગ તળેથી ભોંય સરતી જતી લાગી. નીલમ ફાટી આંખે તાકી રહી. બન્નેએ જેલો માત્ર દૂરથી જ જોઇ હતી. બન્નેએ પગે સાંકળ બાંધેલા, હજામત વધેલા, ટૂંકી ટોપી, ટૂંકાં પહેરણ ને ટૂંકી ચડીમાં કામ કરતા કેદીઓ જોયા હતા. એઓ કોઈ બીજી જ અને વર્તમાન કરતાં ઘણી નીચી કક્ષાની દુનિયાના માનવીઓ જ છે એમ શરત ને નીલમ માનતાં હતાં.

'કેદી ? ભાગી છૂટેલા કેદી ?'

'હા. મારા ગામમાંથી નોકરી શોધવા હું મુંબઇ ગયો. નોકરી ન મળી. બેકાર બન્યો. પૈસા ખૂટ્યા. ભૂખમરો વેઠ્યો ને આખરે મેં ચોરી કરી. ચોરી દરમિયાન મારાથી ખૂન થઇ ગયું. અજાણતાં પણ એક માણસ મારી લાતથી મરી ગયો. મને સજા થઇ. સજા પૂરી થાય એ પહેલાં હું નાઠો. તમારા પિતા પાસે આવ્યો. ગુપ્તવાસ જેવો વાસ કર્યો. તમને ભણાવ્યાં. હું ભણ્યો. દાક્તર બન્યો. હું આ રીતે નાસી છૂટેલો કેદી છું.'

શરત અને નીલમ બન્ને મૂક અને મૂઢ જેવાં બની બેસી રહ્યાં. ડૉક્ટરે આગળ ચલાવ્યું: 'ફરીને પકડાવાનું, ફરીને સજા પામવાનું મારા ઉપર જોખમ છે. એટલે...એટલે...તમે સમજી શકશો કે નીલમને હું કેમ નથી પરણી શકતો !'

'બસ એટલું જ ને ?'

'હા.'

'તમને કોણ પકડવાનું હતું ? ક્યાં બેકાર ને નાસેડુ કેદી ને ક્યાં ડૉક્ટર પરસોતમ ? ક્યાં રાજા ને ક્યાં ગાંગો તેલી. તમને ફરીને પકડે તોય હવે તમને છોડી જ મૂકે. તમારા જેવા સાચા નાગરિક ને સાચા ઉપકારકને જેલમાં સરકાર કેમ મોકલે ?'

'હું નથી જાણતો, નથી કહી શકતો. પણ મારા ઉપર એ જોખમ તો જીવન ભરનું જ છે.'

'જે હો તે હો.' નીલમે પહેલી જ વાર વાતમાં ભાગ લીધો. એના અવાજમાં મક્કમતા હતી: 'આટલું જ છે ને? પાછલી વાત જે તમે આજે સાપની કાંચલીની માફક ઉતારી નાંખી છે એ તમને પજવે છે શા માટે? તમારા ઉપર જોખમ હોય તો ભલે હો, ન હોય તો ભલે નહિ. પરંતુ હું તમારી છું ને તમારી રહીશ. તમે મારા થઇને રહેજો.'

ડૉકટરનો ચહેરો અકથ્ય આનંદથી પ્રજલ્લી ઊઠયો: 'નીલમ! નીલુ!......' એ વધારે એક શબ્દ પણ ન બોલી શકયો.

બંગલામાં બે ત્રણ પોલીસો દાખલ થયા. એના મુખી જેવા દેખાતા માણસે વિનયી અવાજે કહ્યું: 'ડૉકટર સાહેબ! માફ કરજો, પણ આપને ગિરફતાર કરવાનું વોરંટ મારી પાસે છે!'

ઘણા સમયથી શકચ માનેલી, પરંતુ સામયિક સ્થિતિ સંયોગો જોતાં સંભવિત નહિ માનેલી આફત સામે આવીને ઉભી રહે છે; ત્યારે માનવીના અંતરમાં જે વિષાદ, જે તાજુબી અને જે ઉદ્વેગની લાગણીઓ ઉભરાય છે, તેવી લાગણીઓ ડૉક્ટર પરસોતમના અંતરમાં ઉભરાઇ.

ભવિષ્યમાં આવું કોઇક વાર બનવાનુ તો છે જ એ એની કલ્પનાની બહાર નહોતું. એણે સાધેલો દરજ્જો અને કાયા પલટો જોતાં આવું બનવાની સંભાવના નથી, એવી પણ એણે ગણતરી રાખેલી હતી.

ડૉક્ટર પરસોતમ ઉભો થયો. ગંભીર વિષાદભર્યા સ્મિત સાથે એણે પોલીસ અમલદારને કહ્યુંઃ 'બહુ સારું, હું તૈયાર છું.'

નીલમ ઘડીભર પરસોતમ સામે, ઘડીભર જમાદાર સામે, ઘડીભર શરત સામે જોઇ રહી. બનતા બનાવને પોતાની બુદ્ધિમાં સમાવવાનું એનામાં સામર્થ્ય ન હોય એવી બહાવરી વ્યગ્રતાથી એનો ચહેરો શ્યામ બની રહ્યો.

શરતે કહ્યુંઃ 'જમાદાર સાહેબ! તમારી કાંઇ ભૂલ તો નથી થતી ને? ડૉક્ટર પરસોતમને ગિરફતાર કરવાનું તમારી પાસે વોરંટ છે એમ તમે કહેવા માગો છો?'

પોલીસનો જમાદાર ફિક્કું હાસ્ય કરીને બોલ્યો :

'જી. હા.'

પોતે કોઇ ગુનેગારને પકડવા આવ્યો હોવાને બદલે, ગુનેગાર તરીકે પોતે પકડાવા આવ્યો હોય એવું ઓશિયાળાપણું જમાદારના ચહેરાને છિનભિન્ન બનાવી રહ્યું. એણે નીલમના ચહેરા સામે જોયું. શરતના ચહેરા સામે જોયું. થોડીવાર સુધી બધાં મૂક ઉભાં રહ્યાં. આખરે જમાદાર બોલ્યોઃ 'આ બહેન આપનાં પત્ની છે?'

પરસોતમનો ચહેરો સખત થયો. ન સમજાય એવા મનોભાવો એના ચહેરાને પીંખી રહ્યા. શરત જવાબ દેવા જતો હતો, એને રોકીને નીલમ એક કદમ આગળ આવી :

'હા.' એણે મક્કમ અવાજે જવાબ આપ્યો.

પરસોતમનું હૈયું કૂદી ઊઠ્યું. એનો શ્વાસ અને પ્રાણ બધા એની આંખમાં પૂરાયા અને એ અજાયબીભર્યા ભાવથી નીલમ સામે જોઇ રહ્યો. નીલમ સ્થિર આંખે ડૉકટરની આંખો સામે આંખ મિલાવી રહી. પ્રણયીઓનું પ્રથમ દ્રષ્ટિમિલન આ રીતે થયું.

'અને આ ભાઇ કોણ છે?' જમાદારે પૂછ્યું.

'એ મારા ભાઈ ને દાક્તરના સાળા થાય છે.' નીલમે જવાબ દીધો. એનો મક્કમ અવાજ ધીમે ધીમે ધ્રૂજતો હતો.

જમાદાર મુસલમાન હતો. એણે પોતાની દાઢી ઉપર હાથ ફેરવ્યો. એણે પોલીસોને હુકમ કર્યો કે: 'તુમ લોક બહાર જાકે ખડે રહો.'

પોલીસના માણસો બહાર જઇને ઉભા રહ્યા. જમાદારે કહ્યું: 'દાકતર સાહેબ! મેરા બચ્ચા આજાર થા, આપને ઉસકા જાન બચાયા થા.'

પરસોતમ નિરુત્તર રહ્યો. જમાદારના દીર્ઘ નિઃશ્વાસથી જાણે દીવાલો પણ કંપી ઉઠી.

પુરાણી વાતો યાદ કરતો હોય એમ જમાદાર બોલ્યોઃ 'ઓર મેરી ઓરત જબ બીમાર થી, તબ આપને ઉસકું જેબ સે ઉમદા દવાઈ ખિલાઇ થી.'

જમાદાર થોડીવાર ચૂપ રહ્યોઃ 'ઓર મેં આજ આપકો પકડને કે લીયે આયા હું.'

'**એ**માં તમે શું કરો ?' પ્રબળ ઝંઝાવાતથી ખળભળી ઉઠેલું વૃક્ષ આખરે સમતા મેળવતું હોય એમ દાક્તર સ્વસ્થ થતો બોલ્યો.

'દાક્તર સાહેબ! દાદા! નોકરી આજ હે. ઔર હમકો નોકરી કી પરવા ભી ક્યા હે? મેરી બાત સૂનો. જબ ફોજદારને મેરે હાથમેં યે વોરંટ ધર દીયા, તબસે હી હમને ઇરાદા કીયા. મેં સીધા વોરંટ લે કર મેરી ઓરત પાસ ચલા. બોલા ઉસકું 'બોલ તું ક્યા ચાહતી હે? દાદા જેલમાં ચલે વો કે મેં જેલમેં ચલું વો.' વો બોલીઃ 'તુમ ચલે વો.'

પરસોતમને જમાદારને મુખેથી કહેવાતી પતિ પત્નીની આ વાતમાં કાંઈ સમજ ના પડી. એ જમાદાર સામે જોઇ રહ્યો. જમાદાર ઝપાટાબંધ બોલવા લાગ્યો:

'દાદા! આપકે બંગલે કે પીછું આપકી મોટર તૈયાર રખને કે લીયે આપકા ડ્રાઇવરકું મેને બોલા હે. આપ ચલ જાઓ.'

'હું નાસી જાઉં ?'

'બેલાશક. આપ અદાલતી મામલા નહિ સમજતે. આપકી ઉપર બડા ભારી કલમ લગાયા હે. આપ જેલમેં ચલોંગે તો બહોત સે આદમી હેરાન હો જાયગા. આપ ચલે જાઓ. કોરટ–દરબારકા કભી તાગ નહિ લેના ચાહીએ. ઔર હમકો સરકાર કરેંગી ક્યા ?

પટા લે લેંગે તો મજૂરી કરેંગે. જેલમેં ભેજેંગે તો ભી ક્યા પરવા હૈ ?'

જમાદારના ચહેરા ઉપર અજબ પ્રભાવ જળહળતો હતો. શહીદો જે ઠંડી તાકાતમાંથી સરજાય છે એવી તાકાત એ બતાવતો હતો. એ મુસલમાન વફાદારી, મમતા અને લોકસેવાની કદરદાનીની પરકાષ્ઠા બતાવતો હતો; છતાં પણ પોતે કાંઇ પણ અસામાન્ય ન કરતો હોય, એવી સાહજીકતા એના શબ્દમાં હતી. ઠંડી તાકાત જેટલી ગરીબોને અને શ્રમજીવીઓને સાધ્ય છે એટલી ધનિકોને નથી.

'તમને શા માટે હું આપદામાં નાખું ?' નીલમ જમાદાર અને પરસોતમ ઉપર પોતાની આંખો વારાફરતી ચકરાવી રહી હતી. એની આંખો ટાળવા મથતા પરસોતમે કહ્યું : 'હું પોતે જેલમાં જવા તૈયાર છું. જેલમાં જવાની શકયતા મેં વિચારી રાખી છે.'

'દાદા ! જેલમેં અશરાફ આદમીઓકા કોઈ કામ નહિ. ઉધર તો શરીફ ભી મવાલી હો જાતા હૈ. અચ્છે આદમી ભી બૂરા હો જાતા હૈ. ઓર જો જેલસે પલટા નહિ જાતે વો તૂટ જાતે હૈ. આપ વહ બાતકો છોડદો. મૂજે જાને દો.'

શરત હવે વચ્ચે પૂરાયો: 'પણ એમાં શું ! ડૉકટર સાહેબને તમે પકડી જશો પછી અમે જામીન ઉપર છોડાવશું. અને પછી તમે શું એમ માનો છો કે ડૉકટર જેવા માણસને સરકાર ફરીને કેદમાં મોકલે ? જેલનું કામ શું ? કેદીઓને સુધારીને સાચા નાગરિક બનાવવાનું કે બીજું કાંઇ ? અને ડૉકટર પરસોતમ જેવો નાગરિક બીજો કોણ છે ? શું સરકાર એટલું પણ લક્ષમાં નહિ લ્યે ?'

'કાયદે મેં લીખા હૈ અયસા ?' જમાદારે પૂછ્યું.

'કાયદામાં એવું લખ્યું તો નથી, પણ મૂળ કાયદો જ એટલા માટે છે કે બીજા માટે ?'

'વોહ મેં નહિ જાનતા. મગર જો કાયદામેં એસા લીખા નહિ હોવે તો કુછ નહિ હો શકતા. હમને બોત કાયદા દેખા હૈ.'

શરત હસ્યો. પરસોતમ આશાભરી આંખે શરત સામે જોઇ રહ્યો.

'જમાદાર! તમે નચીંત રહીને તમારી ફરજ બજાવો.' એણે કહ્યું: 'ડૉકટર સાહેબ સલામત છે. એક વાર જેલમાંથી નાસી છૂટેલા છે. પરંતુ એને ફરીવાર જેલમાં કોઈ મોકલશે નહિ.'

'અચ્છા. મગર મેરી બાત સૂની હોતી તો ઠીક થી.'

પરસોતમે સ્વસ્થ અવાજે કહ્યું: 'જમાદાર! તમારી વાત મેં સાંભળી નહિ, એનો રંજ ન કરશો. તમે મને એ વાત કરી એ માટે હું તમારો અહેશાન માનું છું. તમે બેલાશક તમારી ફરજ બજાવો.'

જમાદારે પોલીસોને અંદર બોલાવ્યા.

'આપકું કુછ લેના દેના, સીધા કરના હો સો કરલો સા'બ!'

'કાંઇ જ નથી કરવું!'

'આપકી ઓરતકું તો આપ મીલ લીજીયે!'

નીલમના ગાલ ઉપર શરમની ઝાંય ફરી વળી. પરસોતમનો ચહેરો વિકળ બન્યો. અચકાતે કદમે, થડકતે હૈયે એ આગળ વધ્યો. એણે નીલમનો હાથ પકડ્યો. એ હાથ કંપતો હતો. બન્નેની આંખો મળી.

ને પછી શું થયું, કેમ થયું એ બન્નેમાંથી કોઇ સમજી શકે એ પહેલાં એમના હોઠો સામસામા જડાઈ ગયા.

'પરસોતમ! મારા પરસોતમ!'

'નીલમ! મારી નીલમ!'

ડૉ. પરસોતમને પોલીસચોકીએ લઇ ગયા અને હવે શું કરવું જોઇએ એ વિષે પોતાના પિતાની સલાહ લેવા શરત નીલમને લઇને પોતાને ઘેર ગયો. ઘરની પરસાળમાં એના પિતા પ્રીતમલાલ દેસાઇ આમ તેમ પરિભ્રમણ કરતા હતા, અને કાંઈક પણ બનાવની જાતે પ્રતિક્ષા કરતા હતા.

શરતને જોઇને એમણે જ સવાલ પૂછ્યો: 'કેમ શરત?'

'પિતાજી!' શરતે ઉતાવળથી પરસાળના પગથિયાં ચડતાં ચડતાં કહ્યું: 'એક ગંભીર બનાવ બન્યો છે. અને......'

શરતની પાછળ પાછળ નીલમ પણ આવતી હતી. નીલમના વ્યગ્ર ને વિષાદભર્યા ચહેરા સામે પ્રીતમલાલે ક્ષણભર ધ્યાનથી જોયું. પિતાના અંતરમાં કાંઇક વિસંવાદ જાગતો હોય એમ દેખાયું. પરંતુ બીજી ક્ષણે પ્રીતમલાલ સ્વસ્થ બન્યા.

'આવ શરત! શું છે?'

નીલમ અંદર જતાં જતાં ઓરડાના ઉંબર પર ઉભી રહી. પિતાની મનોદશા સમજવાની એની આકસ્મિક ને સાહજિક ઇચ્છા થઈ.

'ડૉક્ટર પરસોતમને પોલીસ પકડી ગઇ.' શરતે ઉતાવળથી બોલવા માંડયું.

‘ શા માટે ?’

‘ એક નાઠેલા કેદી તરીકે. ’

‘ બરાબર. એ ઠીક થયું. ’

પ્રીતમલાલના વદન ઉપર જરા સરખો યે ઉદ્વેગ નહિ જોવાથી, ડૉક્ટર પરસોતમ જેવા આપ્તજન ઉપર આવી પડેલી વિપદ પ્રત્યે જરા સરખી યે પ્રગટ હમદર્દી નહિ જોવાથી શરતને તાજુબી થઈ. પિતાને પોતે સમજતો ન હોય, પરંતુ સમજવા માગતો હોય અને પિતાએ એ સમજૂત આપવી જોઇએ એવો ભાવ શરતના મુખ ઉપર છાયો. પિતાનો નિસ્પૃહી જેવો લાગતો અવાજ સાંભળીને નીલમને અંતરમાં જાણે શૂળ ભોંકાયાં.

શરતનો મનોભાવ ને નીલમની મનોવેદના પ્રીતમલાલથી અછાનાં ન રહ્યાં.

‘ શરત ! અહીં બેસ. નીલમ તું પણ આવ. ’ પ્રીતમલાલે પરસાળમાં ઝૂલતી ખાટ તરફ અંગુલિનિર્દેશ કરીને કહ્યું:

શરત અને નીલમ ખાટ ઉપર બેઠા ને તૃષાતૂર જેમ પાણીને જોઈ રહે એમ પિતા સામે જોઇ રહ્યાં.

‘ ડૉક્ટર પરસોતમને પકડી ગયા એ બરાબર થયું છે. ડૉક્ટર પરસોતમ એક નાઠેલો કેદી છે એ હું જાણતો હતો, ને મેં પોતે જ પોલીસને ખબર આપી છે ! ’

‘ તમે ? ’ શરતના અવાજમાં ઊંડું દુઃખ હતું. ‘ તમે બાતમી આપી ... ? ’

‘ કેમ, હું બાતમી ન આપું ? હું સરકારી પેન્શનર નથી ?’ ને પ્રીતમલાલનું જર્જરિત મુખ આછા સ્મિતથી ચમક્યું.

નીલમને પિતાનું એ સ્મિત સાક્ષાત નારકીય લાગ્યું. એક-માનવીના યશ ઉપર—માનવીના ભાવી ઉપર આટલી કાતીલ છૂરી ચલાવવાનો કોઈ ઇન્સાનનો જીવ ચાલી શકે ખરો ?

થોડીવાર પિતા શરત અને નીલમ સામે જોઈ રહ્યા. બંને ફરજંદોની સુરેખ સંસ્કારિતાનો તૃપ્ત સંતોષ એના જર્જરિત મુખ ઉપર બૂઝાયેલા દીપકના મોગરા જેવી ચમકતી રતાશથી જળહળ્યો. જીવન-તૃપ્તિનો દીર્ઘ નિશ્વાસ પિતાએ મૂકયો.

'શરત! નીલમ! તમે બંને નવલોહિયાં છો. તમે ઉગ્રાને ઉભાં થાઓ છો ને મારી આંખો શાન્તિ પામે છે. તમે વિવેકી છો ને મારું હૃદય તૃપ્તિ અનુભવે છે. તમે બુદ્ધિવાન છો ને હું કૃતકૃત્યતા અનુભવું છું.

'તમે તમારી મેળે ઉડો તો હું જરાયે આડો ન આવું. તમને સ્વતંત્રતા આપવી જોઈએ એમ હું માનું છું, પણ હજી કેટલીક બાબતોનો પૂર્વાપર તમને ન સમજાય. કેટલીક સંસારિક ભૂલભૂલામણી તમથી ન ઉકેલાય. મેં દુનિયા જોઇ છે. એના દોરંગ અને દોર જોયા છે. મેં માનવીના આત્માની મહત્તાને કાદવમાંથી કમળ રૂપે વિલસતી જોઇ છે. મેં માનવીના આત્માઓને કાદવમાં ભૂંડની પેઠે આળોટતા જોયા છે. અહંભાવ, બુદ્ધિના બૂરખા અને સંસ્કારની ઓઝલ વગેરેથી દિગંબર બનેલા માનવીઓના નગ્ન આત્માઓને જોયા છે. તુરંગ એ એવી જગ્યા છે કે જ્યાં માનવીનું શરીર કેદ બને છે ને માનવીનો આત્મા બહારની દુનિયાની તુરંગમાંથી મુક્ત બની સ્વૈરવિહાર કરે છે. ને હું જેલર હતો. મેં ખૂબ દુનિયા જોઇ છે. ખૂબ પારખી છે. અને હું તમને કહું છું કે મેં જે કર્યું છે તે બરાબર કર્યું છે.'

આટલી લાંબી પ્રસ્તાવના પછી પણ પિતાનું કાર્ય પ્રશસ્ય કે બરાબર હોવા વિષે શરત અને નીલમના વદન ઉપર શંકા થીજી રહી.

પ્રીતમલાલે પ્રશ્ન કર્યો: 'નીલમ! સાચું કહેજે, સંકોચ વગર કહેજે. ડૉકટર પરસોતમ પ્રત્યે તને કાંઇ પણ આકર્ષણ છે કે નહિ?'

નીલમે નીચું જોઇને બે દાંત વચ્ચે હોઠ દબાવ્યા. એની આંખમાં આંસુના પડદા ખેંચાવા માંડયા હતા.

‘ હું પણ એ પારખી શકયો હતો. ’ પ્રીતમલાલે કહ્યું:

શરત ચમકયો. નીલમ અંગેઅંગમાંથી કંપી ઉઠી: ‘ શું નીલમનો પ્રેમ સંપાદન કરવાના ગુના બદલ ડૉકટર સામે પ્રીતમલાલે બાતમી આપી હતી? પિતાએ પોતાની નાપસંદગી આવી જલ્લાદી રીતે બતાવી હતી ? ’

પુત્ર–પુત્રીના વદન ઉપર છવાયેલી શંકાના ઓછાયા પિતાથી અછાના ન રહ્યા. એ ઓછાયાનો પડછાયો પડતો હોય એમ પ્રીતમ-લાલનું વદન ગંભીર અને વિષમ બન્યું.

‘ અવસ્થાની એ કરુણતા છે! ’ પ્રીતમલાલ વિષાદભર્યા અવાજે બોલ્યા: ‘ જુવાનો વૃદ્ધોને સમજી શકે નહિ ત્યારે બીજું શું ?’ પ્રીતમ-લાલની બુઝર્ગ આંખો ક્ષણભર નૂરવિહોણી બની: ‘ શરત ! નીલમ ! તમે સાંભળો. તમે મને સમજતા નથી. મારું અંતર સમજતા નથી. હું સમજાવું. ’

પ્રીતમલાલ થોડીવાર ચૂપ રહ્યા. અને પછી બોલ્યા:

‘ સાંભળો ! જ્યારથી એ પરસોતમ અહીં આવ્યો–આપણા મકાનમાં ભાડે રહેવા આવ્યો–ત્યારથી હું જાણતો હતો કે એ એક નાઠેલો કેદી છે. હું જ્યારે જેલર હતો ત્યારે એ જેલમાં આવ્યો હતો ને એકવાર જોયેલો ચહેરો હું નથી ભૂલતો. એટલે એ આવ્યો ત્યારથી જ હું જાણતો હતો કે એ નાઠેલો કેદી છે !

શરત અને નીલમ અનિમેષ પિતા સામે જોઇ રહ્યા. પ્રીતમલાલે આગળ ચલાવ્યું:

‘ પરંતુ હું એ વખતે કાંઇ નહોતો બોલ્યો. કેમ કે મારે એની સાથે નિસ્બત નહોતી. એક કેદી નાસી જાય તો પાછો પકડાવવાની

મારી જવાબદારી નહોતી. એક નાઠેલો કેદી પોતાનું જીવન સુધારવા માગતો હોય તોય મારે અંતરાય નાંખવાની જરૂર નહોતી. એ જાણે ને એનાં કિસ્મત જાણે. એના ભૂતકાળ અને એના ભવિષ્યકાળ વચ્ચે મારે દરમિયાન થવાની જરૂર નહોતી. એ ભણ્યો. એણે તમને ભણાવ્યાં. એ મોટો ડૉકટર થયો. એણે શહેરની સેવા કરી. એ મશહૂર બન્યો. ભલે એના કિસ્મતમાં જ જો એવું લખ્યું હોય તો તેમ બને, મારા જેવા ડોશાએ શા માટે દરમિયાન થવું જોઇએ ? '

થોડીવાર ઉતાવળું ને મૂક પરિભ્રમણ કરીને પ્રીતમલાલે વધારે ગંભીર અવાજે આગળ ચલાવ્યું.

'પણ જ્યારે મેં જોયું કે નીલમ એને ચાહતાં શીખી છે—જ્યારે મેં જોયું કે નીલમ એને ચાહે છે ત્યારે મારે મારી પુત્રીના હિતની ખાતર વચમાં પડવું પડ્યું. ત્યારે મારે ડૉકટર પરસોતમે કરેલી ભૂલનું વારણ કરવું પડ્યું. ડૉકટર પરસોતમ ઉપર જીવનભરનું આ જોખમ હતું. પકડાવાનું તો ઠીક પણ પકડાવાનો ભય એને મૂંઝવતો હતો. ફરીને ગિરફતાર થવાની સંભાવનાએ એ નીલમને ચાહવા છતાં લગ્ન કરવાનું કહી શકતો ન હતો. એ ભયનું એણે નિવારણ કરવું જોઇએ. એ ન કરે તો નીલમ અને પરસોતમ વતી મારે કરવું જોઇએ.

થોડીવાર ચૂપ રહીને પ્રીતમલાલે આગળ ચલાવ્યું: 'ડૉકટર પરસોતમને કાંઈ થશે નહિ. કાંઇ જ થવું જોઇએ નહિ. સજાનો હેતુ માનવીની ગુનેગારીના ભયથી સમાજને મુકત રાખવાનો ને માનવીને તે દરમિયાન વિવેક શીખવવાનો છે. સારી ચાલના કેદીને ખુદ સરકાર પણ માફી આપે છે. પરસોતમે પોતાના વર્તમાનકાળથી ભૂતકાળને ધોઇ નાંખ્યો છે ને સરકાર એને સજા કરે જ નહિ. કે પણ સંસ્કારી સરકાર કે સત્તા કે સમાજ આવા નાગરિકના નાગરિકના અધિકાર જૂની ગુનેગારીને કારણે ઝૂંટાવી ન લ્યે. એટલે પરસોતમને

કાંઈ થશે નહિ, મારી એ શ્રદ્ધા છે. પરંતુ પરસોતમ ઉપરનો ભય વિખરાઈ જશે. એનું ભાવિ વાદળ વગરનું નિર્મળ બનશે, અને કેવળ થોડીઘણી લોકોક્તિ સિવાય બીજા કશામાં નહિ પરિણમે એવો મને ઇતબાર છે. નીલમ અને પરસોતમ વચ્ચેનો અનુરાગ એ લોકોક્તિનો આઘાત પણ જીરવી શકતો હોય તો પછી તેઓ કશા જ સંકોચ વગર લગ્ન કરી શકશે. નીલમનો લગ્નપંથ નિર્ભય બનાવવા માટે જ મેં આ કર્યું છે.'

નીલમ ખાટ ઉપરથી કૂદી ઉઠી ને પ્રીતમલાલને ગળે બાઝી: 'ઓ બાપુ! તમે કેવા ભલા છો.'

પ્રીતમલાલની આંખમાં આંસુ આવ્યાં: 'મારાં બાળકો! મારી વૃદ્ધાવસ્થામાં મને થોડું થોડું પણ ચાહજો. હું તો તમારે સુખે સુખી.'

'શરત!' પ્રીતમલાલે કહ્યું: 'હવે તું મારી વાત સમજ્યો હોઈશ. જરૂર પડે તો પરસોતમને સમજાવવી પડે તો સમજાવજે. હવે તું જા. પરસોતમને આજે અદાલતમાં મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કરશે. તું અદાલતમાં જા. મેં એના જામીન–વકીલ વગેરેની તજવીજ કરી છે, પરસોતમ જામીન ઉપર છૂટે એટલે તું એને અહીં લાવજે.'

[33]

શહેરમાં રજનીકાંત નામે બાહોશ ધારાશાસ્ત્રી હતા. શરતના પિતા પ્રીતમલાલે રજનીકાંતને દાક્તરના બચાવ માટે નિયોજ્યા હતા.

શરત જ્યારે રજનીકાંતને મળ્યો ત્યારે એણે રજનીકાંતને બીજા અસીલોના કામકાજમાં પરોવાયેલા જોયા. શરત ખૂણામાં એક ખુરશી નાંખીને બેઠો.

રજનીકાંત આસરે ચાલીસેક વર્ષના એકવડા બાંધાના પુરુષ હતા. એમનો ચહેરો ગંભીર અને દુનિયાની વેદનાઓથી અસ્પર્શ્ય જેવો લાગતો હતો. એમની આંખો આગ્રહી અને બરછીની ધાર જેવી સફેદ તિખાશવાળી હતી. એના બાંધામાં કોઈ ખાસ નવીનતા નહોતી, એના ચહેરા ઉપર કોઈ ખાસ સરૂપતા નહોતી, પરંતુ એની આંખોમાં દુઃસહ તત્ત્વ હતું. એવી આંખોવાળો માનવી કાં તો લોકગણુ નાયક થાય અને કાં તો સાહસિક બહારવટિયો થાય. રજનીકાંતે વકીલાતનો ધંધો સ્વીકાર્યો હતો અને ખૂબ જ વેગથી એ અનેકોને પાછળ મૂકીને ધારામંડળની ટોચે આવી ગયા હતા.

જ્યારે એ વકીલાત કરવાને શહેરમાં આવ્યા હતા, ત્યારે અનેક મારવાડીઓની જેમ એ માત્ર દોરીલોટો લઇને જ આવ્યા હતા. એ ભાડૂતી મકાનમાં રહેતા. ભાડૂતી ઓફિસમાં બેસીને કામકાજ કરતા. પગે ચાલીને અદાલતમાં જતા અને મુકદ્દમાના કાગળોની હાથવતી નકલ કરતા.

એ સમયે તો કોઇ પણ એવી સભા નહોતી કે જેમાં રજનીકાંત વકીલ હાજર ન હોય. કોઇ પણ એવી રમત નહોતી કે જેમાં રજનીકાંત આગર પડતો ભાગ ન લેતા હોય. એ વખતે એ છાપમાં ચર્ચાપત્રો લખતાં, મેળાવડાઓમાં ભાષણ કરતા, મ્યુનિસિપલ કે ધારાસભાના ઉમેદવારોની સભાઓ ગજવતા ને મતોની માગણી કરવા ઘરઘર ઘૂમતા. ને એમને એમ વીસેક વર્ષ વહી ગયાં.

આજે રજનીકાન્ત શહેર બહારના પોતાના બંગલામાં વસે છે ને ત્યાંથી મોટરમાં બેસીને શહેરની અંદર આવેલી પોતાની ત્રણ માળની હવેલીના આગલા ભાગમાં રાખેલી ઓફિસમાં બેસીને કામકાજ કરે છે. આજે એમને સભાઓમાં જવાની, મેળાવડાઓમાં હાજર રહેવાની, કે મિત્રો સાથે નિરાંતે વાત કરવાની પણ ફુરસદ નથી મળતી. આજે તો પંદર દિવસ અગાઉથી પૂછપરછ કરીને એમની પાસેથી ખાસ વખત મેળવવામાં આવ્યો હોય તો જ કોઇ સભાના એ પ્રમુખ થઈ શકે છે. મ્યુનિસિપાલીટી ને ધારાસભાના ઉમેદવારો માટે મત મેળવવા મથનારને આજે જાતે ઉમેદવાર થવાની પણ ફુરસદ નથી મળતી. આજે એમની ઓફિસમાં ત્રણ ચાર ગુમાસ્તાઓ કામકાજ કર્યા જ કરતા હોય છે.

રજનીકાંત પોતાના બીજા અસીલોમાંથી પરવારીને અને થોડાકને ગુમાસ્તાને, થોડાકને પોતાના જુનિયરને ભળાવીને ફારગ થયા અને પછી શરત સામે જોઇને બોલ્યાઃ ‘ કેમ મારું કાંઇ કામ છે ? ’

શરત સમજ્યો કે વકીલ પોતાને ઓળખી શકયા નથી. એટલે શરતે પોતાની ઓળખાણ આપીઃ ‘ હું પ્રીતમલાલ દેસાઇનો પુત્ર, અને ડૉકટર પરસોતમના કેસ માટે આપને મળવાનું મારા પિતાએ મને કહ્યું હતું. ’

કાંઈ ભૂલાયેલી વાત યાદ આવી હોય એમ રજનીકાન્ત જરા હસીને બોલ્યા :

'Yes. બરાબર મને યાદ આવ્યું. ડૉક્ટર પરસોતમના કેસમાં તમારા પિતાએ મને વકીલ તરીકે રોક્યો છે. જો કે તમારા પિતાએ મને ન રોક્યો હોત તો પણ ડૉક્ટર પરસોતમની સજ્જનતા ને સુજનતાએ પ્રેરાઇને પણ હું ઉભો રહેત.'

'જી હા.' શરતે રજનીકાંતના સૂરમાં સૂર પૂરાવ્યો.

'એક મુકદ્દમાની દષ્ટિએ પણ એ ઘણો રસિક મુકદ્દમો છે. આખો જેલનો અને જેલની પાછળ રહેલા સિદ્ધાન્તનો એ પ્રશ્ન છે. અલબત્ત પોલીસ પાસે કેસ છે તે ઘણો મજબૂત છે. પણ મને લાગે છે કે ડૉ. પરસોતમ પણ ઘણી મજબૂત જગ્યા ભોગવે છે.'

'જી.' શરતે કહ્યું.

'જેલમાં એક આરોપ માટે મોકલવામાં આવેલો કેદી જેલ છોડીને નાસી જાય અને જેલની બહાર રહી રહી પોતાનું જીવન એવું સુધારે કે સમાજને નુકશાનકારક થવાને બદલે લાભકારક થાય, એકંદરે આપણને એમ લાગે કે એ માણસ જેલમાં રહ્યો હોત તો સમાજને નુકશાન થાત અને એ માણસ જેલ બહાર છે એ સમાજને લાભકારક થયું છે, એવા સંયોગમાં એ માણસને જેલના તત્ત્વને અનુસરીને મુક્ત ગણવો જોઇએ. આ અંગત સવાલ જેટલો છે એના કરતાં એક જાહેર પ્રશ્ન વધારે છે.'

'જી, હા.'

'અને જો એ જાહેર પ્રશ્ન હોય તો હું એમ માનું છું કે એની જાહેર રીતે જ લડત થવી જોઇએ. મીસ્તર...મીસ્તર...' રજનીકાંત શરતનું નામ જાણવા થોભ્યા: 'માફ કરજો, પણ હું તમારું નામ ભૂલી ગયો.'

'શરત.'

'મી. શરત. મને એમ લાગે છે કે ડૉ. પરસોતમના મિત્રો, પ્રશંસકો, શુભવાંચ્છકો અને હિતેચ્છુઓએ એકઠા મળીને એક જાહેર સભા બોલાવવી જોઇએ અને એ સભામાં ડૉ. પરસોતમ માટે બચાવ સમિતિ સ્થાપવી જોઇએ. આપણા પક્ષે ન્યાય છે એ ન્યાયને એકને બદલે હજાર જબાન આપવી જોઇએ છે. એની પાછળ પ્રબળ લોકમત ઉભો કરવો જોઇએ છે. કાયદાની સામે આપણે એક પ્રચંડ બળ ઉભું કરીને કાયદાને કહેવું જોઇએ છે કે જેમના થકી તમે અમને સરંક્ષવા માગો છો, એની હાજરી અમારે ખાસ જોઇએ છે.'

'જી હા.'

'તો તમે એમ કરો, આ કાર્ય કરો. ડૉ. પરસોતમના મિત્રોની એક ખાનગી સભા આજે સાંજે ગોઠવો. તેમાં જરૂર હશે તો ડૉ. પરસોતમને પણ હાજર રાખશું.'

'ત્યારે અદાલતનું કામ?'

'આજનું કામ તો જામીનનું છે ને? તે હું પતાવી લઇશ. તમે આટલું કરો, અને જુઓ સાથોસાથ છાપાઓના તંત્રીઓને પણ મળતા આવજો. એમના પ્રતિનિધિઓ સભામાં હાજર રહે એવી ગોઠવણ કરજો.'

'બહુ સારું. હું આપને કયાં મળી શકીશ?'

'બપોરે અદાલતમાં મળજો, ને મારી ચેમ્બરમાં. ડૉકટર પણ ત્યાંજ હશે.'

'એમને જામીન ઉપર છોડશે તો ખરા ને?'

'એમાં શંકા શી? મને મુશ્કેલી નથી લાગતી.'

'ત્યારે સાહેબજી!'

'સાહેબજી.'

રજનીકાંત જેટલા વિશ્વાસથી શરત સાથે વાત કરતા હતા, એટલો વિશ્વાસ એમના અંતરમાં નહોતો. એમના હૃદયમાં રહેલો અવિશ્વાસ સકારણ છે એમ એ અદાલતમાં નિયમ કરતાં એક કલાક વહેલા અગિયાર વાગે ગયા ત્યારે જ ખબર પડી.

ડૉ. પરસોતમને જો અદાલત સમક્ષ પોલીસ રજૂ કરે તો રજનીકાંત એને જામીન ઉપર છોડવવાને માજીસ્ટ્રેટને સમજાવી શકે અને માજીસ્ટ્રેટ પણ એને જામીન ઉપર છોડે, આટલો તો તેને વિશ્વાસ હતો.

પરંતુ, ડૉકટર પરસોતમને પોલીસ અદાલત સમક્ષ રજૂ ન જ કરે તો? રજનીકાંત ઊંડા વિચારમાં અદાલતના દરવાજામાં પેઠા. ત્યાં એમનાથી સહેજ જ આગળ સરકારી વકીલ મી. મહેતા દાખલ થતા હતા.

'મી. મહેતા!' રજનીકાંતે જરા મોટેથી સાદ દીધો.

મહેતાએ પાછળ વળીને જોયું. રજનીકાંતને જોઇને એ પરિચયનું મીઠું સ્મિત કરતા ઉભા રહ્યા.

'ગુડમોરનીંગ મી. મહેતા!' રજનીકાંતે હૈયાની વાતનો તત્કાળ આરંભ કરી દીધો.

'મારે તમને એક પૂછવું છે.'

'બેલાશક.'

'ભલા, આજે ડૉકટર પરસોતમને પોલીસ રજૂ કરવાની છે કે?'

'તમે એના વકીલ છો ખરું ને?'

'હા. એટલે જ તમને પૂછું છું.'

મહેતા રજનીકાંત સામે જોઈ રહ્યા: 'તમને સાચું કહું ? પોલીસ એને રજૂ નહિ કરે.'

રજનીકાંતના પેટમાં જાણે કાંઇક ઉંડો ખાડો પડયો ને પવન શોષવા લાગ્યો. અવ્યક્ત લાગતી જતી ભીતિ સાકાર બનતી જતી હતી કે શું?

'ત્યારે કાલે?' રજનીકાંતે પૂછ્યું. સરકારી વકીલ જરાક મરકયા: 'મી. રજનીકાંત ! હું તમને સામે સવાલ પૂછું છું. મારી જગ્યાએ તમે સરકારી વકીલ હો તો પોલીસને શું માર્ગ બતાવો?'

રજનીકાંતે માથું ખંજવાળવા માંડયું. સરકારી વકીલે ચાલુ રાખ્યું: 'તમે જે માર્ગ પોલીસને ફરજની રૂએ બતાવત એજ માર્ગ મેં પોલીસને બતાવ્યો છે.'

'શું ?'

'પોલીસ ડૉકટર પરસોતમને જેલ સત્તાવાળાને જ સુપ્રત કરી દેશે, જેલમાં એની જૂની બાકી રહેલી સજા ભોગવવાને માટે. અને એના ઉપર જેલમાંથી નાસવા બદલ કામ ચલાવવું હોય તો એ ચલાવવાનું જેલ સત્તાવાળા ઉપર જ છોડી દેશે.'

રજનીકાંતનું અંતર ભારથી બેસી ગયું. પોતે બાહોશ વકીલ હોવા છતાં ભણેલો ભીંત ભૂલે, એમ પરસોતમને આગલી સજામાંથી કેટલાંક વર્ષો ભોગવવાનાં હજી બાકી છે તે એ કેમ ભૂલી ગયા ?

રજનીકાંત સરકારી વકીલ સામે એકધ્યાને જોઇ રહ્યા. આખરે ભારે હૈયે બોલ્યા : 'તમે અમારી ગણતરી ઉંધી વાળી નાંખી.'

'હું દિલગીર છું. ડૉકટર પરસોતમનો પ્રસંગ છે એટલે સવિશેષ દિલગીર છું. પણ હું શું કરું ? હું કાયદાનો સેવક છું. અને પોલીસને વિધિપુરઃસરનો માર્ગ મારે બતાવવો જ રહ્યો. પરંતુ મી. રજનીકાંત ! એટલું ચોક્કસ માનજો કે આ સલાહ આવા માણસ પરત્વે આપતી વખતે મને પોતાને ઓછો રંજ નહોતો થયો !'

મહાકાળના અઘોર નીરમાં થીજેલાં આંસુની ઈમારત હોય એવી એ કાળા કંકરની તુરંગ હતી, ને એ તુરંગમાં પરસોતમને લઇ જવામાં આવ્યો હતો.

પરસોતમની આંખ સામે એ તુરંગની ઈંટેઈંટમાંથી પ્રગટીને જાણે કે આશામૂર્તિ જાગતી હતી. એ આશામૂર્તિની રેખામાં એને નીલમની રેખાઓ કળાતી હતી. અખૂટ આશાઓ એના હૈયામાં ઉછળતી હતી. એને હવે જેલનો ત્રાસ નહોતો. એ જાણતો હતો કે એકદા–અને તે ઘણો જ વહેલો–આ તુરંગમાંથી સદાને માટે બહાર નીકળવાનો છે. અને પછી...?

પછી એ પોતાનું ડૉક્ટર તરીકેનું ઉપકારક કાર્ય ચાલુ રાખી શકશે. પછી એ જગતમાં મહાન તો નહિ પણ ઉપયોગી નર તરીકેનું પોતાનું સ્થાન પ્રાપ્ત કરશે. પછી-પછી એને તુરંગનો અનામ ભય નહિ સતાવે. પછી એ સજ્જન, સનાગરિક ને સન્માન્ય બનશે. અને એના ભાવી ઉપર કોઇએ નાની મોટી કાળી વાદળી જરા સરખિયે છાય પાથરશે નહિ.

પોલીસ સાથે કદમોકદમ મિલાવતો એ જતો હતો. પરંતુ એના પગ જરાયે ભૂમિ સાથે જડાતા નહોતા. એ જતો હતો જીવતી કબર તરફ પરંતુ એ કબરમાં કેવળ એની કપરી ચિન્તા ને ક્રૂર કિસ્મત માત્ર દટાવાનાં હતાં. ભૂત વળગેલો કોઈ માણસ માતાના સ્થાન તરફ

પોતાનો વળગાડ છોડાવવા જતો હોય એમ એ પોતાને વળગેલી ચિન્તાને પરહરવાને જેલ તરફ જઈ રહ્યો હતો.

એક વાર એ વાદળ દૂર થાય. એક વાર એનો ભૂતકાળ દટાયા પછી......

એની આંખ આગળ કલ્પનાની મનોહર સુંદરી ઉભી રહી. હજારો વાર એના માનસે એ મૂર્તિની હવાઇ રેખાઓ દોરી હતી; એટલે આ સમયે પણ એ અદૃષ્ટ ચિત્રકારને એ અપાર્થિવ તસવીર દોરતાં કાંઈ વાર ન લાગી. એક ક્ષણ એની આંખો જાણે કોઈ અદૃષ્ટને જોવા થંભી રહી ને પ્રણયીનાં પ્રથમ મિલનની આતૂરતાથી એના હોઠ ફફડ્યાઃ 'નીલમ!'

નીલમ! એની ભાગ્યમૂર્તિ! જે એની નહોતી છતાં ભવભવથી એની હોય એવી આત્મીયતા જેની સાથે એને ભાસતી હતી! મહાસાગરનું મંથન કર્યા પછી ઝેર નીકળે ને ઝેરમાંથી અમી નીકળે એમ એના જીવનના સાગરનું મંથન અત્યારે થઇ રહ્યું હતું. એ અત્યારે એ મંથનનું ઝેર પીવા જતો હતો. ને એ વિષપાન પછી એને અમૃત સાંપડવાનું હતું!

શું નીલમ એની થશે? નીલમ એની જ થશે—શા માટે નહિ? એણે કોઈનું બગાડ્યું ન હતું. સર્વ કોઇનું સુધરે એટલું સુધારવાનું જ એણે કામ કર્યું હતું. કિરતારના દરબારમાં શુભ કાર્યનો પુરસ્કાર હોય તો એને નીલમ મળવી જોઈએ! માનવીના હૃદયમાં ન્યાય અને માનવતાના અંશ પણ હોય તો નીલમ એને મળવી જોઈએ.

જીવન—ઉલ્લાસના દરવાજા જાણે ખુલતા હતા ને એની અંદર અણકલ્પી વિધિઓ જાણે અંકાતી હતી. નીલમને એ પરણશે. જીવન આખું અનંત આનંદથી અભંગ સમાધિમાં જશે, અત્યાર સુધી

એનાથી દૂર રાખેલાં શારીરિક ને માનસિક શોખ અને મસ્તી એને સાંપડશે. પરસ્પરના સર્વ સમર્પણુની તમામે તમામ ખુમારી એની થશે.

જીવનનું સત્ત્વ પણ એજ ને જીવનનો મર્મ પણ એ જ; જીવ-નની સિદ્ધિ પણ એજ ને જીવનની સમાધિ પણ એ જ.

જે માર્ગે એ અહીં સુધી આવ્યો હતો એ માર્ગ કેટલો સુભગ હતો! સમાજ આખરે પીડિતો ને શાપિતોને ઇન્સાફ તો આપે જ છે. કાંઇક એવું અદૃષ્ટ છતાં સદા નિકટ બળ છે તો ખરું. એને ઇશ્વર કહો, ખુદા કહો, રામ કહો, રહીમ કહો, સૃષ્ટિનો આત્મા કહો, પ્રકૃતિ નિર્માણ કહો,–જે નામથી સંબોધો તે નામનું એ અગોચર છતાં સચરાચર બળ છે, જે માનવીને આખરે વાજબી ન્યાય આપે છે, જે સૃષ્ટિના પ્રગતિકામી સત્યનો અંતે જય કરાવે છે.

ને પરસોતમને લાગ્યું કે નીલમમાં પણ એ બળનો અલ્પ પણ અંશ છે.

જેલના દરવાજા ઉઘડ્યા અને જેલના સુપ્રિન્ટેન્ડેન્ટે એને અંદર લીધો.

સુપ્રિન્ટેન્ડેન્ટને એ ઓળખતા હતા, અને એ અશરાફ ને રહેમ-દિલ અમલદાર છે, એમ એ માનતો હતો. જેલના બે દરવાજાઓની વચમાં એ એને જરૂર કરતાં વધારે કડક, જરૂર કરતાં વધારે બેપરવા અને જરૂર કરતાં વધારે ભાવહીન દેખાયો. જેલની અંદરનો એમનો દિમાગ જોતાં કરડાકી જાણે એમને વરી હતી.

થવાની વિધિઓ થઇ રહી. પરસોતમની જૂની હિસ્ટરી ટિકેટ અને જૂની જેલકિતાબ શોધી કાઢવામાં આવી. એમાં એના પુનરા-ગમનનો ઉલ્લેખ નોંધવામાં આવ્યો. એની સહુની થતી હતી એવી જડતી થઇ, અને પછી એને 'કરંટી'–કવોરેન્ટાઇનમાં લઇ જવામાં

આવ્યો. હવે એના માથા ઉપર સફેદ ને બદલે લાલ ટોપી મૂકવામાં આવી હતી.

પરંતુ પરસોતમને એનો રંજ ન થયો. આ બધું એને ડરાવવા માટે જ હતું. સુવર્ણને સિદ્ધ કરનારી કસોટી જ હતી. એનાં મનોવાંછિત લગ્ન, એના મનોવાંછિત જીવન અને મનોવાંછિત આશાઓની તૃપ્તિના ગુલાબી રાહના અનિવાર્ય કાંટાઓ હતા. એક દિવસે આ કાંટાઓ એને ભોંકાવાના જ હતા. એક દિવસે એને આ પત્થરના જંગલમાં ભમવાનું જ હતું. એની સંભાવના એને અહોનિશ પજવતી જ હતી. પરસોતમને હવે મનમાં આશાયેશ આવી કે એ સંભાવના એને જેટલી સતાવી રહી હતી, એટલી નક્કર અનુભવમાં એ વસ્તુ અસહ્ય નહોતી.

એક પીળી પાઘડીવાળા કેદી દરોગાની પાછળ પાછળ એ ચાલતો હતો. એની આસપાસ એક પછી એક આશાના દરવાજા બંધ થતા હોય એમ પત્થરની દીવાલો વીંટળાવા લાગી. એક ક્ષણ એને બધુંયે આસુરી લાગ્યું. પારલૌકિક બિભીષણતા ભર્યું લાગ્યું. આ થીજેલી ક્રૂરતા ભેંકાર અને પોતે એના પાશમાં સપડાયેલો કેવળ માનવકીટ હોય એવી પામરતા એના અંતરમાં આવી.

બીજી ક્ષણે એનું ધબકવા માંડેલું હૈયું એણે કબજે કર્યું. મારી પાછળ મિત્રો છે. શુભેચ્છકો છે. શરત છે. નીલમ છે. પૈસા છે. ને જે સમાજના એણે નિષ્કામ સેવા ઉઠાવી હતી એ સમાજ અને એની એ સેવાનાં સંસ્મરણો છે. પોતાનું હાડ ભલે અહીં હોય પોતાનો આત્મા બહાર છે, ને એ આત્મા ગમે તેવી ઉગ્ર તપ સિદ્ધિ કરીને પણ એના હાડને આ ભીષણ ચક્કરની બહાર ખેંચી જ લેશે.

ને પરસોતમ નવી આત્મશ્રદ્ધાથી પોતાની બુદ્ધિને, પોતાના હૃદયને, ભીંજવીને 'કરંટી' વોર્ડ તરફ ચાલતો થયો.

એને જેલ ભયંકર લાગતી હતી. એક ક્ષણ એનું હૈયું મૂંઝાઈ ગયું હતું. અહીં ફસાઈ ગયેલો પોતે ફરીથી પાછો બહાર નીકળી શકશે ?

તુરંગ એના જીવન-પંથમાં એક ખાંભી હતી. એમાં શંકા નહોતી. પરંતુ એ પથ કઈ તરફ એને દોરી જતો હતો ? પ્રકાશ તરફ ? અંધકાર તરફ ? એ ક્યાં જાય છે ? ક્યાં જવાનું એને માટે નિર્માયું છે ?

હવાના ઝપાટા ખાઈ ખાઈને, માનવીનાં આંસુ ભરી ભરીને કેટલાક પત્થરને પણ કેવી વાચા આવે છે ? તુરંગ જાણે પરસોતમને સવાલ પૂછતી હતીઃ પરસોતમ જાણે તુરંગને પૂછતો હતોઃ 'ક્યાં જાય છે ? આ માર્ગ ક્યાં જાય છે ? ક્યાં દોરી જાય છે એનું કિસ્મત એને ?'

શરતે જ્યારે રજનીકાંત પાસેથી સમાચાર સાંભળ્યા કે, ડૉકટર પરસોતમને પોલીસખાતા તરફથી શેષ સજા ભોગવવાને સીધો જેલમાં મોકલી આપવામાં આવ્યો છે, ત્યારે એને ખૂબ જ આઘાત થયો.

શરતના સ્વમુખથી જ્યારે પ્રીતમલાલને આ વાતની ખબર પડી ત્યારે પોબાર પાડવા ધારેલો પાસો અવળો પડતાં જુગારીને જેવો રંજ થાય એવો રંજ એને થયો. એની ગણતરી કેવળ અવળી પડી હતી એવો એને ભાસ થયો.

પ્રીતમલાલે નીલમના વદન સામે જોયું અને એના વત્સલ હૈયામાં જાણે આગ ઉઠી. જે ઉપાયથી એણે નીલમના માર્ગમાંથી કાંટા દૂર કરવા માગ્યા હતા એ થકી તો એનો અભિલાષ તમામ એણે બદબખ્તીના જંજીરમાં જકડાઈ ભીંસાઈ જતો જોયો.

કબરમાંથી કોઈ પ્રેત ઉભું થયું હોય એવી બનેલી એણે નીલમને જોઈ. એક ક્ષણમાં એના અંગ ઉપર જાણે જુગજુગના થાકના, જુગજુગની નિરાશાના ને ભવભવના પાપભાર જામતા જોયા. એક ક્ષણમાં એના શરીરમાં લોહી શોષાઇને સફેદ બની ગયું હોય એમ એનો ચંપકવર્ણો ચહેરો પાંડુવર્ણો બની ગયો હતો. એની આંખો પહોળી, એનો ચહેરો ભૂર્જપત્ર જેવો ને દિદાર બીધેલો બની ગયો હતો. ને પ્રીતમલાલે એને જોઈને પોતાને પુત્રીના ખૂની તરીકે માન્યો.

એણે શરતને પોતાની પાસે બોલાવ્યો અને જે આશા પોતાને નહોતી લાગતી એ આશા એને આપી.

એણે નીલમને બોલાવી. વર્ષો પછી પહેલી વાર પોતાના ખોળામાં બેસારી એના માથા ઉપર આંસુનું સીંચન કરી ચૂમી ભરી. પરસ્પર મનોભાવ સમજતાં પિતા–પુત્રી એક શબ્દ પણ બોલ્યાં નહિ. એ અબોલ સંવાદ બંનેને જુદી જુદી રીતે કેવળ પજવી જ રહ્યો.

અને પછી પ્રીતમલાલ વસ્ત્રો પહેરીને શરતને નીલમ પાસે રાખીને એકલા બહાર નીકળ્યા.

એમની સાંજે શહેરના એક જાહેર સભાસ્થાનમાં ડૉ. પરસોતમના મિત્રોની, શુભેચ્છકોની, પ્રશંસકોની ને ઉપકૃત જનોની એક સભા ભરાઇ. સુંદરરાઇના પ્રમુખ અધ્યક્ષપદે બેઠા હતા.

ડૉ. પરસોતમની ગુણગાથા ઘણા લોકોએ ગાઇ. કેટલાકોએ એની ઉદારતાનાં, હમદર્દીનાં, માયાનાં, તબીબી લાયકાતનાં, જાહેર સેવાનાં, સ્વાનુભવનાં ને સર્વાનુભવનાં બ્યાનો આપ્યાં.

સૌથી છેલ્લે રજનીકાંત ઉભા થયા. એમને કહ્યું: 'ડૉ. પરસોતમ એટલા લાયક છે કે હું એક એમની લાયકાતનું તમારી સહુની પાસે વર્ણન ન કરું તો એમની લાયકાતને જરાયે કમીના નથી રહેવાની. હું પોતે તો આ આખી વાતને કાયદાની નજરે જોઉં છું ને તમારી સમક્ષ એ દૃષ્ટિ મૂકવા માગું છું.

'એક અપ્રસિદ્ધ ગામનો એક જુવાન કાળબળે અભ્યાસ મૂકીને મુંબઇમાં નોકરી શોધવા આવ્યો. ખૂબ પ્રયત્નો કરતાં એને નોકરી મળી નહિ. એને ભૂખમરાના દિવસો આવ્યા. એને જાહેર રસ્તા ઉપર સૂઇ રહેવાના દિવસો આવ્યા. એવે સમયે પરસોતમ ભાન ભૂલ્યો ને એણે ચોરી કરી.

'નીતિ અને ન્યાયની નજરે એ ચોરી એકની ન હતી. બધાની હતી. મારી અને તમારી અને સહુની. જો પરસોતમ એ ચોરી માટે ગુનેગાર હોય તો પરસોતમને ચોરી કરે તો જ પૈસા મળે એ જ પ્રકારનું સામાજીક તંત્ર રચનારાઓ ને નિભાવનારાઓ એ ચોરીમાં

એટલા જ મદદગાર છે. પરંતુ ખેદની વાત છે કે પરસોતમને સજા થાય છે. મદદગારો બધા તો પોતાને નિર્દોષ જ માને છે, અને અદાલત પણ પરસોતમને મૂળ ગુનેગાર ગણે છે. ને મદદગારોને એક શબ્દ પણ કહેવાનો એને અવકાશ નથી.

'જે દેશમાં એક બાજુ પરસોતમો ભૂખે મરે છે અને બીજી બાજુ રાંધ્યા ધાન મોંઘે ભાવે વેચાય છે, એ દેશના સમાજમાં પ્રાકૃતિક નિયમો અને માનુષી કાયદાઓ વચ્ચે એક જબ્બર અખાત મોજૂદ રહે એ દેખીતી વાત છે. તમે એટલું નિશ્ચયે કરીને માનજો કે માનુષી કાયદાઓ મિલકતના પાયા ઉપર રચાયા છે. પ્રાકૃતિક નિયમો માનવીની અનિવાર્ય જરૂરતોના સ્વીકાર ઉપર રચાયા છે. તમે મિલકતનું ચાહે તે કરી શકો છો, એની ફાળવણીનાં ધોરણો ગમે તે રીતે મુકરર કરી શકો છો, પરંતુ તમે જીવ માત્રની પ્રેરણા સમ બુભુક્ષા અને વાંચ્છનાને દોર આપી શકતા નથી. એમની તૃપ્તિ એ જ પ્રકૃતિનો અંતરાત્મા છે. જ્યારે પ્રકૃતિના અંતરાત્મા અને સ્થાપિત કાયદાના અંતરાત્મા વચ્ચે અથડામણ થાય છે, ત્યારે મનુષ્યે કાંતો નમવાનું ને કાંતો તૂટવાનું જ રહ્યું.

'પરંતુ એ વાતો અત્યારે પ્રસ્તુત નથી. પ્રસ્તુત વાત તો એ છે કે ડૉકટર પરસોતમને જેલમાં લઇ ગયા છે એ વાજબી થયું છે? પ્રસ્તુત વાત તો એ છે કે જેલ એ આપણા કાયદામાં આત્મલક્ષી મહત્ત્વની વસ્તુ છે કે ધ્યેયલક્ષી સાધન છે?

'એક ગુનેગારને સજા થાય છે. શા માટે? એ સજાની પાછળની નેમ એને એક રાની પશુની જેમ પૂરી રાખવાની છે કે એને નાગરિક બનાવવાની છે? એક માનવી એ જેલ તોડીને બહાર નીકળે છે. બહાર એ એક સરસમાં સરસ નાગરિક બને છે. નૈતિક ને સામાજીક જવાબદારી સમજનાર સારામાં સારા નાગરિક જેવો એ નાગરિક બને છે.

'સવાલ તો એ છે: જેલ શું કાંઇ એવું પોતાને જ કારણે સર્વવિશેષ સ્થાન છે કે જ્યાં ક્રૂરમાં ક્રૂર ખૂનીની સાથે સારામાં સારા નાગરિકને પણ મોકલી દઈ શકાય ? કે જેલ એ સાધન હોઇને નાગરિકત્વના વિકાસને કારણે પોતાના સકંજા ઢીલા કરવાને બંધાયેલી છે ?

'અને આટલી વાત જો તમે નિષ્પક્ષ વિચારશો તો તમને આ આખી વાત એક સાદા પરંતુ મૂળગત પ્રશ્નમાં સમાયેલી દેખાશે. સમાજની નીતિમાં, સમાજના કાયદામાં, બળવત્તર શું લેખાવું જોઇએ છે ? એની મિલકતી ભાવના કે એની સેવાભાવના ?

'ડૉકટર પરસોતમના મુકદ્દમા મારફત આપણે એ બતાવી આપવું જોઇએ કે સમાજ મિલકતી ભાવનાનો પૂજારી નથી. સમાજ લોકસંગ્રહના કાર્યનો બાધક નથી. માનવસમાજ આ અવનીમાં ચોક્કસ હેતુઓ માટે રહે છે. એ હેતુઓની સિદ્ધિ અર્થે એણે ઉભાં કરેલાં રક્ષણાત્મકના સાધનો ને સ્થાપેલા રક્ષણાત્મક કાનૂનોએ માનવજાતના મુખ્ય ધ્યેયને વશવર્તી રહેવું જ રહ્યું.

'ડૉકટર પરસોતમનો મુકદ્દમો આપણી પાસે એ સવાલો મૂકે છે. એ સવાલનો મારે મારી રીતે, તમારે તમારી રીતે અને સર્વ કોઇએ પોતપોતાની રીતે જવાબ આપવાનો જ રહ્યો.

'મારી દરખાસ્ત એવી છે કે આપણે એક વગદાર બચાવ–સમિતિ નીમીએ અને શહેર અને સમાજ વતી એનો મુકદ્દમો લડીએ. આપણે એ દ્વારા બતાવી આપીએ કે નિયમ કરતાં નિયમન, યોજના કરતાં સંયોજન સર્વદા અગ્રલક્ષ માગે છે. જેલના પીંજરા કરતાં માનવીની સુધારણા એ વધારે અગત્યની વાત છે. સજાના ભોગવટા કરતાં માનુષી હક્કો વધારે બળવાન છે. માનવીએ યંત્ર તરીકે રહેવું નહોય તો એણે આટલી વાત સ્વીકારવાની રહેશે !'

[૩૮]

રજનીકાંતના પ્રવચન પછી સભાના પ્રમુખે મૂકેલા પ્રસ્તાવ-દ્વારા શહેરના સંભાવિત નાગરિકોની બનેલી એક બચાવ–સમિતિ નીમવામાં આવી. અને ડૉ. પરસોતમના બચાવને માટે જોઇતાં નાણાં જાહેર પાસેથી ઉઘરાવવાને એને હક્ક મળ્યો. સભામાં જ સારી જેવી રકમ થઈ. સભાના પ્રમુખ બચાવ–સમિતિના પ્રમુખ બન્યા. અને રજનીકાંતને ડૉ. પરસોતમના કાયદાસરના બચાવ માટેની તમામ જોગવાઇ કરતી જવાબદારી સુપ્રત કરવામાં આવી.

વળતે દિવસે સવારે બચાવ–સમિતિ તરફથી ધારાના સલાહકાર તરીકે રજનીકાંત તુરંગમાં પરસોતમને મળ્યા.

શહેરના પ્રજાજનોએ ડૉકટર પરસોતમના બચાવ માટે કરેલી વિચારણા અને કરેલા પ્રબંધની એમણે વાત કરી. ડૉકટર પરસોતમને જેલમાં રાખી શકાય નહિ એવો પોતાનો અભિપ્રાય જણાવ્યો. પરસો-તમ પોતાની સજ્જનતાના અને એમના પ્રયાસના એકત્રિત પરિબળથી તત્કાળ જેલમુક્ત થઇ જશે એવી પોતાની દૃઢ માન્યતા જણાવી.

અને ડૉ. પરસોતમને એ રીતે આશ્વાસન આપીને એના પહેલા મુકદ્દમાને લગતી વિગતો જાણીને રજનીકાંત પાછા ફર્યા.

ડૉ. પરસોતમ ઉમેદમાં હતો. એને સરકાર છોડી મૂકશે એમાં જરા યે શંકા નહોતી. એનાં નીલમ સાથે લગ્ન થશે એમાં જરાયે

શંકા નહોતી. નિષ્કલંક અને સુખી બનીને એ પોતાના માબાપના ચરણુમાં કદમ ઝૂકાવશે.

અભિલાષાઓ ને વણુપાંગરી મહેચ્છાઓ એના અંતરમાં જાગતી હતી. જેલ એને તુચ્છ એક અનિવાર્ય એવા જંતુના ડંખ જેવી અને બડભાગ્યના મધ્યાહ્નના પંથ ઉપરની એક કંટાળા ભરેલી પરંતુ ચૂકવી નહિ જોઇએ એવી માર્ગખાંભી સમી જ દેખાઇ.

ને એની કલ્પનાને પાંખો આવી. એની મહત્ત્વકાંક્ષાઓ આકાશકાયી બની.

ને પરિણામની પરવા ન હોય એવી રીતે સ્વસ્થ ઉતાવળથી એ હવે શું થવાનું છે એની રાહ જોવા લાગ્યો.

બચાવ સમિતિ તરફથી વકીલ રજનીકાંતે મેજીસ્ટ્રેટની અદાલતમાં એવી અરજ કરી કે પોલીસ ડૉકટર પરસોતમને સીધો જેલમાં મોકલી આપવામાં પોતાની ફરજની ઉપરવટ ગઈ છે. પોલીસ કોઇ પણ માણસને પકડે ત્યારે એને ચોવીસ કલાકની અંદર મેજીસ્ટ્રેટ સન્મુખ રજુ કરવાને બંધાયેલી છે, અને કાયદાના વ્યવહાર મુજબ જે કોઈ માણસ સામે વોરંટ નીકળે એ માણસને વોરંટ કાઢનાર મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કરવો જોઇએ અને સદરહુ મેજીસ્ટ્રેટે આરોપીનો ખુલાસો લેવો જોઇએ.

સરકારી વકીલે ઉભા થઇને પ્રતિવાદ કર્યો. એમણે કહ્યું: 'ડૉ. પરસોતમ જેવા આરોપીને માટે એની સામે એમને દલીલ કરવી પડે છે એ એમનું દુર્ભાગ્ય છે. પરંતુ અપ્રિય છતાં અનિવાર્ય એવી એમની ફરજ એમણે બજાવવી જ જોઇએ છે. એ વાત પોલીસના સંતોષપૂર્વક પુરવાર થઇ છે કે, પરસોતમ તુરંગમાંથી નાઠેલો કેદી હતો. એ પણ પુરવાર થઇ ચૂકયું હતું કે પરસોતમને હજી ઘણી વધારે સજા કાપવાની બાકી હતી. હકીકતમાં તો પોલીસે જેલ તોડી નાઠેલા કેદીની જ ગિરફતારી કરી છે અને પરસોતમ ઉપર મુકદ્દમો માંડવો કે નહિ એ જોવાનું કામ પોલીસનું નહિ, પણ જેલ સત્તાવાળાનું હતું. હું શ્રીયુત રજનીકાંતની લડત સમજી શકું છું, પરંતુ કાયદાસરની સ્થિતિ તો આ છે.'

રજનીકાંતે સરકારી વકીલની દલીલનો વળતો જવાબ આપ્યો: ‘સરકારી વકીલ જે કાયદાસરનો રાહ કહે છે એ હકીકતમાં કાયદાસરનો રાહ હોવા વિષે એમને મજબૂત શંકા છે. પોલીસે પરસોતમની ગિરફતારી કરી ક્યાં ? પોલીસે પરસોતમની ગિરફતારી કરી ત્યારે રીતસર કાઢવામાં આવેલા વોરંટથી કરી હતી કે નહિ ? પોલીસે ગિરફતારી કરી હતી તે જેલ સત્તાવાળાઓની ફરિયાદ ઉપરથી કરી હતી કે પોલીસને પોતાને મળેલી બાતમી ઉપરથી ? જેલસત્તાવાળાઓએ પરસોતમની જાત–Indentibication–પોલીસની સમક્ષ પરસોતમની ગિરફતારી પહેલાં નક્કી કરી હતી ?’ એમની દલીલ એ હતી કે પોલીસે પોતાને મળેલી સીધી બાતમી ઉપરથી તેને જાતે મેજીસ્ટ્રેટ પાસેથી વોરંટ મેળવીને જ પરસોતમની અટકાયત કરી હતી.

સરકારી વકીલે કહ્યું : ‘સવાલ તો એ છે કે પરસોતમ પોતે નાઠેલો કેદી છે કે નહિ ? પરસોતમની સજા બાકી છે કે નહિ ? પરસોતમે પોતે પોલીસને એવી કબૂલાત આપી છે અને હું મારા મિત્રને સીધો સવાલ પૂછું છું કે પરસોતમ જેલમાંથી નાઠેલો કેદી છે કે નહિ ?’

મેજીસ્ટ્રેટ વચમાં પૂરાયા. સરકારી વકીલ આરોપીના વકીલને આવો સવાલ ન પૂછી શકે. એ સવાલ બરાબર નથી.

રજનીકાંતે કહ્યું : ‘સરકારી વકીલ જે પ્રશ્નો ઉઠાવે છે એના જવાબો હું આપું છું. પરસોતમે પોલીસમાં કબૂલાત આપી છે. પરંતુ જ્યાં સુધી પરસોતમ એ કબૂલાતને અદાલતમાં કબૂલ ન રાખે ત્યાં સુધી એ કબૂલાત એને દોષિત ઠરાવવામાં વાપરી શકાય નહિ. વળી મારો બીજો વાંધો એ છે કે પરસોતમને આ અદાલત સમક્ષ રજુ કરવાનો વાંધો હજી યે જેલ સત્તાવાળા લઇ શકે, પરંતુ પોલીસ લઇ

જ ન શકે. સામાન્ય શહેરી અને પોલીસ વચ્ચેના તમામ વ્યવહારો એક મેજીસ્ટ્રેટ સમક્ષ નિર્ણય પામવા જોઇએ છે.'

મેજીસ્ટ્રેટે કહ્યું : 'મી. દેસાઈ! પોલીસે જે વોરંટ આ અદાલતમાંથી કઢાવ્યું છે, એ પાછું ફરશે કે નહિ? અને ન ફરે તો તમારા મત મુજબ ક્યાં જશે ?'

'પોલીસ કાગળો કરશે એની સાથે એ આપની અદાલતમાં આવશે જ ને!'

'એ કાયદા મુનાસબ નથી.' રજનીકાંતે કહ્યું: 'પ્રત્યેક વોરંટ આરોપી સાથે પાછું ફરવું જોઇએ.'

સરકારી વકીલે કહ્યું: 'પોલીસ જાતે આ મામલામાં પરસોતમ પ્રત્યે કશી જ કિન્નાખોરી નથી બતાવતી. એમને એમ કરવાની જરૂર પણ નથી. પોલીસને પોતાને કાયદાસર લાગ્યું તે જ કર્યું છે.'

'કાયદાસરના જ્યારે સવાલમાં પડે ત્યારે એનો નિર્ણય કોણ કરે?' રજનીકાંતે પૂછ્યું.

મેજીસ્ટ્રેટે કહ્યું: 'મી. મહેતા! તમે શું માગો છો?'

'પરસોતમને આ અદાલતમાં આપની હજૂરમાં ખડો કરવો જોઇએ.'

'બરાબર. પછી?'

'અમે એનો બચાવ કરવાના છીએ.'

'પણ મુકદ્દમો શો છે?'

'પરસોતમ નાઠેલો કેદી છે એમ પોલીસ કહે છે. અમે એમ પુરવાર કરવા માગીએ છીએ કે પરસોતમ નાઠેલો કેદી નથી.'

'ઓહ. આઈ સી. તમે વોરંટ ઉપર જ લડવા માગો છો?'

'જી. હા.'

'તમારે કાંઇ કહેવું છે. મી. દેસાઇ?' મેજીસ્ટ્રેટે પૂછ્યું.

'પરસોતમ નાઠેલો કેદી છે એ હકીકત છે.'

'પણ એ તો તમારે પુરવાર કરવાની વીગત છે.' મેજીસ્ટ્રેટે કહ્યું.

'બધા જાણે છે હવે.'

'પણ અદાલત ગામની અફવાને લક્ષમાં લઇ ન જ શકે.'

'આ તો સાહેબ! જેલ સત્તાવાળાનો મુકદ્દમો પોલીસે લડવો એવી વાત છે.'

'પણ એ કાંઇ પરસોતમનો દોષ છે?' મેજીસ્ટ્રેટે કહ્યું: 'અને જેલસત્તાવાળા કાંઇ કરતા નથી એ હકીકત મર્મસૂચક પણ કેમ ન હોય?'

'મેં જે કહ્યું છે' શ્રી. દેસાઇએ કહ્યું: 'તેથી મારે વિશેષ નથી કહેવાનું. મારી પેશગી તો એ છે કે એક નાઠેલા કેદીને જેલસત્તા-વાળાને સુપ્રત કર્યા પછી પોલીસની ફરજ પૂરી થાય છે.'

'પોલીસ જાતે ને જાત જવાબદારીએ નાઠેલા કહેવાતા કેદીને વોરંટથી પકડે ત્યારે પણ?' શ્રી. રજનીકાંત મહેતાએ કહ્યું.

મેજીસ્ટ્રેટે હુકમ આપ્યો કે: 'જેલસત્તાવાળાઓએ પરસોતમને અદાલતમાં રજુ કરવો.'

વળતે દિવસે અગિયાર વાગે આખી અદાલત ચિકાર ભરાઇ ગઈ હતી. સંભાવિતો, તમામ અદાલતના મકાનમાં હાજર રહ્યા હતા. અનેકાનેક ગરીબ સ્ત્રીઓ અને પુરુષો અને વિશાળ લોકસમુદાય અદાલતના મકાન બહાર જમા થયો હતો.

અને જ્યારે ડૉક્ટર પરસોતમને કેદીના પોષાકમાં અદાલતી જેલમાંથી અદાલતમાં લાવવામાં આવ્યો, ત્યારે સર્વત્ર મૂક વેદના ભરી શાંતિ છાઈ. આવો માણસ જેલમાં! આવા પોષાકમાં! હજારોના જાન બચાવનાર, લોકોપકારક નાગરિક પોલીસના પહેરામાં! કોઈ કાંઈ બોલી શક્યું નહિ.

પરસોતમનો ચહેરો પુલકિત થયો. પોતાની નિષ્કામ સેવાનો બદલો લોકોએ બતાવેલા ચાહમાં જાણે એને મળી ગયો. એક ક્ષણ પોતે જીવન અને જેલ વચ્ચેના ફંટાતા દ્વિમુખી રસ્તા ઉપર છે એ ભાન એ ભૂલી ગયો. એક ક્ષણ પોતે કોઇ મહા કાર્યની મજલ કાપતો હોય એવી એને ભ્રમણા થઇ.

પરસોતમની આંખો આ આખાયે સમુદાયમાંથી બે આંખોને શોધતી હતી. ક્યાં હશે એ ચમકતી આંખો? ક્યાં હશે એ શાનદાર ચહેરો?

આખરે ઢૂંઢતી એની આંખોએ નીલમને પોતાના પિતા અને ભાઇ પાસે બેઠેલી જોઇ. નીલમ એની સામે જોઇ રહી હતી.

મેજીસ્ટ્રેટને આવવાને વાર હતી અને પરસોતમ આરોપીઓને બેસારવાના પીંજરામાં હતો. નીલમ ઉભી થઇ. બહાર સરી ગઇ.

પીંજરાના સળિયાની સામે બાજુ ઉભી રહીને એ પરસોતમ સાથે વાત કરવા લાગી. અદાલતના સિપાઇ પહેરેગીરે પોતાનું મુખ ફેરવી લીધું. અદાલતના શિરસ્તદારે નજર ફેરવી લીધી. પ્રેમીઓને મન સર્વસ્વના સાર રૂપ અને અન્યોને મન તદ્દન નિરુપયોગી એવી વાતો એ બન્નેએ કરી. ક્યાંય સુધી કરી. ફરી ફરીને તેઓ એકની એક વાત કરતાં હતાં, એનું એમને ખ્યાન નહોતું રહ્યું કે નહોતું રહેતું.

'યાર ઇતના ધાંધલ ક્યા હે આજ ?' એક જામીન કેસના આરોપીએ બીડીનો ધૂમાડો કાઢતાં બીજાને પૂછ્યું. પોતાની બાજુમાં જ બેઠેલા આરોપીને કારણે એ બધું ધાંધલ છે, એ જાણીને એને સાચે સાચ અચરજ થયું.

'યાર તુમને કીયા હે ક્યા ? કોઇ શેઠિયાકા કે અફસરકા ખૂન ખૂન કીયા હે ? કીયા હે ક્યા ?' ખૂન અથવા તો કોઇ એવા જ મુકદ્દમાના આરોપી સિવાય બીજો કોઈ આરોપી આટલું બધું 'ધાંધલ' મચાવી ન શકે એવી પતીજ એના અવાજમાં હતી.

આખરે મેજીસ્ટ્રેટ સાહેબ આવ્યા અને અદાલતનું કામ કાજ શરુ થયું.

સરકારી વકીલે વોરંટ બતાવ્યું. પરસોતમની પોલીસ કબૂલાત રજૂ કરી અને પરસોતમને સાક્ષીના પીંજરામાં દાખલ કરવાની માગણી કરી.

રજનીકાંતે એ સામે વાંધો લીધો: 'પોલીસે પોતાનો મુકદ્દમો પુરવાર કરવો જોઇએ.'

'પણ Exactly mr. Mehta. what is the case ?' [મુકદ્દમો કયો છે મી. મહેતા ?] સરકારી વકીલે પૂછ્યું: 'મને કાંઇ જ સૂઝ નથી પડતી.'

'That's a starange admission from a Public Prosecutor.' [સરકારી વકીલ માટે આ એકરાર વિચિત્ર કહેવાય.] મી. દેસાઇએ હસીને કહ્યું.

'વિચિત્ર હો કે ન હો. પણ જે અમારે પુરવાર કરવાનું છે એ ખુદ આરોપીનો જ એકરાર કહેશે. એ સિવાય તો પોલીસે એની ગિરફતારી કરી છે. બીજું શું છે ?'

'બીજું છે. We what a straight Case. [અમારે સીધો મુકદ્દમો જોઇએ છે.] એ કેમ ચલાવવો એ તો તમારે જોવાનું છે. જે વોરંટ તમે કાઢ્યું છે એના ઉપર તમારી પાસે કેસ ન હોય તો તમારે વોરંટ રદ કરીને આરોપીને બંધન મુક્ત કરવો જોઇએ.'

'I see. તમારે પરસોતમ જેલમાં હતો. જેલમાંથી નાસી ગયો છે. એની સજાની મુદ્દત બાકી છે. પોલીસે એને પકડ્યો છે.

'—વોરંટ ઉપર.'

'આ વોરંટ એ જ અમારી ભૂલ થઇ દેખાય છે.'

'એ વોરંટ જ અમને આ કેસ લડવાની તક આપે છે ને?'

'પણ તમે શું પુરવાર કરવા માગો છો ?'

'એ તો અમારે જોવાનું છે.'

મેજીસ્ટ્રેટે કહ્યું: 'મી. દેસાઇ! બચાવ વિષેની વિગતો તમે પૂછી ન શકો.'

'પણ નામવર! તો તો મારે વખત જોઇએ.'

'તો આરોપીને જામીન ઉપર છોડવો જોઇએ.'

'હું દિલગીર છું પણ મારે જામીનની અરજી સામે થવું પડે છે.'

મેજીસ્ટ્રેટે કહ્યું: 'મી. મહેતા! આરોપીને અદાલતી જેલમાં રાખવામાં આવે તો તમને શો વાંધો છે? આરોપીને જામીન ઉપર

છોડવાનું એક માત્ર કારણ એના બચાવની તજવીજનું છે. પરંતુ એ તો તમે કરી શકો એમ હો તો એક ગુંચવણ ભર્યા પ્રશ્નનો એ રીતે અંત લાવી શકાય.'

'મને હરકત નથી સાહેબ! પણ ત્યાં એની મુલાકાત માટે શું?'

'એ પ્રબંધ થઇ શકશે. હું ધારું છું કે આ સામે સરકારી વકીલને કોઈ વાંધો નહિ હોય?' મેજીસ્ટ્રેટે મી. દેસાઇ સામે જોઇને પૂછ્યું.

'મારે કશો જ વાંધો નથી, એટલું જ નહિ પણ અમે મી. મહેતાને ખાતરી આપીએ છીએ કે અમે સર્વ શક્ય રીતે આરોપી પ્રત્યે હમદર્દ છીએ. તમને પોતાને આ વાતથી જેટલું દુઃખ થયું છે એટલું જ અમને પણ છે. અમારી ફરજ કડવી છે, એટલે હું તો મી. મહેતા માગતા હોય તો વધુ તપાસ માટે અદાલત પાસેથી આરોપીનો કબજો માગવાને પણ તૈયાર છું, અને આરોપીના હાથ મુચરકા અને મી. મહેતાના શબ્દો પર એને છૂટથી ફરવા દેવાને પણ તૈયાર છું.'

'આપનો અહેસાન થયો.' મી. મહેતાએ કહ્યું: 'પરંતુ આરોપીને જો અદાલતી જેલમાં રાખવામાં આવે તોએ અમારે કબૂલ છે. એથી મારો અર્થ સરશે.'

સાંજના છએક વાગે એક ભભકાદાર મોટર ખૂબખૂબ વેગથી નદીના કાંઠા ઉપર આવેલાં લીલાં હરિયાળાં ખેતરોની કિનારી ઉપરથી પસાર થતા શાહી રાજમાર્ગ ઉપર દોડતી જતી હતી.

એ મોટર શહેરના એક ધનવંત મીલમાલેકની હતી. અને એની અંદર નીલમ, શરત, રજનીકાંત અને અદાલતનો બેલીફ એટલાં બેઠાં હતાં.

અદાલતના બેલીફના હાથમાં શહેર મેજીસ્ટ્રેટનો પરસોતમને કાચી જેલમાં ફેરવી નાખવાનો હુકમ હતો. અને કાચી જેલમાં પરસોતમનાં સુખસગવડની તમામ તજવીજ કરીને નીલમ અને શરત પરસોતમને પાકી જેલમાંથી લઇ જવાને માટે તે તરફ જઇ રહ્યાં હતાં.

જેલ સુપ્રિન્ટેન્ડેન્ટના હાથમાં બેલીફે જ્યારે અદાલતી હુકમ મૂકયો ત્યારે એ અમલદારની જેલની અમલદારીની થિજવટ જરા હળવી બની.

એણે નીલમ સામે જોયું અને કહ્યું: 'આ હુકમ જોઇને હું ઘણોજ ખુશ થયો છું. હું ઇચ્છું છું કે તમારો પ્રયાસ ફત્તેહમંદ નીવડો.'

નીલમ જવાબમાં હસી. એના હૃદયમાં શ્રદ્ધા હતી. 'આટલા આટલા અને આવા આવા માનવીઓ જેના છૂટકારાને અભિવંદનીય

લેખે છે એ માણસ જેલમાં કેમ રહી શકે? જેલમાંથી છોડાવતાં શું વાર થવાની? એ શ્રદ્ધાની પ્રતિભા એના ગોરા વદનનને કોઈ અનોખા નૂરથી છાઈ દેતી હતી.

જેલ સુપ્રિન્ટેન્ડેન્ટ સમજ્યો. એણે જરાક સ્મિત કર્યું. જેલ સાથે રોજ કામ પાડનારા, તમામ કેદીઓથી માંડીને તે સુપ્રિન્ટેન્ડેન્ટો સુધીના નાનામોટા તત્ત્વજ્ઞાનીઓ જ હોય છે.

'બહેન!' એણે કહ્યું: 'નિશ્ચયે માનજો કે વહેલા યા મોડા પણ આખરે સમાજનો અંતરાત્મા જાગે જ છે અને જાગીને પોતાની હસ્તી પૂરવાર પણ કરે છે.'

સુપ્રિન્ટેન્ડેન્ટ જેલ ઉપર આવ્યો અને એના આદેશથી જેલના દરવાજા ઉઘડ્યા. એ પોતાના દફતરમાં ગયો. અને પોતાના જેલરને બોલાવ્યો. સુબેદારને બોલાવ્યો. સુબેદારને પરસોતમને હાજર કરવાનો હુકમ આપીને સુપ્રિન્ટેન્ડેન્ટે કહ્યું:

'આ બધું તદ્દન બરાબર તો નથી જ. હકીકતમાં અમારે જ પરસોતમને કાચી જેલમાં મૂકવા જવા જોઇએ.'

નીલમને કાંઇક અંતરાયની, કાંઇક રૂકાવટની ગંધ આવી. એના ચહેરા ઉપર છાયા વળવા માંડી.

'પણ' સુપ્રિન્ટેન્ડેન્ટે એ છાયાના જવાબમાં કહ્યું: 'તમારા માન અને ઉત્સુકતાની ખાતર હું...Well... સુબેદાર એકલા તમારી સાથે કાચી જેલ સુધી આવે તો હું માનું છું કે તમને વાંધો નહિ હોય.'

'જરા પણ નહિ.' રજનીકાંતે જવાબ આપ્યો: 'અમે સુબેદાર સાહેબને પાછા અહીં મૂકી પણ જઇશું.'

'બરાબર છે.'

પરસોતમને લઇને સુબેદાર આવ્યો.

પરસોતમ એક પાકા કેદીને છાજે એવા પોષાક સાથે એવી અદબ કરીને ઊભો રહ્યો. કેદીની આંખો સદા જમીન ઉપર જ ચોંટેલી હોવી જોઈએ છે.

'મી. પરસોતમ ! તમને અદાલતી જેલમાં ફેરવવાનો હુકમ આવ્યો છે. હું ધારું છું કે તમારી મુક્તિના પથની એ એક મજલ છે. તમને એ રીતે હું અભિનંદન આપું છું.'

જેલરના હુકમથી સુબેદારે પરસોતમનાં મૂળ કપડાં શોધી આપ્યાં. પરસોતમને એક બાજુની ઓરડીમાં જઈને એ પહેરી લેવાનું ફરમાવવામાં આવ્યું. પરસોતમે એ પહેરી લીધાં.

જેલરે અને ઍલીફ પરસ્પર કાગળોની કાંઈક આપલે કરી ને કાંઈક સહીઓ કરી; પરંતુ એ નિયમપૂજાની વિધિમાં કોઈ અન્યને ખાસ રસ નહોતો.

એ બધી વિધિઓ થઈ રહી અને આખરે જેલના દરવાજા ઉઘડ્યા.

'બધા સામાન્યતઃ કહે છે કે આવજો. અમે કહીએ છીએ કે આવશો નહિ.' જેલરે હસીને વિદાય આપી.

પરસોતમ મોટરમાં બેઠો. જેલની બંધિયાર હવાને એ ફેફસાંમાંથી નીચોવી નાંખતો હોય એમ એણે દીર્ઘ નિઃશ્વાસ મૂક્યો, અને જીવનમાં ફરીવાર નહિ જોવાનો હોય એવી તટસ્થ આંખે એણે જેલની તોતીંગ ને વર્ષોના ટાઢ તડકા ને વરસાદના ઝપાટાઓથી કાળી પડેલી દિવાલોને જોઇ લીધી.

મોટર ચાલી.

પરસોતમે રજનીકાંત સામે જોયું. રજનીકાંતે કહ્યું: 'તમારે કાંઇ ચિન્તા નથી કરવાની. બધું બરાબર જેમ ચાલવું જોઇએ એમ જ ચાલે છે. અત્યારે તમે કાચી જેલમાં રહેશો, ને બેચાર દિવસમાં તો તમે છૂટા થઇ જશો, અને તમારા કરતાં કોઇ પણ માણસ છૂટાપણાને વિશેષ લાયક નથી!'

પરસોતમ હસ્યો. નીલમ હસી. બન્નેના હાથો સામસામા દબાયા.

કાચી જેલ એ તો જાણે શહેરનું જાત્રાધામ સમું થઈ પડયું. બચાવને અંગે વકીલ અને વકીલની સાથે ગમે તે માણસ પરસોતમની મુલાકાત લઇ શકતા હતા. પરસોમ છૂટીજ જવાનો છે એ ગણતરીએ કાચી જેલનો જેલર પણ પરસોતમ પ્રત્યે શિસ્તનો આગ્રહ નહોતો દાખવતો.

વળતે દિવસે અગિયાર વાગ્યાથી અદાલતમાં જબરી ભીડ જામી. સારાયે શહેરના ગરીબ અને શ્રીમંત લતાઓમાં સર્વત્ર એક જ પ્રકારનો તરવરાટ હતો. સર્વત્ર એક પ્રકારનો ક્ષોભ જાણે વ્યાપી રહ્યો હતો.

ગરીબોના લતામાં કેવળ ઉદ્વેગ જ હતો. એમને મુકદ્દમાના પરિણામ વિષે આશંકા રહેલી હતી. કોરટનું કામ ને વકીલોની પંચાત એ બેમાં સરવાળે શું બહાર આવશે એની એમને નિશ્ચયાત્મક કલ્પના નહોતી. આવા અશરાફ માણસ ઉપર આવી પડેલી વિપદ ઉપર એમના દિલમાં દાહ જલતો હતો. એમાંથી કોઇ બચાવ–સમિતિનો સભાસદ ન હોવા છતાં વધારેમાં વધારે મનોવેદના ત્યાં હતી.

શ્રીમંતોના લતાઓમાં ક્ષોભ હતો એ બીજાજ પ્રકારનો હતો. પરસોતમ નાઠેલો કેદી હોય અને કોઈ મહા ભયંકર કાર્ય માટે કેદમાં ગયો હોય એ એમને અવાસ્તવિક નહોતું લાગતું. સામાન્ય સંયોગોમાં

એવો માણસ જેલમાં જ હોવો જોઇએ એ વિષે પણ એમના દિલમાં શંકા ન હતી. પરંતુ પરસોતમે પૈસા એકત્ર કર્યા છે, એ શ્રીમંત થયો છે, બાહોશ ડૉકટર છે, જાહેર પ્રજાહિતના કાર્યમાં રસ લ્યે છે અને એકંદરે એ કુપાત્ર નથી, એથી કરીને વ્યકિતગત રીતે એનો કિસ્સો સામાન્ય કિસ્સાઓ કરતાં અલાહેદો તારવવો જોઇએ એમ એમની માન્યતા હતી. સમાજ તરફ શુભ રીતે વર્તનાર ઇસમ સમાજની શુભેચ્છા ઉપર ભરોસો રાખીને સ્વસ્થ રહી શકવો જોઇએ. અને ગમે તેવો અધમ માનવી પણ જીવવાને માટે તક માગવા ને મેળવવાને હક્કદાર છે. પ્રત્યેક શ્રીમંતની દોલતની પાછળ એક કે અનેકવાર જાહેર અથવા છૂપી નૈતિક કે કાયદાગત ગુનાખોરીનું કાંઈક ને કાંઈક તત્ત્વ તો હોય જ છે, એને કારણે સમાજની શુભેચ્છાના વધારેમાં વધારે દાવાદાર કોઇ હોય તો શ્રીમંતો જ છે.

પરસોતમની બચાવસમિતિમાં આ વર્ગના જ ઘણાખરા સભ્યો હતા. એમાંના ઘણા પ્રમાણિકપણે પરસોતમમાં શ્રદ્ધાવંત હતા. અલબત એવા પણ હતા કે જેઓ ખાનગી વાતોમાં પરસોતમ આવો જ કોઈ ભેદી પુરુષ હોવાની પોતાને પ્રથમથી જ ગયેલી આશંકાની વાતો કરતા હતા. કેટલાક એવાયે હતા કે જેઓ પરસોતમને જાહેર હિતનાં કાર્યોમાં પ્રથમથી જ શકની નજરે જોઈ રહેલા હોવાનું આજે ગુમાન ધરતા હતા.

અને એ બે પ્રવાહોમાં શ્રીમંતોનો પ્રત્યક્ષ નહિ પરંતુ અંતર્ગત એક પ્રવાહ એ પણ હતો કે શ્રીમંતોની શ્રી ધારે તો સત્તાની શિસ્તને અને કાયદાના અક્ષરોને પણ ઉથલાવવા શકિતમંત છે કે નહિ એની કસોટી કરી લેવી.

જીજિવિષા આ રીતે એક માનવીની આસપાસ ઝંઝાવાતે ચડી

હોય એમ અદાલત આખી ને અદાલતનું મેદાન હજારો માનવીઓનાં ટોળાંથી આવરાઇ ગયું હતું.

એમ ને એમ બાર વાગ્યા. રજનીકાંત, સરકારી વકીલ, પરસોતમ વગેરે આ ન્યાયના મેદાનના જોદ્ધાઓ આવી ગયા. એક વાગ્યો ને મેજીસ્ટ્રેટ આવ્યા.

સોઈ પડે તો સંભળાય એવી સૂની શાંતિ છવાઇ. અદાલતનું કામ શરુ થયું હતું.

સૌથી પહેલા સરકાર પક્ષના સાહેદ તરીકે પોલીસ ખાતાના ફોજદાર આવ્યા. એમણે પોતાની જુબાનીમાં કહ્યું કે: વિશ્વાસપાત્ર સ્થળેથી મળેલી બાતમી ઉપરથી એમણે મેજીસ્ટ્રેટ પાસેથી ખાસ વોરંટ મેળવીને આરોપી પરસોતમની ગિરફ્તારી કરી હતી. ગિરફ્તારી કરવાને માટે પોતે ગયા ન હતા, પરંતુ પોતાના જમાદારને એમણે મોકલ્યો હતો. આરોપીની ગિરફ્તારી થયા બાદ સરકારી જેલમાંથી બે કેદીઓ પાસે એની પોલીસ ચોકીએ ઓળખ કરાવવામાં આવી હતી. આટલી વિધિ બાદ એમણે પોતાના હોદ્દાની રૂઇએ પોતાના ઉપરી અમલદાર સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબને ખબર આપી હતી. ખબર આપ્યા પછી ત્રણ કલાકે હુકમ મળ્યો હતો કે પોલીસે આરોપીને જેલ સત્તાવાળાને સોંપી દેવો. આરોપી નાસી ગયા પછી તત્કાળ જેલ સત્તાવળા તરફથી પોલીસની મદદ માગવામાં આવી હતી. તેનો તુમાર પોલીસ દફતરે છે.

ઉલટ તપાસમાં ફોજદારે કહ્યું કે: વોરંટ અમને મળેલી બાતમી ઉપરથી જ કાઢવામાં આવ્યું હતું. જેલ સત્તાવાળાઓએ વોરંટ માગ્યું નહોતું કે અત્યારે પોલીસ મદદ માગી નહોતી. પોલીસે પોતાની જવાબદારી ઉપર જ કામ કર્યું હતું. નાસી ગયેલા આરોપીની ફરી ગિરફ્તારી કરાવવા બાબત જેલ સત્તાવાળાઓએ કહેવું જોઇએ એમ નથી. એકવાર જેલ તરફથી ખબર મળે પછી પોલીસ નાસેડુ કેદીને

ગમે ત્યારે પકડી શકે. આરોપી સામે પોલીસમાં આ સિવાય બીજા કોઇ પણ પ્રકારના ગુના માટે કદિ ફરિયાદ નથી થઇ. આરોપી જનસેવાના કાર્યમાં રસ લ્યે છે એવું પોતે સાંભળ્યું છે. આરોપી બાહોશ તબીબ છે એ પણ પોતે જાણે છે. આરોપીના ચારિત્ર્ય માટે પોલીસને કશું પક્ષાપક્ષમાં કહેવાનું નથી.

બીજા સાહેદ પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ આવ્યા. એમણે જણાવ્યું કેઃ આરોપીની ગિરફ્તારીના સમાચાર અમને ગિરફ્તારી પછી જ મળ્યા હતા. પોલીસ જો સ્પષ્ટ બાતમીની સામે ચૂપ રહે તો પોતાની ફરજમાં ચૂકી ગણાય. એમણે કાયદેસર સલાહ લઈને જેલ ખાતાના ઈન્સ્પેક્ટર જનરલને આરોપીની ગિરફ્તારીની વાત જણાવી હતી. અને જેલને એનો સીધો કબજો સોંપવાનો એમણે જ ફોજદારને હુકમ કર્યો હતો.

ઉલટ તપાસમાં એમણે જણાવ્યું કેઃ જેલ સત્તાવાળાઓને આરોપીની સીધી સોંપણી કરવામાં એમનો હેતુ આ કિસ્સાની પ્રસિદ્ધિ બને એટલી ઓછી થાય એ જોવાનો હતો. પોતે સ્વીકારે છે કે આ આખોય કિસ્સો કમનસીબ છે. એમને ગિરફ્તારી પહેલાં ખબર પડી હોત તો એમણે જેલ સત્તાવાળાઓ સાથે ચર્ચા કરી હોત. એ ચર્ચા કેવા પ્રકારની હોત એ વિષે તે અત્યારે કાંઈ કહી શકે નહિ.

ત્રીજા સાહેદ તરીકે પાકી જેલનો એક કેદી આવ્યો. એમણે જણાવ્યું કેઃ એનું નામ પાંચા નાગા હતું. એને ખૂનના કેસમાં સજા થઈ છે. એ જેલમાં કેદી–દરોગો બન્યો હતો. આરોપી સાથે પોતે બે વર્ષ રહ્યો છે. જેલમાં મુલાકાત થયા પહેલાં અને પછી એની અને આરોપીની મુલાકાત કદિ થઈ નથી. આરોપી સાથે એને કોઈ અદાવત નથી. આરોપીને પોલીસ–ચોકીમાં એને બતાવવામાં આવ્યો હતો. અને એણે તરત જ ઓળખી કાઢયો હતો.

ઉલટ તપાસમાં સાહેબે જણાવ્યું કેઃ એને જ્યારે આરોપીને પોલીસ–ચોકીમાં બતાવવામાં આવ્યો હતો ત્યારે પોલીસ–ચોકીમાં ફોજદાર અને પોલીસના સિપાઇઓ સિવાય બીજું કોઇ નહોતું. બીજું કોઇ નહોતું એટલે કે એની સાથે બીજા કેદીને લાવવામાં આવ્યો હતો તે તો હતો જ, પણ પોલીસના કે કેદીના પોષાક પહેરેલું એવું બીજું કોઈ નહોતું. પોતાને ખૂનને માટે ફાંસીની સજા થયેલી, પણ પાછળથી એ સજા ફેરવીને જન્મકેદની સજા કરવામાં આવી છે. આરોપીની જેલમાં ભલા માણુસ તરીકે ને વરધી કરનાર કેદી તરીકેની આબરૂ હતી. પોતાને એક બૈરી ને પાંચ છોકરાં છે. છોકરાં નાનાં છે. પોતે સાધનસંપન્ન માણુસ નથી. મજૂર માણુસ છે. એની બૈરી છોકરાંને લઇને એની મુલાકાતે આવે છે. એક મુલાકાત દરમિયાન એની બૈરીએ એને કહેલું કે એની અને બાળકો વિષેની પોતે ચિન્તા નહિ કરવી, કેમ કે એમને દર માસે થોડીઘણી મદદ મળે છે ને ઘેર બેઠાં કરી શકાય એવું કામ પણ મળે છે. ડૉકટર પરસોતમ નામના શહેરના એક પરોપકારી દાક્તર એને આ બધી મદદ કરે છે. પોતાના જેવા એક રખડતા મને નકામા માણુસના કુટુંબને એની પીઠ પાછળ આવી મદદ મળે એ કેવળ ઈશ્વરી કૃપા જ ગણાય. આરોપી અને ડૉકટર પરસોતમ બે એક જ માણુસ છે એની એને ખબર નહોતી. ખબર હોત તો આરોપીને એક નાસેડુ કેદી તરીકે પારખવાને બદલે ગમે તેવી આકરી સજા સહન કરત અને એ સજા સહન ન થાત તો આપઘાત કરત.

અત્રે સાક્ષી પાંચા નાગા રડી પડતાં એની ઉલટ તપાસ બંધ કરવામાં આવી. ક્ષણભર અદાલતમાં ગમગીન શાંતિ છવાઈ ગઈ.

ત્યાર બાદ સરકારી જેલનો કેદી પઠાણુ રમઝાન આવ્યો. મૂળ તપાસમાં એણે જણાવ્યું કેઃ સરકારી જેલમાંથી અમને પોલીસ

ખટારામાં બેસારીને શહેરની પોલીસ ચોકીએ લઈ જવામાં આવ્યા. પાંચા નાગાને એ ઓળખતો હતો. એ એની સાથે હતો. પોલીસ ચોકીએ ફોજદાર અને સિપાઇઓ હતા, બીજું કોઈ નહોતું. એણે આરોપીને ઓળખ્યો હતો. આરોપી અને પોતે એક બરાકમાં સૂતા હતા. આરોપી જેલમાં મૂંગો ને મહેનતુ કેદી ગણાતો હતો. આરોપીને જેલમાં એક બે વાર કારકૂની આપવામાં આવી હતી, પણ એણે લીધેલી નહિ. જેલમાંથી નીકળતી વખતે એમને કહેવામાં આવેલું નહિ કે એક નાસી છૂટેલા કેદીને ઓળખવા માટે એમને લઈ જવાનો છે.

ઉલટ તપાસમાં સાક્ષીએ કહ્યું કે: પોતે પઠાણ છે પણ એનું કુટુંબ વર્ષોથી આ દેશમાં વસવાટ કરે છે. આરોપીની સાથે એને કશી જ અદાવત નથી. આરોપીને જેલ બહાર એ કદિ મળ્યો નથી. પોતે ચોરીના અને મારફાડ અને મનુષ્યવધ કરવાના ગુન્હા નીચે જેલમાં આવ્યો છે. પોતાની પાછળ વૃદ્ધ પિતા અને એક બાળક પુત્રને એ મૂકી આવ્યો છે. એને ઓરત તો હતી પણ બિમાર રહેતી હતી અને એના જેલમાં આવ્યા પછી ગુજરી ગઇ છે. એની ઓરતને ગુજરી ગયે બેએક વર્ષ થયાં હશે. એનો પિતા અને પુત્ર એની મુલાકાતે આવે છે. એના પિતા બહુ વૃદ્ધ અને અંધ છે. એક મુલાકાતમાં એના પિતાએ એને કહેલું કે એની ઓરત બીમારછે; પણ એની ચિન્તા નહિ કરવી. એક ઘણા જ ભલા ડૉકટર એની વગર પૈસે માવજત કરે છે. એક બીજી મુલાકાતમાં એમણે કહેલું કે ઓરત ડૉકટરની રાત દિવસની મહેનત છતાં ગુજરી ગઇ છે, પણ એના કફન દફન સંબંધે ડૉકટરે સારો બંદોબસ્ત કર્યો છે. પછીની એક મુલાકાત દરમિયાન એમણે કહ્યું કે તમારે બહારની ચિન્તા નહિ કરવી, કેમકે એમને એક જગ્યાએથી મદદ મળે છે ને છોકરાને મદ્રેસામાં તાલીમ લેવાને પણ મોકલવામાં આવે છે. એના જેવા એક

નાચીજ અને બદબખ્ત માણુસને આવી ગયબી મદદ મળે એ કેવળ માલિકની જ મહેરબાની ગણાય. મદદ કરનારનું નામ ડૉકટર પરસોતમ હતું. એને જો એવી જરા યે ખબર હોત કે આરોપી અને ડૉકટર પરસોતમ એ બે એક જ માણુસ છે તો એ કદિયે એને ઓળખત જ નહિ. એને ઓળખે છે એમ કહે તો લોક એના નામ ઉપર થૂંકે, ને એ ખુદાનો ચોર થાય. એને ઓળખ્યો છે એ સાચું છે, પણુ એ સાચનો એને હજાર જૂઠાણાં કરતાં વધારે રંજ થાય છે. જેલ એ જીવતી કબર છે, એમાં કોઇ સારા માણસનું કામ નથી.

સરકાર પક્ષના સૌથી છેલ્લા સાહેદ તરીકે જેલર આવ્યા. એમણે જેલના દફતરમાં આરોપીનું કેદી તરીકે દાખલ થયેલું નામ બતાવ્યું. એ નામ સામે 'નાસી ગયો છે. એવી ટીકા પણુ એણે બતાવી. પોતે આરોપીને પારખતા હોવાનો ઇન્કાર કર્યો. પોતે તો હજી નવા જ નિમાઇને આવ્યા છે એટલે આ આખો યે બનાવ એમની ગેરહાજરીમાં બન્યો છે.

અત્રે સરકારી સાક્ષીના પૂરાવા બંધ થયા. માજીસ્ટ્રેટે આરોપી સામે તહોમતનામું ફરમાવ્યું. તહોમતનામું ફરમાવ્યા પછી એમણે આરોપી સામે જોઇને પૂછ્યું: 'તમારા સામે આ અદાલતે તોહમતનામું ફરમાવ્યું છે. તમારે કાંઈ કહેવું છે ? તમે આ ગુનો કર્યો છે કે નહિ ?'

'મેં એ કાર્ય કર્યું છે, પરંતુ એમાં ગુનો હોવાનું હું નથી માનતો.' આરોપીએ સ્પષ્ટ જવાબ આપ્યો.

આખી અદાલતમાં શાંતિ છવાઇ રહી. આરોપીએ તો ગુનાનો એકરાર કર્યો કે શું ?

'તમારે તમારો બચાવ કરવો છે ?'

'હું આરોપીનો વકીલ છું અને અદાલતને જણાવું છું કે આરોપીનો બચાવ કરવાનો છે.' આરોપીના વકીલે વાત ઉપાડી લીધી.

'બરાબર. તમારે મુદત જોઇએ છે ?'

'જી. ના.'

'બહુ સારું. તમારે કોઇ સરકારી સાહેદને ફેરતપાસ માટે બોલાવવા છે ?'

'જી. ના !

'તમારે કોઇ બચાવના સાહેદો રજૂ કરવા છે ?'

'જી. ના.'

'ત્યારે ?' મેજીસ્ટ્રેટે આરોપીના વકીલ મી. રજનીકાંત સામે જોઇને પૂછ્યું.

'અમે સરકારપક્ષનો જ પુરાવો સર્વાંગ સ્વીકારીએ છીએ.'

મેજીસ્ટ્રેટને બચાવની આ રીત તદ્દન જ નવી લાગી. જે પુરાવા ઉપર એમણે તહોમતનામું ફરમાવ્યું છે એ પુરાવાને બચાવપક્ષ સર્વાંગ સ્વીકારી લ્યે છે !

'Yes...સારું...' મેજીસ્ટ્રેટ જેનો કશો અર્થ ન થાય છતાં અદાલતી શિસ્ત જાળવી રાખે એવી રીતે બોલ્યા.

'હું એ પુરાવાનો અર્થ-વિસ્તાર કરવા માગુ છું.' મી. રજનીકાંતે કહ્યું.

'પણ એ તો દલીલો થઇ.' સરકારી વકીલે વચમાં ઉભા થઇને કહ્યું.

'તમારે એના જવાબમાં શું કહેવાનું છે મી. મહેતા ?'

રજનીકાંત મહેતાએ કહ્યું : 'સાહેબ ! એને આપ દલીલો તરીકે લેખો તો પણ મને વાંધો નથી. ખરી રીતે આરોપીના વકીલના નિવેદન તરીકે એને લેખવું જોઇએ.'

'આરોપીએ પોતાનું નિવેદન કરી લીધું છે. એમણે ગુનો કબૂલી લીધો છે.' સરકારી વકીલે કહ્યું.

'આરોપીએ ગુનાની કબૂલાત નથી કરી. એણે એ કાર્ય કર્યું છે એમ એ કહે છે. એ એટલું પણ કહે છે કે એ કાર્યમાં ગુનો હોવાનું એ માનતો નથી. મારે આરોપી વતી એ કાર્યમાં ગુનો કેમ નથી એ બતાવવું છે.'

મેજીસ્ટ્રેટ જરા હસ્યા: 'મને લાગે છે કે મી. મહેતા તમે 'ટેકનીકલ' તફાવત આગળ કરો છો. તમારે જે કાંઇ કહેવું હોય એ તમે દલીલોમાં કહી શકો છો ને દલીલો ઉપર સમયનું બંધન પણ કાંઇ નથી.'

'મારું નમ્ર નિવેદન એનાથી ઉલટું છે. આરોપીના વકીલ તરીકે દલીલ કરતાં હું પુરાવાની બહાર ન જઇ શકું. અને આરોપી વતી આરોપીના પ્રતિનિધિ તરીકે અદાલતમાં નિવેદન પેશ કરવામાં હું સર્વ કાંઈ ઉલ્લેખ કરી શકું.'

'કેસને લગતી વાતો ન હોય એનો પણ ?' સરકારી વકીલે પૂછ્યું.

‘ ના. કેસને લગતી બાબત ન હોય એનો ઉલ્લેખ તો ન જ થઈ શકે એ તો દેખીતું છે. ’

‘ તમારે કાંઈ વાંધો છે મી. પબ્લીક પ્રોસીક્યુટર ? ’ મેજીસ્ટ્રેટે પૂછ્યું.

I am prepared to let mr. Mehta have his way. [મી. મહેતા કરે એ કરવા દેવાને હું તૈયાર છું.]

‘ Right. મી. મહેતા તમે આગળ ચલાવી શકો છો. ’

અને મી. મહેતાએ આરોપી વતી આરોપીના નિવેદનના સ્વરૂપમાં બોલવા માંડ્યું.

મોતીકઢા મરજીવાની આગ્રહી શાંતિની જેમ, એક પણ શબ્દ ન ખોવાય એવી સરવી શાંતિ અદાલતમાં છાઇ ગઇ. આરોપીના વકીલ મી. રજનીકાંત ઉભા થયા અને બોલવા લાગ્યા:

'નામદાર ન્યાયાધીશ સાહેબ ! આજે અહીં મારી ફરજ મને સાચે જ કડવી લાગે છે. એથીયે એ વિશેષ કડવી ફરજ આપની છે. કાયદાના શબ્દોની પરસ્તીમાં જૈફ બનવા આવેલો હું વકીલ, આજે એવા જ કાયદાપરસ્ત આસન ઉપર બેસનારા આપની સામે કાયદાના શબ્દાર્થના ભંગનો બચાવ કરવા ઉભો થયો છું. એક ઘડીભર જમાના જૂના ચિલ્લાઓ મારી પાસે ચાતરાવનારને "બેવકુફ' 'મૂર્ખ' 'પાગલ' વગેરે વિશેષણોથી નવાજવાનું મને દિલ થઈ જાય છે.' એક ક્ષણ કાયદામાંથી લૂણ મેળવેલું લોહી નસેનસમાં ચિત્કારી ઉઠે છે: 'રજનીકાંત ! રજનીકાંત ! જેણે કાયદાનો ભંગ કર્યો છે એનો તું બચાવ કરે છે ? તારી ધીકતી કમાણી સામે એક નજર નાંખ; મોજમજાહ ને ગુલતાન કરતાં તારાં બાળકો ઉપર નજર નાંખ; તારી પ્રતિષ્ઠા અને તારી ઇજ્જત, તારી ગાડી અને તારી વાડી ઉપર નજર નાંખ; એમને લીલાં રાખનાર, તાજાં રાખનાર અન્નપૂર્ણા સમા કાયદાની તારે આરતી ઉતારવી જોઈએ, એને બદલે એક જેલ તોડીને નાસી ગયેલા માણુસનો તું પક્ષકાર બન્યો ? ભલા પક્ષકાર બનવું, જોઇએ કે, વકીલાત કરવી તે તારો રોટલો છે, પણ તું તારા

અંતઃકરણથી પણ એ માણસની તરફદારી કરે છે ? એમાં કાયદા પ્રત્યે બેવફાઈ નથી ?

'પણ નામદાર ! પ્રત્યેક વકીલના અંતરમાં એની આખીયે કારકીર્દી દરમિયાન એકવાર સવાલ જાગે છે કેઃ તું કેવળ વકીલ જ છે કે ઇન્સાન પણ છે ? પ્રત્યેક કાયદાપૂજક માનવીના અંતરમાં એકવાર સવાલ જાગે છે કેઃ કાયદો માણુસ મા છે કે માણુસ કાયદા માટે છે ?'

'આરોપીને સજા થયેલી હતી એ વાત સાચી છે. એ સજા કેવા સંયોગોમાં થઇ એ હકીકત આખીયે કરુણ છતાં પણ આ સ્થાને અપ્રાસ્તાવિક છે. આ સ્થાને એ વિગતો અપ્રાસ્તાવિક છે એ ખરેખર દુઃખની વાત છે. ગમે તેમ પરંતુ આરોપીને સજા ફરમાવાઇ હતી. એ ફરમાવાયેલી સજા આરોપીએ પૂરી ભોગવી નહિ. આરોપી જેલમાંથી નાસી ગયો. એ દુઃખદ કથા છે છતાં એ સાચી છે.

'આરોપીને થયેલી સજાનો હેતુ શો હતો ? એ સજા આરોપીને કેવળ દંડ આપવા હતી ? આરોપીએ પોતાના લાંબા ભૂખમરાને કારણે ચોરી કરી, એ ચોરી પ્રત્યે સમાજ કેવળ કિન્નાખોર બનવા માગતો હતો કે આરોપી ફરીવાર ચોરી ન કરે એવો એને બોધપાઠ આપવા માગતો હતો ? એમાં એમની મિલકતની રક્ષાની દૃષ્ટિ હતી કે આરોપીને સુધારવાની દૃષ્ટિ હતી ?

'આરોપી જેલમાંથી નાસી ગયા પછી એક પ્રતિષ્ઠિત નાગરિક તરીકે રહે છે. વધારેમાં વધારે માણસોને એ વધારેમાં વધારે ઉપયોગી થઇ પડે છે. એ પોતાના જેલવાસી સાગરીતોનાં કુટુંબોને ભૂલતો નથી. એમને શોધી શોધીને મદદ આપે છે. શહેરની જનતાને એ ઉપયોગી થઈ પડે છે. એની કેટલીયે સેવાઓ આપણા શહેરની સુધરાઇના અને સ્થાનિક સરકારના દફતરે નોંધાઇ છે. સવાલ એ છે કે આરોપીએ

કરેલી નિષ્કામ સેવાઓ આરોપીને સુધરી ગયેલો બતાવે છે કે નહિ? આરોપીએ પ્રથમ ગુનો પણ કોઇ દુષ્ટ સ્વભાવની પ્રેરણાથી કર્યો ન હતો એમ મારું કહેવું છે. પરંતુ એવી રીતે પણ એણે એ ગુનો કર્યો હોય તોયે એણે સમાજને પૂરું વળતર આપ્યું છે કે નહિ?

'એક દલીલ એમ કરી શકાય કે સામાન્ય અને સાર્વજનિક શિસ્તને ખાતર, જેમાંથી અનેક બૂરાં વસ્તુઓ જાગવાની સંભાવના હોય એવી એક સારી વાતને પણ જડમૂળમાંથી ઉખેડી નાંખવી જોઇએ. બૂરાઇનાં બીજ ન ફાલે એટલા માટે સારપને પણ સ્થિર થવા દેવી જોઇએ નહિ. આ પ્રકારની સાર્વજનિક શિસ્તના હિમાયતીઓને એમ કહી શકાય કે સૌથી પહેલાં તો તમે તમારા અથવા તમારા આપ્તજનને માટે જ એવા સંયોગો કલ્પો. આ સમાજની રચના એવી થતી હોય કે જેમાં પેટને માટે ચોરી કરવાની, પ્રાકૃતિક હાજતોને માટે અપ્રમાણિક માર્ગો અખત્યાર કરવાની જરૂરત ન રહે, તો બેલાશક આપણે નચિંત મને ચોરી કરનારાઓને સખતમાં સખત સજા ને ઉગ્રમાં ઉગ્ર રોષવૃત્તિના પાત્ર બનાવી શકીએ. કેમકે તેવા સંયોગોમાં જે ગુનો બને છે એનો કોઇ બચાવ નથી.

'પરંતુ જે સમાજમાં બહારની શિસ્ત જાળવવાને અર્થે હજાર આડકતરી બૂરાઇઓ નિભાવી રાખવાની જરૂરત પડતી હોય, જે સમાજમાં બૂરાઇ અને અનર્થના પણ ચીલાઓ કાયદા જેટલા જ રૂઢ હોય, ત્યાં કાયદાએ કોને સાથ આપવો જોઇએ છે? કાયદો ગુનાહિત કૃત્યને સજા કરે એ બરાબર છે. માત્ર એ કૃત્યના એક પ્રકારને જ એ સજા કરે અને બીજા પ્રકારને એ આડી આંખે જુએ એ દુરસ્ત નથી.

'નામવર! ફરિયાદપક્ષની જ બધી જુબાનીઓ અમે સ્વીકારીએ છીએ અને એજ વસ્તુઓ અમારા બચાવમાં અમે રજૂ કરીએ છીએ. એમાંથી વસ્તુસ્થિતિ શું ફલિત થાય છે એ આપ જુઓ. આરોપી જેલ

તોડીને નાઠો, પછી તે છૂપો રહેતો નથી. સમાજને કોઇ રીતે ભયરૂપ થઈ પડતો નથી. સમાજને એ શકય એટલો તમામ રીતે મદદગાર થાય છે. પોતાની ધંધાદારી લાયકાતથી વ્યકિતઓ પાસેથી એ જેટલું રળે છે એનો મોટો હિસ્સો એ વ્યક્તિને પરત કરે છે અને આજે આપણા શહેરમાં વ્યક્તિને માટે સાચેસાચ જો કોઇ માનવી જીવતો હોય તો તે આરોપી જ છે.

'અને નામદાર! હું એમ પણ કહેવા માગું છું કે આ દુનિયામાં પ્રત્યેક માનવીને સુખ અને સ્વાસ્થ્યનો અધિકાર છે. માનવીને માનવીના હિતાર્થે જીવવાનો મૂળભૂત અધિકાર છે. માનવી પાસેથી એ અધિકાર ઝૂંટવી લેવો એ માતા પાસેથી બાળક છીનવી લેવા જેવો અત્યાચાર છે.

'કાયદો માનવીને અર્થે છે. જ્યાં આત્માની અપેક્ષાએ દેહ વધારે મૂલ્યવાન ગણાય, જ્યાં અર્થની અપેક્ષાએ શબ્દ વધારે આધારભૂત મનાય, જ્યાં ભાવનાની અપેક્ષાએ વાકયો વધારે અમલી મનાય, ત્યાં કાયદો એ કાયદો નથી રહેતો, પરંતુ સમાજની પ્રગતિ રૂકાવટ કરનાર ખડક બને છે.

'આપ નામદારને મારી એ વિનંતિ છે કે આપ આરોપીના કેવળ ભૂતકાળ સામે ન જોશો, વર્તમાનકાળ સામે જુઓ. એની વર્તમાન મહેચ્છાઓ, એની વર્તમાન ઇજ્જત, એનો વર્તમાન મરતબો જુઓ; અને આપ નામદાર એ વાતનો નિર્ણય કરશો કે આવા માણસને જેલમાં પૂરવો એ સમાજને વધારે હિતકર છે કે આવો માણસ જેલમાં હોય તો યે છોડી દેવો એ વધારે હિતકર છે?

'આપ નામદાર એમ ફરમાવી શકો છો કે આરોપીએ પોતાની સજા પૂરી ભોગવેલી ગણવી. આપ નામદાર એમ ફરમાવી શકો છો

કે સ્થાનિક સરકારે આરોપીની બાકીની સજા રદ કરવી. અને આપ નામદાર એમ પણ ફરમાવી શકો છો કે આરોપીએ બાકીની સજા પૂરી ભોગવવી.

'આપ નામદારનો નિર્ણય એક માનવીના કિસ્મત સર્જનારો કે લૂંછનારો બનવાનો છે. સામાજીક શિસ્ત, સામાજીક ઇન્સાફ અને કાનુની ધોરણોની ગંગા વહેતી રહેવાની છે કે બંધિયાર બનવાની છે એ આપના નિર્ણય ઉપર નિર્ભર છે. હું આપ નામદારને માન-પૂર્વક અરજ કરું છું કે આપ આ પ્રશ્નને સંકુચિત નહિ પરંતુ એના વિશાળ સ્વરૂપમાં જોશો અને એને અનુરૂપ ફેંસલો આપશો.'

આરોપીના વકીલનું ભાષણ પૂરું થયું. ત્યાર પછી એનો પ્રતિ-વાદ કરવાને સરકારી વકીલ ઉભા થયા.

સરકારી વકીલે પોતાના પ્રતિવાદમાં લાંબો સમય રોકયો નહિ. હકીકતો અદાલત સમક્ષ મોજૂદ હતી. અદાલત જો આરોપીને બંધનમુક્ત કરી શકતી હોય તો ભવિષ્યમાં કાયદાના વ્યવહારમાં અનર્થ થશે એવી એમણે દહેશત બતાવી. આરોપીનો બચાવ કબૂલ રાખવામાં આવે તો પછી દેશમાં કાયદાનો અમલ કરાવવા માટે કોઈ અદાલતની જરૂર નહોતી રહેતી. કેમકે પ્રત્યેક માણસ કાયદો પોતાના હાથમાં લઇને જ ફરતો થશે. કાયદાના અક્ષર–દેહ અને આત્મા વચ્ચેનો નિર્ણય કોણ કરે ?

આરોપીની દલીલ એવી છે કે ભૂખ્યો માણસ ચોરી કરે, તો ચોરી એને માફ થવી જોઇએ. શુભ દાનતથી કોઈ માણસ પોતે જેને દુષ્ટ માને એનું ખૂન કરે તો એ ખૂનીને માફ કરવું જોઈએ. કોઇ માણસ પોતાને જેલમાં રહેવાને માટે લાયક ના ગણે અને જેલ તોડીને નાસે તો એ એને માફ થવું જોઇએ. શુભ દાનતથી કોઈ પણ વ્યકિત કોઇ પણ સંયોગોમાં કાંઇ પણ કરે તો વ્યકિતસ્વાતંત્ર્યના નામે એને માફ થવું જોઇએ. આરોપીની આ દલીલ છે. એ દલીલ સ્વીકારવાને અશક્ત હોવાનું એમનું દુર્ભાગ્ય છે. ન્યાયાધીશો, વકીલો વગેરેએ બહેતર છે પોતાના ધંધા બંધ કરી દેવા જોઇએ.

સરકારી વકીલનો પ્રતિવાદ પૂરો થયો. બધા અદાલતનો ફેંસલો સાંભળવાને તલપાપડ થઈ રહ્યા.

'મારે ચુકાદામાં કશું લંબાણ કરવાનું નથી. હું દિલગીર છું; પરંતુ આરોપીની વાત સ્વીકારી શકું એમ નથી. હું ઇચ્છું છું કે કાયદાનો ઉપચાર કરવાને માટે અદાલત પાસે કોઈ સત્તા હોત, જો એમ હોત તો આરોપીને અચૂક એનો લાભ મળત. પરંતુ વસ્તુસ્થિતિ જે પ્રમાણે છે તે પ્રમાણે અદાલતનો કાર્યપ્રદેશ કાયદાનો અમલ કરવાનો છે. અદાલતનું કામ કાયદાના યથાતથ્ય ઉપર ચુકાદો લખવાનું કે અભિપ્રાય આપવાનું નથી. પરંતુ કાયદાનો અમલ કરી તે વ્યક્તિના વર્તન પરત્વે નિર્ણય કરવાનું છે. એ વસ્તુસ્થિતિ સાચી છે કે ખોટી અને એ વસ્તુસ્થિતિમાં સુધારો થઇ શકે કે નહિ એ કહેવાનું કામ મારું નથી. કાયદો હયાત છે અને કાયદાનો અમલ થવો જ જોઇએ. આરોપીને બાકીની સજા પૂરી ભોગવવાને માટે જેલમાં પાછો મોકલાવી આપવો. આરોપી નાસી ગયા બાબતનો આરોપ ગંભીર છે. પણ તમામ વસ્તુસ્થિતિ લક્ષમાં લેતાં એ બદલ આરોપીને એક વર્ષની સજા વધારે ફરમાવું છું.'

બધા ચુકાદો સાંભળીને ક્ષણભર સ્તબ્ધ થઇ ગયા. મુકદ્દમો આટલો વહેલો, આટલી સહેલાઈથી અને આવી રીતે અંત પામશે એની કોઇએ કલ્પના નહોતી કરી.

ચુકાદો આપીને ન્યાયાધીશ પોતાની ખાનગી ઓરડીમાં ચાલ્યા ગયા અને અદાલતમાં કોલાહલ થઇ રહ્યો. કોઈ ન્યાયાધીશ ઉપર, કોઇ કાયદા ઉપર, કોઇ સરકારી વકીલ ઉપર, કોઇ બચાવ પક્ષના વકીલ ઉપર, કોઇ આરોપી ઉપર, કોઇ પોલીસ ઉપર કડવી ટીકાઓ કરતું હતું.

અને કોલાહલના પડદાની નીચે પરસોતમને પોલીસ લઇ જતા હતા.

અને બધાથી જુદી ઉભેલી નીલમ હેબતાઇ ગયેલી આંખોએ અને ત્રાસથી થીજેલા ચહેરાએ પરસોતમ ઉપર અનિમેષ નજર નાંખી રહી હતી. એની આંખો તગતગી રહી હતી. એની આખી કાયા તંગ થઇ ગઈ હતી.

પરસોતમે પોલીસના પહેરા નીચે ચાલતાં એની સામે જોઇને વિષાદભર્યું સ્મિત કર્યું. નીલમ એ સ્મિત સામે તગતગ આંખોએ જોઈ રહી–ન હાલી ન ચાલી–કેવળ જોઈ રહી.

પોલીસે બહાર લઈ જઇ પરસોતમને બીજા કેદીઓ સાથે ઉભો રાખ્યો. એના હાથમાં હાથકડી નાંખી. બીજા કેદીઓ સાથે એ હાથકડી લાંબા સળિયાથી બાંધી.

અને એમ પરસોતમ બીજા કેદીઓ સાથે હાથકડીએ બંધાઇને પોલીસોની વચમાં નીચું માથું નાંખીને ચાલ્યો.

હજાર આંખો એના ઉપર મંડાઇ હતી. પરંતુ એની આંખો કોઇના ઉપર નહોતી મંડાઇ.

એકાએક પરસોતમે એક ચીસ સાંભળી. એણે પાછું ફરીને જોયું. નીલમ શરતના ખભા ઉપર માથું નાંખીને હૈયાફાટ રડતી હતી.

પરસોતમના અંતરમાં કાંઇક સૂતેલું જાગ્યું. કાંઈક કંપ એના અંગમાં આવ્યો ને હોઠ પીસીને પરસોતમ પોલીસની પાછળ ચાલ્યો. થોડીવારમાં તો કાચી જેલની ઉંચી દીવાલ આવી. આજ એક દિવસ એને આ જેલમાં રહેવાનું હતું. વળતે દિવસે એને પાકી જેલમાં જવાનું હતું–પાકા કામના કેદી તરીકે–લાંબા વર્ષોની સજા ફરીને ભોગવવાને માટે.

જીવતી કબર જેવી, ભિંજાયેલી નિરાશાનાં જડ અને ભાવહીન ચોસલાં જેવી પાકી જેલના દરવાજા એના માટે ફરીથી ઉઘડયા.

દરવાજા ઉપર એક મોટી ચોપડીમાં એનું નામ લખવામાં આવ્યું અને બીજે દરવાજે ઉઘાડીને એને જેલની અંદર દાખલ કરવામાં આવ્યો.

બીજા દરવાજાની બાજુમાં જ બે ત્રણ સરકારી દારોગાઓ ઉભા હતા. પાસે એક બે કેદી દારોગા ઉભા હતા. આ બધું પરસોતમે પહેલાં જોયું હતું. આજે વર્ષોનાં શહેરી ને સંસ્કારી જીવન પછી બીજીવાર જોયું, અને એની આંખે કમકમાં આવ્યાં. એના અંતરમાં ખૂબ ન્હાનમ, ખૂબ ઓછપ આવી. એની આંખમાં રોષનાં, વિષાદનાં આંસુ આવ્યાં. એ આંસુનાં પાણીથી એનામાં કાંઇક ધોવાતું હતું. એની ખારાશમાંથી એનામાં કાંઇક ખૂંચતું શૂલ કરતું જાગતું હતું. હોઠ પીસીને એ ઉભો રહ્યો.

અને ત્યાં એનાં કપડાં ઉતારી લેવામાં આવ્યાં. એને કેદીની બંડી, તંગડી, લંગોટ ને ટોપી આપવામાં આવ્યાં.

એને જસતનાં ટીન અને પાટ આપવામાં આવ્યાં. હવેથી એને એ વાસણોમાં ખાવાનું હતું, પીવાનું હતું, ધોવાનું હતું. અને લાખો

રૂપિયાની મિલકતની પણ માણુસ જેટલી કાળજીથી ચોકી ન કરે એટલી કાળજીથી એની ચોકી કરવાની હતી.

એની જડતી લેવાઈ. એક લંગોટ 'માત્ર પહેરાવી' ને એને ઉભો રાખવામાં આવ્યો. એના અંગેઅંગને સરકારી દારોગાએ હાથ-વતી ને પોતાના દંડૂકા વતી તપાસી જોયું. રખેને એની પાસે હથિયાર હોય, બીડી હોય, કે પૈસા હોય. રખેને એ કંઈ છુપાવીને જેલમાં લઈ જતા હોય.

અને પછી એને બીજા કેદીઓ સાથે 'કરંટી'–કવોરેન્ટાઇનમાં મોક લાયો.

એ ઉંચી ભેંકાર દિવાલો, મૃત્યુસમ સૂની શાંતિનું થીજાયેલું વાતાવરણ, હિમાઈ ગયેલી વેદનાનું વાતાવરણ, પરસોતમના અંતરમાં શું જાગતું હતું એ પરસોતમ હવે સમજી શકયો. એના અંતરમાં શાપ જાગ્યો હતો. એની બુદ્ધિમાં કિન્નાખોરી જાગી હતી.

'કાયદો કે ન કાયદો, હું અહીં રહીશ નહિ, રહીશ નહિ–ને રહીશ તે દિવસે ફાંસી ખોલીમાં રહીશ.'

જેલને શાપ આપતો હોય, જગતને શાપ આપતો હોય એમ પરસોતમ તીખી ને ઝેરથી સિંચાતી જતી આંખે 'કરંટી'ના ચોકને નીરખી રહ્યો.

ત્રણ વર્ષ વહી ગયાં.

એ ત્રણ વર્ષમાં કંઇ કંઈ પલટાઓ એ જેલમાં થઇ ગયા. જેલર બદલાઇ ગયા. સુપ્રિન્ટેન્ડેન્ટ બદલાઇ ગયા. ને કેટલાયે જૂના કેદી દરોગાઓ બદલાઇ ગયા. ને કેટલાયે નવા કેદીઓ દરોગા બન્યા.

માત્ર એક પરસોતમ પલટાયો નહિ.

જેલજીવનના બીજા હફતાના આરંભમાં નીલમ એને મળવાને આવતી, પરસોતમ જ્યારે જ્યારે એને જેલની જાળીની પાછળ મળતો ત્યારે ત્યારે એને પ્રત્યેક મુલાકાતની ક્ષણેક્ષણે નવી વેદના થતી.

નીલમ આવતી—કોઈ બીજી દુનિયાના ફૂલ જેવી. બહારની દુનિયાની હવા એ પરસોતમનાં કાનમાં અને આંખમાં ફુંકારી જતી. એને જોઈને—એની નાજુક છતાં સશક્ત, એની વિષાદભરી છતાં તંદુરસ્ત રૂપવેલ જોઈને પરસોતમને પુનમની રાતો, વિશાળ નદીના પટો, બાગ—એના જીવનમાંથી ઉડી ગયેલી બધી જ વસ્તુઓ યાદ આવતી. જે દુનિયા એના પગ તળેથી સરકી ગઇ હતી એ દુનિયાની પ્રતિમા એની પાસે હૂબહૂ ખડી થતી.

અને એક દિવસે પરસોતમે નીલમને કહ્યું: 'નીલમ! મારી એક વાત સાંભળીશ?'

'શું ?'

'તું મને હવેથી મળવા ન આવે તો ?'

નીલમ આ માગણી સાંભળી ચમકી: 'કેમ હું આવું છું એ નથી ગમતું ?'

'ના.' પરસોતમે કરડે અવાજે કહ્યું: એનો ક્ષણ પહેલાંનો અવાજ એકદમ કરડો શા માટે બન્યો એ નીલમને ન સમજાયું.

'કેમ નથી ગમતું ?'

'નીલમ ! તું આવે છે એ મને ગમે છે ને નથી ગમતું. એનો ખુલાસો...ખુલાસો બીજો શો હોઈ શકે ?...તોયે...બહાર નીકળ્યા પછી આપણે મળશું ત્યારે કરીશ.'

'હમણાં નહિ ?'

પરસોતમ ઉદ્વેગભર્યા વિચારોમાં પડ્યો હોય એમ થોડી વાર મૂક રહ્યો. પછી બોલ્યો:

'નીલમ ! મારી વાત સાંભળ. મારી સજા લાંબી છે. અખૂટ છે. તને હું હીરની દોરીએ નથી બાંધી રાખવા માંગતો. તું મને વળગી રહે એ બરાબર છે. તું મને વળગી રહેવામાં તારો યુવતીધર્મ માને એ પણ છાજે એવી વાત છે, પણ–મારી સાથે તને વળગાડી રાખવામાં મારો શો ધર્મ હોઈ શકે ? તું સુખ, આરામ, અને નિર્મળ આનંદને ટેવાયેલી અને એને માટે સરજાયેલી વારંવાર ઉંડા ખાડા અને મેલા પાણીમાં નજર નાખે એ મને નથી ગમતું. તું બહાર રહી નવી પ્રીતિ અને નવા સહવાસ કેળવ.'

'પરસોતમ ! તું ગાંડો જ છે.'

'હું હવે તદ્દન ગાંડો જ છું. પણ નીલમ તને હું બેવકુફ કે પાગલ બનાવવા નથી માગતો. તું મને મળવા ન આવીશ. બહાર

તને બીજો કોઈ સુપાત્ર પ્રેમી મળે તો એની સાથે તારા કિસ્મતની નાવડી સાંધી દેજે અને નીલમ...નીલમ...હું... તને આશિષ આપીશ.'

'અરે ગાંડા.........'

'હું ગાંડો હોઉં તો ભલે ગાંડો રહ્યો. પણ...પણ......મારું કહ્યું માનજે. મને તું છેવટ કાંઈ નહિ તો બે વર્ષ સુધી તો નહિ જ મળજે.'

નીલમ ત્યાર પછી એકદમ આવતી તો બંધ થઈ નહિ. પરંતુ ત્યાર પછી પરસોતમે હઠાગ્રહથી નીલમની મુલાકાત લેવી બંધ કરી. એક બે વાર એ બાળા જેલ ઓફીસની બારી આગળ કલાકો સુધી રાહ જોઈ રહી.

અને પછી પરસોતમ એને હવે નહિ જ મળે એવી ખાતરી થઇ ગઈ અને એ આવતી બંધ થઇ.

પહેલા વર્ષના મધ્ય ભાગમાં બનેલો આ પ્રસંગ—આ છેલ્લી મુલાકાત—આજે પરસોતમને યાદ આવ્યો. નીલમ જો એને મળવા આવતી હોત તો આજેજ મુલાકાતનો દિવસ હતો. નીલમ આવી હોત તો પરસોતમ આજે પણ હઠાગ્રહથી એની મુલાકાત નજ લેત. પરંતુ એમ છતાંય જ્યારે જ્યારે એનો દરોગો જરાક પણ નજીક આવતો ત્યારે એ કાન માંડતો. મુલાકાતને માટે એ પોતાનું નામ પુકારે છે ખરો ?

અનેક વખત દરોગો એની પાસે આવ્યો; પણ કોઈ વખત એણે પરસોતમનું મુલાકાતને માટે નામ પોકાર્યું નહિ.

હૃદયમંથનની કડવાશ પરસોતમ પી રહ્યો હતો. નીલમ નહોતી આવતી. પોતે જ એને મુલાકાત આપવી બંધ કરી હતી. બંધ કરવી

જોઈતી હતી. પોતે કેદી હતો. કેદનાં દુઃખો સમજતો હતો. નીલમને શા માટે કેદી રાખવી જોઇએ?

જીંદગીના સર્વોત્તમ એવાં એનાં વર્ષો આ તુરંગમાં જવાનાં હતાં. એ બહાર નીકળશે ત્યારે તો તન અને મનથી ભાંગેલો અને ધને નિર્ધન બનેલો એ નીકળશે. નીલમને શા માટે પોતાની સાથે મદારીના માંકડાની જેમ વળગાડી રાખવી? એના કરતાં નીલમ પોતાને મળતી બંધ થાય, વિસારી દેવાને પંથે પડે, વિસરી જાય, કોઈ નવી મહોબ્બત બાંધે, સુખી થાય........સુખી પ્રેયસી, સુખી પત્ની, સુખી માતા......

પરસોતમ હોઠ પીસી રહ્યો. એણે એક નજર નાંખી. જેલની ઉંચી દિવાલોને એ આંખે જોઇ રહ્યો. એની આંખમાં વીજળી જેવું લોખંડી નીલું તેજ ઝળકી ગયું. પોતાના પોષાક તરફ એની નજર ગઇ.

'જેલ...નીલમ...... સજા...' એ મનમાં બડબડ્યો, અને એના હોઠ દાનવી જોરથી બીડાયા. દાંતો વચ્ચે પિસાયેલા હોઠમાંથી લોહીનાં બિન્દુ નીકળ્યાં.

એક બિન્દુ એના બદન ઉપર પડ્યું.

ને એ એક નજરે–અર્ધપાગલ જેવી અર્ધપાર્થિવ નજરે આસ્માનને તાકી રહ્યો.

'પરસોતમ કૌન હે?' એક અર્ધ કારકૂન ને અર્ધ કેદી જેવા દેખાતા માણસે આવીને બૂમ પાડી.

પરસોતમ ઉભો થયો : 'કેમ ?'

'ચલો જેલર સા'બ બોલાતા હે.'

પરસોતમ પેલા માણસની પાછળ પાછળ ગયો. જેલરની ઓફીસમાં જેલર બેઠા હતા.

'તુમ પરસોતમ ?' જેલરે પૂછ્યું.

'જી હા.'

'અચ્છા સૂનો! જેલકા કાયદા અનુસાર હમ તુમકુ બહાર નહિ નિકાલ શકતે. મગર તુમારી ટીકીટ અચ્છી હે, તો હમ નિકાલતે હે. હ્યાં મોટરલોરી આઇ હે એક. રેલકે સ્ટેશનસે અહીં તક માલ લાનેકે લીયે. તું જાનતે હે મોટર ચલાનેકા કામ. તુમ મોટર ચલાઓ.'

પરસોતમે માથું ધૂણાવ્યું.

'અચ્છા જાઓ. કલસે તુમારા યે કામ હોગા. ઓર સમાલો.'

પરસોતમ પાછો ફર્યો. એના ચહેરાપર સ્મિત ફરી વળ્યું.

એને લાગ્યું કે એની પ્રાર્થના કોઇક પણ સાંભળતું હતું ખરું. કોણ સાંભળતું હતું: ઇશ્વર ? કે શેતાન ? પરસોતમે એની મિમાંસા કરવાની જરૂરત ન જોઇ.

અનાજના થેલાઓ સ્ટેશન ઉપર ઉતર્યા હતા અને મોટર લોરીએ જેલ અને સ્ટેશન વચ્ચે કેટલાય ફેરા કર્યા. આખરે ચારનો સુમાર થયો. જેલ બંધ થવાને થોડી વાર હતી.

હવાલદાર સાહેબ, દરોગા સાહેબ અને બેચાર કેદીઓ રેલ્વની હોટેલમાં ચાહ પીવા બેઠા. પરસોતમ મોટરલોરીમાં હતો. એન્જીનનું ઢાંકણુ ઉઘાડી એ તપાસતો હતો.

એકાએક મોટરનું શાંત એન્જીન ગાજ્યું અને એકાએક ચમકેલા ઘોડાની જેમ મોટરલોરીએ આગળ ફાળ ભરી.

હવાલદાર ચાહનો કપ નીચે મૂકી બૂમ પાડી ઉઠ્યોઃ 'એય ! એય ! ક્યા કરતા હે ઉલ્લુ !?'

પણ મોટરલોરી હવાલદારનો કોઈ જાતનો અભિપ્રાય સાંભળવા ઉભી ન રહી. એ ઝપાટાબંધ આગળ અને આગળ દોડવા લાગી. પરસોતમે હાંકનારની બેઠકમાંથી હાથ લાંબો કરીને હવાલદારને જય જય કર્યા.

એક ક્ષણુ કોઇને કાંઈ સમજાયું નહિ. આખરે કડવી વાતો સમજાવા લાગી. એક કેદી દરોગાએ કહ્યું: 'અરે એ તો નાસી જાય છે મોટર લઇને.'

પછી તો જાણે ઝંઝાવાત ફુંકાયો. એક દરોગો દોડતો જેલ ઉપર ગયો ને તરત જ જેલના ટાવર ઉપરનો ભયનો ઘંટ ચોમેર બુલંદ પડઘા પાડી ઊઠ્યો.

ઝપાટાબંધ બહાર પાટીના બધા કેદીઓને જેલમાં દાખલ કરી દેવામાં આવ્યા. ઝપાટાબંધ જેલની બરાકો બંધ કરી દેવામાં આવી. ઝપાટાબંધ બરાકોમાં કેદીઓની ગણતરી થવા માંડી.

જેલર–ઉતાવળ અને સખતાઇની પ્રતિમા જેવા–આવ્યા. એક સરકારી દરોગો દોડ્યો. તાર ઓફીસે ગયો. લાગતે વળગતે સ્થળે તારો થઇ ગયા.

મોટરલોરીનો પીછો લેવાયો. મેઘાડંબરભરી રાતે જંગલમાં એક ડુંગરાળ ખાડામાં મોટરલોરી ઉંધી વળેલી, અર્ધ બળેલી, અર્ધ ભાંગેલી એમને હાથ આવી. અકસ્માત થયો હશે એમ માનીને તપાસ કરનારાઓએ આસપાસ ખૂબ બારીકીથી જોયું.

પરંતુ પરસોતમ ક્યાંય નહોતો. મોટરલોરી ભાંગી ગઇ હતી. એ અકસ્માત હો કે ઈરાદાપૂર્વકનું હો. પરસોતમ ક્યાંય નજરે ન પડ્યો.

શહેર બહારના પોતાના નાના બાગવાળા મકાનના એક ઓરડામાં નીલમ કાંઈક વાંચતી-જાગતી બેઠી હતી.

આકાશે મેઘ ઘેરાયો હતો ને વીજળીના ચમકાર અંધકારના કલેવરમાં છૂરી હુલાવતા હતા.

કોઈકે બગીચામાં પડતી બારી ઉપર ટકોરા માર્યા. નીલમ ચમકી. બીજીવાર સંભળાયેલા ટકોરાઓએ એ ભ્રમ હશે એવો સંશય ટાળી નાખ્યો. એણે ઉઠીને બારી ઉઘાડી.

બારીમાંથી એણે પરસોતમને ઉભેલો જોયો. એનો ચહેરો અત્યારે ખરેખર બિભીષણ હતો.

'તમે!' નીલમે આશ્ચર્ય બતાવ્યું.

'નીલમ! હું જઉં છું અને જતાં પહેલાં તને એકવાર છેલ્લી નજરે જોઇ લેવાની તમન્ના દાબી દબાવી ન શકયો એટલે......'

'કયાંથી આવો છો? કયાં જાઓ છો? શું કામ જાઓ છો?'

'હું મરેલા જીવનમાંથી આવ્યો છું. જીવતા મૃત્યુમાં જાઉં છું.'

નીલમને પરસોતમ કાંઈક ભ્રમિત થઇ ગયેલા જેવો દેખાયો. શું એની સજા પૂરી થઈ હશે? શું એ જેલમાંથી નાસીને આવ્યો હશે? 'પરસોતમ તમે શું કહો છો?'

'નીલમ!' પરસોતમે ગંભીર અને ભાવહીન અવાજે કહ્યું: 'હવે આપણે ફરી નહિ મળીએ. અને ન જ મળીયે એમાં તારૂં શ્રેય છે. સમાજની અવ્યવસ્થા ઢાંકવાને માટે સમાજની જ્યાં સુધી જેલો હયાત હશે, સમાજની વિવેકશક્તિનો દીવડો બૂઝાવવાને જ્યાં સુધી કાયદાના શબ્દો હશે, ત્યાં સુધી હું નામવાળો ઇન્સાન નથી. પરંતુ નામ વગરનો અવ્યક્ત ને અદ્રષ્ય જીવ રહીશ. હું શું કરીશ એ હું નથી કહી શકતો. પણ...પણ...મારા શુભાશય, મારા મનોરથો,

માટે જે વાતની સમાજને કે સમાજના કાયદાને પડી નથી, તો હું યે હવે કાયદા કે સમાજના શુભાશયની કશી પરવા નહિ રાખું. પહેલી વાર હું જેલમાંથી નાઠો, અને સમાજે જેને જેલમાં નહિ મોકલવો જોઈએ એવો હું સારો શહેરી બન્યો. પરંતુ મારું એ જીવન કાયદાને પોતાના અસમાન પ્રબંધ અને અસમાન દૃષ્ટિ સામે જીવતા જાગતા તહોમતનામાં સમું લાગ્યું. એમની અસમાનતા, એમની અવિવેકી નજરને દાટી દેવાને માટે મને જીવતી કબરમાં ફરીને નાંખ્યો......

પરસોતમ શ્વાસ લેવા થંભ્યો. પછી આગળ બોલ્યો. એનો અવાજ સૂસવતો હતો: 'ના. એવું જીવન મારે નથી જીવવું. એ જીવતી કબરના પત્થર પત્થર ઉધાડીને અંદર દટાયેલા પ્રેતો હું બતાવીશ બહારની દુનિયાને, અને પૂછીશ એને માટે ગુનેગાર કોણ ?' ચોરો અને ખૂનીઓ જેલમાં હજારો હોય છે. આખા હિન્દમાં જેલની સરેરાશ વસતી એક લાખથી તો ઓછી નહિ હોય. જે દેશમાં એક લાખ જેટલા માણસને જીવતા રહેવાને અર્થે ચોરી અને ખૂનો કરવા પડે છે એ દેશનું સમાજતંત્ર કેટલું ગુનેગાર છે !

અંધકારમાં પ્રકાશ થયો; વીજળીનો પ્રકાશ ચોમેર ફેલાયો:

'અહીં અજવાળું છે. ત્યાં અંધારું છે.' પરસોતમે જંગલ તરફ આંગળી ચીંધતાં કહ્યું: 'એ મારો રાહ છે. એ મારું જીવન છે. મારી આશાનો એ અંજામ છે.'

પરસોતમના અવાજમાં કિન્નાખોર સૂર સંભળાયા; વીજળીની પાછળ ભયંકર કડાકો થયો.

'પરસોતમ ! પરસોતમ !' નીલમે બૂમ પાડી. એ બૂમ કડાકાના ગબડતા અવાજની સાથે મળી ગઈ. પરસોતમ જાણે કડાકાના અવાજ સાથે પીગળી ગયો.

'પરસોતમ ! પરસોતમ ! પરસોતમ !' નીલમે તીણી બૂમો પાડી.

પરંતુ પરસોતમ નહોતો.

માત્ર નીલમના અવાજના પડઘા પાછા ફર્યા: 'પરસોતમ ! પરસોતમ !'

લીલાવતી ગ્રંથમાળા

વર્ષ ૧ લું—	કાચું પૂઠું	પાકું પૂઠું
વીરાંગનાઓની વીરહાક	૦-૨॥	
રાસ રમણા [આ. બીજી]	૦-૧૦	
અરક્ષણિયા	૦-૬	
કલ્પનાના પ્રતિબિંબ	૦-૮	
ખાટીમીઠી બાળવાતો	૦-૭	
સમયનાં વ્હેણ	૦-૫	
ગૃહનીતિ	૦-૧૨	૦-૧૪
સોરઠી વિભૂતિઓ	૦-૧૦	૦-૧૨
વર્ષ ૨ જું—		
રેમા બ્હેન	૦-૪	૦-૫
વીરા ફિગનર	૦-૫	૦-૬
રસિયણના રાસ	૦-૧૨	૧-૦
પ્રતિભા	૦-૬	૦-૯
ગૃહશિક્ષા	૧-૦	૧-૪
સીમંતિની	૦-૧૨	૧-૦
ધૂપદીપ	૦-૮	૦-૧૨
વર્ષ ૩ જું—		
કિલ્લેદારની કન્યા	૦-૧૨	૧-૦
સમાજની ભીતરમાં	૦-૧૨	૧-૦
સ્વર્ગની પરીઓ	૦-૧૨	૧-૦
ઉરદાહ	૧-૪	૧-૮
પરણ્યા પછી : ૧ લો	૦-૬.	[illegible]
વર્ષ ૪ થું—		
રાસ કટોરી	૦-૧૨	૧-૦
ગૃહ-લક્ષ્મી	૦-૧૨	૧-૦
પદ્મિની	૧-૮	૧-૮
પૂર્વજોના પાપે	૧-૪	૧-૮
પરણ્યા પછી : ૨ જો	૧-૦	૧-૪
વર્ષ ૫ મું—		
પરણ્યા પછી : ૩ જો	૦-૧૨	૧-૦
સુહાસિની	૦-૧૨	૧-૦
ભજવો નેલે	૦-૧૨	૧-૦
સ્વાર્પણ	૦-૧૨	૧-૦
સેવદાસી	૦-૧૨	૧-૦

નવયુગ પુસ્તક ભંડાર : રાજકોટ